SHREE SYAMJI KRISHNA VARMA B.ED. COLLEGE.

RAJKOT

(Affiliated To Saurashtra University & NCTE)

# CPS-7 ઇતિહાસ પધ્ધતિ

( સેમેસ્ટર-1 )

## એકમ – ૧ માધ્યમિક કક્ષાએ ઇતિહાસ શિક્ષણ અને ધ્યેયો

૧.૧ સંકલ્પના અને અગત્ય

૧.૨ નૂતન અભિગમ

૧.3 સાંસ્કૃતિક વારસાની સમજ

૧.૪ચારિત્ર્ય ઘડતર

૧.૫ રાષ્ટ્રીય એકતા અને આંતરરાષ્ટ્રીય સમજ

## એકમ – ૨ પાઠ આયોજન

૨.૧ માઈક્રોટીચિંગ : સંકલ્પના અને સમજ

૨.૨ હેતુઓ જ્ઞાન, સમજ ઉપયોજન, કૌશલ્ય

૨.3વિશિષ્ટ હેતુઓની રચના

૨.૪ ઇતિહાસ શિક્ષણના અનુદેશાત્મક હેતુઓ

૨.૫ સેતુપાઠ સંકલ્પના, અગત્ય

૨.૬ સેતુપાઠનું આયોજન

## એકમ – 3 ઇતિહાસ શિક્ષણની વિશિષ્ટ પદ્ધતિઓ

3.૧ કથન પદ્ધતિ - પ્રશ્નોત્તરી પદ્ધતિ

3.૨ આધાર પદ્ધતિ

3.3 જીવન ચરિત્ર પદ્ધતિ

3.૪ નિરીક્ષણ અભ્યાસ પદ્ધતિ

## એકમ – ૪ ઇતિહાસ, શિક્ષણના શૈક્ષણિક સાધન

૪.૧ શૈક્ષણિક સાધનોના પસંદગીના સિદ્ધાંતો

૪.૨ ઇતિહાસ શિક્ષણમાં શૈક્ષણિક સાધનનું મહત્વ

૪.3 નકશા, ચાર્ટ્સ, ચિત્રો, સ્લાઈડ્સ, બુલેટિન બોર્ડ

૪.૪ ફિલ્મો, વેબસાઇટ અને બ્લૉગ્સ

૪.૫ શૈક્ષણિક સાધન તરીકે પાઠ્યપુસ્તક નો ઇતિહાસ શિક્ષણમાં ઉપયોગ અને આદર્શ પાઠ્યપુસ્તકના લક્ષણો

# એકમ – ૧ માધ્યમિક કક્ષાએ ઇતિહાસ શિક્ષણ અને ધ્યેયો

## ઇતિહાસનો અર્થ :

'ઇતિહાસ' શબ્દ સંસ્કૃતના ક્રુતિ, હૈં અને આસ એમ ત્રણ શબ્દોનો બનેલો છે. આ શબ્દનો અર્થ 'આમ જ હતું' કે 'આમ જ બનેલું' તેવો થાય છે. ગ્રીક ઇતિહાસકાર હિરોડોટસે પોતે એકત્ર કરેલી સામગ્રી માટે 'હિસ્ટોરિયા' (Historia) શબ્દ પ્રયોજ્યો હતો. ઇતિહાસ માટે અંગ્રેજી શબ્દ 'હિસ્ટ્રી' (History) છે. 'હિસ્ટોરિયા' નો અર્થ 'તપાસ કરવી' કે 'શોધ કરવી' થાય છે. 'હિસ્ટ્રી' શબ્દનું મૂળ ગ્રીક શબ્દ 'હિસ્ટોરિયા'માં રહેલું જણાય છે. ભૂતકાળમાં બનેલી ઘટનાઓમાં સત્યની શોધ કરી તેનું આલેખન કરવું તેનો શાબ્દિક અર્થ અહીં અભિપ્રેત છે. શબ્દકોશ પ્રમાણે આ શબ્દનો અર્થ સાર્વજનિક ઘટનાઓનું વર્ણન કરવું તેવો થાય છે.

**<u>ટૂંકમાં કહીએ તો ઈતિહાસ એટલે</u>**

- માનવ અને માનવસમાજની સાચી બનેલી વાત.
- પ્રમાણભૂત બનાવોનું તટસ્થતાપૂર્ણ વર્ણન
- શોધ (ખોજ-તપાસ), સંશોધનને આધારે થયેલું આલેખન.
- માનવસમાજની વિકાસયાત્રાનું સત્ય આલેખન.
- ભૂતકાળના અનુભવો અને પરિણામોનું બોધ આપતું આલેખન.
- માનવીના વર્તમાન જીવનને સમજવામાં માર્ગદર્શક બનતું આલેખન.
- માનવસમાજે પ્રસ્થાપિત કરેલાં મૂલ્યોનો વ્યવસ્થિત અભ્યાસ.
- ભૂતકાળના અનુભવો દ્વારા વર્તમાનના નિર્માણમાં - સર્જનમાં ફાળો આપતું સામાજિક વિજ્ઞાન.

''પ્રગતિના પંથે પ્રયાણ કરતી માનવ પ્રવૃત્તિઓનું સંશોધન એ ઇતિહાસ''.

આર્નોલ્ડ ટોયન્બી

"ઇતિહસ આપણને સમજાવવા પ્રયાસ કરે છે કે આજે જગત જેવું છે તે કેવી રીતે વિકાસ પામ્યું."

બટ્રાન્ડ રસેલ

## <u>ઇતિહાસની સંકલ્પના :</u>

ઇતિહાસનો વિકાસ જુદા જુદા દેશોમાં જુદા જુદા યુગોમાં ધીરે ધીરે થયો છે. ઇતિહાસનું સ્વરૂપ, તેનું કાર્યક્ષેત્ર અને તેના મહત્ત્વ વિશે કોઈ એક વિચારસરણી જોવા મળતી નથી. વિભિન્ન વિાર સરણીઓને લીધે ઇતિહાસ માટે સર્વસામાન્ય કોઈ એક વ્યાખ્યા કે દૂરભાષા રજુ કરવાનું સંભવિત નથી. જુદા જુદા ઇતિહાસકારો જુદી જુદી પરિભાષ રજૂ કરીને - આપીને ઇતિહાસને સમજાવે છે.

**નીચે ઇતિહાસની વિવિધ પરિભાષણ રજૂ કરી છે**

- સીસીરો (CCC) ના મતે, ઇતિહાસ ખરેખર સત્યનો પ્રકાશ, સમયના સાથી છે.
- સ્કીલર (Schiller) કહે છે કે દુનિયાનો ઇતિહાસ એ દુનિયાનો ન્યાય છે
- મિલર (Miller) ના મતે જીવનનું અધ્યયન એ સમુદ્ર જેવું છે, માલસો આવે છે અને જાય છે, ભરતી અને ઓટા થાય છે અને આ બધા ઈતિહાસ છે.
- રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું કે, અહીં એક જ ઇતિહાસ છે અને તે માનવનો ઇતિહાસ.'
- જવાહરલાલ નહેરુએ કહ્યું કે ઇતિહાસ એ પ્રકૃતિ અને તેનાં તત્ત્વો, જંગલો, પશુઓ અને જંગલો તેમજ સૌથી વધુ કઠિન તો પોતાના જ કેટલાક જાતિભાઈઓ જેઓએ તેમને કચડાયેલા રાખવા પ્રયાસો કર્યા છે તેમની સાથેની માનવીના સદીઓના સંઘર્ષની વાત છે.'
- ડૉ.રાધાકૃષ્ણન જણાવે છે કે, ઇતિહાસ રાષ્ટ્રની સ્મરણશક્તિ છે. રાષ્ટ્રની સમગ્ર પ્રજાની સ્મરણશક્તિ એ જ ઇતિહાસ છે.'

## ઇતિહાસશિક્ષણનું મહત્ત્વ (અગત્ય) :

પ્રાચીન સમયથી ઇતિહાસનો વિષય શીખવાય છે. એ વાત સાચી છે કે જુદા જુદા સમયે ઇતિહાસનું સ્વરૂપ અને તેની શિક્ષણપદ્ધતિમાં પરિવર્તન આવતું રહ્યું છે. ઓગણીસમી સદીમાં ઇતિહાસલેખનને વૈજ્ઞાનિક સ્વરૂપ અપાયું, પરિણામે ઇતિહાસશિક્ષણની પદ્ધતિમાં પરિવર્તનો થયાં. આપણા દેશમાં બ્રિટિશ શાસન હતું ત્યારે શાળાઓમાં યુરોપીય ઇતિહાસને વિશેષ સ્થાન હતું. રાષ્ટ્રીય જાગૃતિના સમયે ઇતિહાસમાં ભારતીય ઇતિહાસને યોગ્ય સ્થાન આપવાની માંગ ઊભી થઈ. આ સમયે પ્રાંતોમાં માધ્યમિક શિક્ષણ બોર્ડની સ્થાપના થતાં ઇતિહાસનો એક ફરજિયાત વિષય તરીકે સ્વીકાર થયો અને પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં ઇતિહાસ શિક્ષણને મહત્ત્વનું સ્થાન મળ્યું.

**નીચેના મુદ્દાઓ ઇતિહાસ શિક્ષણના મહત્ત્વને વિશેષરૂપે સ્પષ્ટ કરે છે** :

**માનવ-વિકાસની કથાની જાણકારી** :

માનવે સાધેલા વિકાસ માટે કરેલા ક્રમિક પ્રયાસોની જાણકારી ઇતિહાસ શિક્ષણ દ્વારા મળે છે. વિકાસ માટે માનવીએ આદરેલા પુરુષાર્થની કથા અત્યંત રોમાંચક અને અદ્ભુત છે. માનવને મળેલી બુદ્ધિશક્તિના બળે માનવીએ કુદરતનાં પરિબળોનો સામનો કર્યો છે. વૈજ્ઞાનિક શોધોને પરિણામે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. માનવે સાહસ કરી મહાસાગરનાં તળિયાં તપાસ્યાં છે, અવકાશના સીમાડા પાર કર્યા છે અને ચંદ્રની ધરતી પર પગ મૂકી માનવશક્તિનો પરિચય આપ્યો છે. માનવવિકાસની આવી રોમાંચક અને અદ્ભુત કથા બાળકોને માનવજાતના પુરુષાર્થથી પરિચિત કરાવે છે. બાળકોના ભાવિ જીવન માટે આ બાબત ઘણી ઉપયોગી બની શકે છે.

**જીવન-ઉપયોગી જ્ઞાનની પ્રાપ્તિ :**

ઇતિહાસનું શિક્ષણ જીવન-ઉપયોગી આપે છે. ગ્રાંટ રોબર્ટસનના મતે 'ઇતિહાસ પોતે જ જ્ઞાનનો ભંડાર છે. બાળક તેની ઇચ્છાનુસાર તેમાં શોધ કરી શકે છે.' ઇતિહાસ એ જીવન અનુભવોની ખાણ છે.
ઇતિહાસનો વિષય સંસ્કૃતિના પ્રારંભથી શરૂ કરી આજદિન સુધીની તમામ હકીકતો રજૂ કરે છે. ઇતિહાસશિક્ષણનું મહત્ત્વ સમજાવતાં એમ.રાબિન જણાવે છે કે, હું બાળકોને સૌથી પ્રથમ ઇતિહાસનું શિક્ષણ આપવાના પક્ષમાં છું. ઇતિહાસથી તેઓને જ્ઞાન અને મનોરંજન પણ મળે છે. ઇતિહાસમાંથી તેઓ બોધ ગ્રહણ કરે છે અને તેમની ભાવનાઓનો વિકાસ થાય છે. તેઓની સ્મૃતિમાં એક પછી એક સત્યો એકત્ર થાય છે, જે તેમના જીવન માટે ઉપયોગી થશે.'

**માનસિક શક્તિઓનું ઘડતર :**

ઇતિહાસના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ માનસિક શક્તિઓનું ઘડતર થાય છે. ડૉ. કે.ડી.ઘોષ જણાવે છે કે, ઇતિહાસ દ્વારા બાળકોમાં જેટલી માનસિક શક્તિઓનો વિકાસ થાય છે તેટલો અન્ય કોઈ વિષય દ્વારા થતો નથી. ઇતિહાસના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્મરણશક્તિ, તર્કશક્તિ, કલ્પનાશક્તિ, નિર્ણયશક્તિ, સમસ્યા-ઉકેલશક્તિ વિકસે છે. આ ઉપરાંત પુરાવાઓ એકત્ર કરવાની, માહિતીનું વર્ગીકરણ કરવાની, માહિતીની ચકાસણી અને પરસ્પર સંબંધના આધારે તટસ્થ નિર્ણય લેવાની શક્તિ વિકસે છે.

**જિજ્ઞાસા સંતોષે છે :**

બાળક સ્વભાવે જિજ્ઞાસુ હોય છે. જેમ જેમ એ મોટું થતું જાય તેમ એની દુનિયા વિસ્તરતી જાય છે. બાળક પોતાના સમાજ અને દેશની ઘટનાઓની જાણકારીથી સંતોષ અનુભવતું નથી. તેને વિશ્વ વિશે જાણવાની

ઇંતેજારી હોય છે. ઇતિહાસ બાળકને સમગ્ર વિશ્વનું દર્શન કરાવે છે. આમ, બાળકની જિજ્ઞાસાને પરિતૃપ્ત કરવા - સંતોષવા ઇતિહાસનું શિક્ષણ ઉપયોગી બને છે.

**સમસ્યા-ઉકેલની દિશા :**

ઇતિહાસ એ ભૂતકાળમાં બનેલી ઘટનાઓનું વર્ણન છે. દરેક ઘટના માટે કેટલાંક કારણો હોય છે અને દરેક ઘટનાનાં પરિણામો પણ હોય છે. કાર્યકારણ સંબંધથી દરેક ઘટના જોડાયેલી હોય છે. એ દષ્ટિએ વિચારતાં એમ કહી શકાય કે ઇતિહાસનું શિક્ષણ કાર્યકારણના સંબંધને સાકાર કરે છે. જયારે ભૂતકાળની આવી ઘટનાઓનું પુનરાવર્તન થાય અને તે સમસ્યારૂપ હોય તો વિદ્યાર્થીઓ સરળતાથી સમસ્યા-પ્રશ્નના ઉકેલની દિશામાં વિચારી શકે છે. તે પરિસ્થિતિ પ્રમાણે સમસ્યાનો ઉકેલ શોધી શકે છે. પ્રો. હેરોલ્ડે જણાવ્યું હતું કે, "બાળક ઇતિહાસના અભ્યાસ દ્વારા બધા ધાર્મિક, રાજનૈતિક અને સામાજિક વિવાદાસ્પદ પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલની ક્ષમતા કેળવે છે – શીખે છે, એટલે કે તેમનામાં સમસ્યા ઉકેલની ક્ષમતા વિક્સે છે.'

**મૂલ્યો વિક્સે છે :**

ઇતિહાસના શિક્ષણ દ્વારા બાળકમાં નૈતિક, સાંસ્કૃતિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય મૂલ્યોનો વિકાસ થાય છે. સામાજિક સંબંધો અને તેની મર્યાદાઓની જાળવણીમાં નૈતિક મૂલ્યોનો મહત્ત્વનો ફાળો હોય છે. ઇતિહાસ મહાપુરુષનાં જીવનના પ્રસંગો રજૂ કરી મૂલ્યોને ઉજાગર કરે છે. એ પ્રસંગો જીવંત ઉદાહરણો પૂરાં પાડે છે અને બાળકોને સમજ અને પ્રેરણા આપે છે. પરિણામે બાળકોમાં ઉચ્ચ નૈતિક મૂલ્યોનો વિકાસ થાય છે.

## ઇતિહાસ- શિક્ષણની સંકલ્પના :

સમગ્ર વિશ્વમાં 19મી સદી પહેલાં ઇતિહાસ-શિક્ષણને અર્થહીન માનવામાં આવતું હતું. યુદ્ધોનાં વર્ણન કે વીરોની યશ-ગાથાઓમાં ઇતિહાસની સમાપ્તિ થતી હોવાનું મનાતું હતું. મચ્છુદ્અંશે આ વર્ણનોમાં દંતકથાઓનો પણ સમાવેશ થતો હતો. ઈંગ્લેન્ડના વડાપ્રધાન રોબર્ટ વોલપોલ, ફ્રાન્સના સરમુખત્યાર નેપોલિયન અને સ્પેન્સર જેવી વ્યક્તિઓએ ઇતિહાસના શિક્ષણને તદ્ન અર્થહીન જાણાવ્યું હતું. નેપોલિયને તો ઇતિહાસની હાંસી ઉડાવતાં કહ્યું હતું કે, "ઇતિહાસ શું છે ? બધાને સંમત હોય તેવી કપોળકલ્પિત વાતો માત્ર જ ને !" ફ્રાન્સના ત્રણ શિક્ષણ નિરીક્ષકોએ અભ્યાસક્રમમાં ઇતિહાસનો સમાવેશ કરવા અંગે આપેલા અભિપ્રાયો નવાઈ પમાડે તેવા છે. એક નિરીક્ષકે અભિપ્રાય આપ્યો કે ઇતિહાસ શિક્ષણ નિરર્થક છે કારણ કે જે વાંચન કરી શકે છે તે જાતે જ ઇતિહાસનો અભ્યાસ કરી શકે છે. બીજા નિરીક્ષકે ઇતિહાસ શિક્ષણને અશક્ય ગણાવ્યું હતું અને ત્રીજા નિરીક્ષકે ઇતિહાસ શિક્ષણને વિદ્યાર્થીઓ માટે હાનિકારક જણાવ્યું હતું. મહાન વિચારક સ્પેન્સરે ઇતિહાસ શિક્ષણ અંગે માર્મિક

ટકોર કરતાં નોંધ્યું છે કે, "જો તમે ઈચ્છો તો ઇતિહાસની વિગતો મનોરંજન મેળવવા વાંચો પરંતુ તે બોધદાયક છે તેવી ખોટી વાત ન કરો."

19મી સદીમાં ઇતિહાસની સંકલ્પનામાં રેન્કે, કોમવેલ અને તિપૂરના વિચારોને કાર? પરિવર્તન આવ્યું. આ વિચાર પરિવર્તનને પરિણામે ઇતિહાસ શિક્ષણનું મહત્વ વધ્યું.

## ૧.૨ નૂતન અભિગમ :

ઇતિહાસ-શિક્ષણના નૂતન અભિગમને સ્પષ્ટ કરતી કેટલીક મહત્ત્વની બાબતો નીચે પ્રમાણે છે :

- ઇતિહાસનો એક સ્વતંત્ર વિષય તરીકે વિકાસ થયો. જો કે આજે એ સામાજિક વિજ્ઞાનનો અંતર્ગત ભાગ બન્યો છે.
- રાજકીય અને યુદ્ધકીય ઘટનાઓના વર્ણનના સ્થાને માનવજીવનનાં વિવિધ પાસાંઓ રજૂ કરવાનો પ્રયાસ થાય છે.
- ઇતિહાસનું આલેખન નક્કર પુરાવાઓના આધારે રજૂ કરાય છે.
- ઇતિહાસનો વિસ્તાર વ્યાપક બન્યો છે. પૃથ્વી પર વસતા વિવિધ માનવસમાજની સંસ્કૃતિના વિકાસને ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન અપાયું છે.
- ભૂતકાળ અને ભવિષ્યના સંદર્ભમાં માનવસમાજના ગત્યાત્મક વિકાસને ઇતિહાસ રજૂ કરે છે. માનવજીવનની વિકાસયાત્રાને સમજવા ઇતિહાસ- શિક્ષણનો સ્વીકાર થયો છે.
- ભૂતકાલીન ઘટનાઓને વધુ નજીકથી અને વધુ વૈજ્ઞાનિક રીતે ઇતિહાસનો અભ્યાસ રજૂ કરે છે. ઇતિહાસનું ધ્યેય રાજકીય અને યુદ્ધકીય ઘટનાઓને સ્થાને માનવજીવનની સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને ધાર્મિક બાબતો રજૂ કરવાનું રહેલું છે.
- વ્યક્તિગત રીતે માનવીએ ભૂતકાળમાં ધાર્મિક કે રાજકીય સત્યો જાળવવામાં જે પ્રયત્ન કર્યો છે, તેને યથાર્થ રીતે ઇતિહાસ વર્તમાનમાં રજૂ કરે છે, ઇતિહાસ સત્યનું દર્શન કરાવે છે.
- સમાજના સામાન્ય માનવીની મહત્ત્વકાંક્ષાઓ, સિદ્ધિઓ, નિરાશાઓ અને નિષ્ફળતાઓને માનવીય રીતે રજૂ કરવાનો ઇતિહાસ-શિક્ષણનો હેતુ રહેલો છે.
- માનવસમાજના વિકાસ સાથે ઇતિહાસ પણ બદલાય છે, ઇતિહાસનું વિષયવસ્તુ બદલાય છે. બનેલી ઘટનાઓ અને બનતી ઘટનાઓના સંદર્ભમાં ઇતિહાસ ગત્યાત્મક વિકાસ રજૂ કરે છે.
- ઇતિહાસ શિક્ષણનો હેતુ જુદા જુદા યુગો દરમિયાન માનવસમાજે વિક્સાવેલ સંસ્કૃતિની સમજ પ્રાપ્ત કરવાનો છે. માનવજાતે સભ્યતા સુધી પહોંચવા કરેલા પ્રયત્નોને ઇતિહાસ રજૂ કરે છે.

- પૃથ્વી પરના નિવાસી માનવીએ સંસ્કૃતિના વિકાસમાં મહત્ત્વપૂર્ણ આપ્યો છે અને તેથી દેશ અને વિશ્વમાં એક્તાની ભાવના કેળવાઈ છે. સાંસ્કૃતિક અને ભાવાત્મક એક્તાની પાયાની સમજ રાજકીય ઇતિહાસના શિક્ષણ દ્વારા સ્પષ્ટ થાય છે.
- આજે માનવજીવનની પ્રવૃત્તિના કેટલાંયે પાંસાઓને આવરી લેતી ઇતિહાસ-શિક્ષણની નવી સંકલ્પના - તેનો નૂતન અભિગમ વધુ ને વધુ વ્યાપક બનાવે છે.

ટૂંકમાં, ઇતિહાસ શિક્ષણમાં માનવ કેન્દ્રસ્થાને આવ્યો છે. હવે ઇતિહાસ એ માત્ર યુદ્ધોની વાત નહીં પણ માનવીના શાંતિ માટેના પ્રયત્નોની વાત છે. ઇતિહાસ એટલે ભૂતકાળના અનુભવોને યાદ રાખવાની વાત છે. આજે ઇતિહાસને માનવી અને સમાજના સાથે સંબંધ છે.

## ૧.૩ સાંસ્કૃતિક વારસાની સમજનું ધ્યેય :

માનવસમાજનો ઇતિહાસ એ જગતની અનેક સંસ્કૃતિઓના ઉદય અને અસ્તનો ઇતિહાસ છે. ઇતિહાસ અને પરસ્પર સંબંધ ધરાવે છે. માનવસમાજના વિકાસ સાથે ક્રમશઃ સંસ્કૃતિનો વિકાસ થયો છે ઇતિહાસ વિવિધ સમયની સંસ્કૃતિનો ખ્યાલ સ્પષ્ટ કરે છે. સંસ્કૃતિ દ્વારા રાજકીય વિકાસ, વિવિધ સંસ્થાઓનો વિકાસ, સમાજવ્યવસ્થા, આર્થિક સ્થિતિ અને ધાર્મિક માન્યતાઓની જાણકારી મળે છે. ઇતિહાસનો અભ્યાસ માનવસમાજે નિર્માણ કરેલ સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય અને કલાના ક્ષેત્રે હાંસલ કરેલ સિદ્ધિઓનો ખ્યાલ આપે છે. ઇતિહાસ એ જ્ઞાનની એવી શાખા છે જેના અભ્યાસ દ્વારા કોઈપણ દેશની સંસ્કૃતિ અને સભ્યતાને સાચા સ્વરૂપે સમજી શકાય છે.

ઇતિહાસના અભ્યાસથી સંસ્કૃતિનો વિકાસક્રમ જાણી શકાય છે. ઇતિહાસ એ માનવ સંસ્કારિતાના વિકાસનાં પરિબળોને સ્પષ્ટ કરે છે માનવ અનુભવોના પૂરંપરાગત વારસાના સર્જનમાં સહાયરૂપ થનાર વિવિધ પરિબળોની સમજ આપે છે. આમ, સાંસ્કૃતિક વારસાની સમજ વિક્સાવવામાં ઇતિહાસ ઘણો જ મહત્ત્વનો ફાળો આપે છે.

ડૉ. એની બેસન્ટ કહે છે કે, “અંગ્રેજોની સભ્યતા અને સંસ્કૃતિ તેમના માટે શ્રેષ્ઠ છે તો ભારતની સંસ્કૃતિ ભારતીય પ્રજા માટે મહાન અને શ્રેષ્ઠ છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો વિકાસ વિશ્વની સમકાલીન સંસ્કૃતિઓની માફક નદીતટે થયો છે. મિસર, મેસિપોટેમિયા, ચીન તથા ભારતની હડપ્પીય સંસ્કૃતિએ વિશ્વને અમૂલ્ય વારસો આપેલ છે. આ સાંસ્કૃતિક વારસાની સમજ દ્વારા વિદ્યાર્થીઓમાં ભાવનાત્મક એક્તા કેળવાય છે.

- સાંસ્કૃતિક વારસાની સમજ વિકસાવવામાં ઇતિહાસ ઘણો જ મહત્વનો ફાળો આપે છે

- મ઼ાનવ સમાજનો ઇતિહાસ એ જગતની અનેક સંસ્કૃતિઓ ના ઉદય અને અસ્તર નો ઇતિહાસ છે ઇતિહાસ અને સંસ્કૃતિ પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે
- માનવ સમાજના વિકાસ સાથે ક્રમશઃ સંસ્કૃતિનો વિકાસ થયો છે
- ઇતિહાસના અભ્યાસથી સંસ્કૃતિનો વિકાસ ક્રમ જાણી શકાય છે
- ઇતિહાસ એ માનવ સંસ્કારીતાના વિકાસ ના પરિબળો ને સ્પષ્ટ કરે છે
- ઇતિહાસનો શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશના અને વિશ્વના સાંસ્કૃતિક વારસા પ્રત્યે ગૌરવ અને સન્માનની ભાવના પ્રગટાવી શકાય છે
- સાંસ્કૃતિક વારસાની સમજ ઇતિહાસ શિક્ષણનું એક મહત્વનું ધ્યેય છે
- ભારતીય સંસ્કૃતિ એક સામાજિક સંસ્કૃતિ છે. સંસ્કૃતિને સમજવાનું એકમાત્ર સાધન હોય તો તે ઇતિહાસ છે.
- ભારતીય સંસ્કૃતિનાં સનાતન મૂલ્યો જેવાં કે સહિષ્ણુતા, સમન્વય, બિનસાંપ્રદાયિક્તા, અહિંસા, પ્રામાણિક્તા અને સત્યનું મહત્ત્વ ઇતિહાસના અભ્યાસ દ્વારા સમજી શકાય છે.

ટૂંકમાં, સાંસ્કૃતિક વારસાની સમજ એ ઇતિહાસ શિક્ષણનું એક મહત્ત્વનું ધ્યેય છે.

## ૧.૪ ચારિત્ર્યનિર્માણનું ધ્યેય :

સાંપ્રત સમયમાં સમાજમાં ચારિત્ર્યની કટોકટી ચરમ સીમાએ છે. વ્યક્તિના ઘડતરની સાથોસાથ સમાજનું ચારિત્ર્ય ઘડતર પણ જરૂરી છે. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. માનવી અને સમાજનો વિકાસ પરસ્પર વિકાસ સાથે સંકળાયેલ છે. માનવી દ્વારા સમાજનો વિકાસ થાય છે અને સમાજ દ્વારા માનવીનો વિકાસ થાય છે. માનવી અને સમાજ પરસ્પર વિકાસમાં એકબીજાના પૂરક છે. ઇતિહાસ વિદ્યાર્થીને માનવ સમુદાયોના સામૂહિક જીવનનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે અને અનુકૂલન સાધી સૌ સાથે તાલ મિલાવીને રહેતાં શીખવે છે. ઇતિહાસ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં માનવીય સંબંધોની સમજદારી વિકસે છે.

ઐતિહાસિક ઘટનાઓ અને પ્રસંગો ચારિત્ર્ય ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે. વિભૂતિઓના જીવનચરિત્રોમાંથી વિદ્યાર્થીઓ પ્રામાણિક્તા, સદાચાર, ઈમાનદારી, શ્રમનિષ્ઠા, સમાજસેવા, સત્ય, નીતિમત્તા, વચનપાલન, સહાનુભૂતિ, સહિષ્ણુતા, જવાબદારીની ભાવના વગેરે ગુણોને ઝીલે છે - તેનુ મહત્ત્વ સમજે છે. આ ગુણોનો વિકાસ એ જ ચારિત્ર્ય (મહાન પુરુષોના સદ્ગુણો પરત્વે અભિમુખતા વિકસે છે અને એનો વિકાસ થાય છે.

- ઇતિહાસ વિદ્યાર્થીને માનવ સમુદાયના સામૂહિક જીવન નું મહત્વ સ્પષ્ટ કરે છે અને અનુકૂલન સાધી સૌ સાથે તાલ મિલાવીને રહેતા શીખવે છે
- ઇતિહાસ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં માનવીય સંબંધોની સમજદારી વિકસે છે

- ઐતિહાસિક ઘટનાઓ અને પ્રસંગો ચારિત્ર્ય ઘડતરમાં મહત્વનો ફાળો આપે છે
- મહાન પુરુષો ના સદગુણો પરતવે અભિમુખતા વિકસે છે અને એનો વિકાસ થાય છે જે ઇતિહાસ શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય
- ઇતિહાસના શિક્ષણ દ્વારા મહાન વ્યક્તિઓ ના સદગુણો રજૂ કરવાથી વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર થાય છે
- દેશના સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસમાં મહાન વ્યક્તિઓનું યોગદાન અમૂલ્ય હોય છે.
- ગાંધીજીએ તો કહ્યું કે, "મારું જીવન એ જ મારો સંદેશ", દરેક દેશમાં વિવિધ સમયે અનેક મહાન વિભૂતિઓએ પોતાના સદ્ગુણોથી, ઉજ્જવળ ચારિત્ર્યથી ઉમદાં કાર્યો કર્યો છે.
- ઇતિહાસના શિક્ષણ દ્વારા મહાન વ્યક્તિઓના આ સદગુણો રજૂ કરવાથી વિદ્યાર્થીઓના ચારિત્ર્યનું ઘડતર થાય છે અને સમાજ પરત્વે ઉત્તરદાયિત્વની ભાવના વિકસે છે.
- ઇતિહાસના અભ્યાસ દ્વારા સનાતન સત્યો અને મૂલ્યોની સમજ કેળવાય છે.
- વિદ્યાર્થીઓ ચારિત્ર્યશીલ બને છે. ચારિત્ર્યશીલ વ્યક્તિ જ ઉમદા જીવન જીવી સમાજનો રાહબર બની શકે છે અને સમાજને ઉન્નતિના માર્ગે લઈ જઈ શકે છે.
- ચારિત્ર્યશીલ વ્યક્તિઓ જ ચારિત્ર્યશીલ સમાજનું નિર્માણ કરી શકે છે.

આ દષ્ટિએ ચારિત્ર્ય નિર્માણ-ઘડતરનું ધ્યેય ઘણું મહત્ત્વ ધરાવે છે. ઇતિહાસ શિક્ષણ આ ધ્યેયની સિદ્ધિમાં અતિ મહત્ત્વનું યોગદાન આપે છે એવું નિઃશંકપણે કહી શકાય.

## **૧.૫ રાષ્ટ્રીય એક્તાનું ધ્યેય :**

કોઈપણ રાષ્ટ્રને સુખી તથા સુરક્ષિત થવા માટેની સૌથી વધુ મહત્ત્વની પૂર્વશરત છે છે - રાષ્ટ્રીય એક્તા. આપણે તેને આંતરિક એક્તા પણ કહી શકીએ. આંતરિક એના એટલે રાષ્ટ્રમાં વસતી પ્રજાનાં ઘટકો વચ્ચે સુમેળ, આજે પ્રજાનાં વિવિધ ઘટકો વચ્ચે વિસંવાદ છે. લોકોનો મોટો ભાગ હવે માનવતાની દૃષ્ટિએ કે રાષ્ટ્રીયતાની દષ્ટિએ નથી વિચારતો. પરંતુ પોતાની કોમની દષ્ટિએ વિચારતો થઈ ગયો છે. આ કોમવાદને પોષનાં સંગઠનો બની રહ્યા છે. રાષ્ટ્રીય એક્તા માટે આ એક ખતરનાક પ્રવૃત્તિ છે. કોમવાદી સંગઠનો ઉપરથી વિકાસનું નિમિત્ત લઈને રચાયાં પરંતુ વાસ્તવમાં અંદરથી તે બધાં અન્ય કોમો પ્રત્યે ધિક્કારભાવ તથા વૈરભાવને પોષતાં હોય છે. અવિશ્વાસ, આક્ષેપો અને પ્રતિઆક્ષેપીથી વાતાવરણ ભૂષિત બને છે.

અંદરોઅંદર ધૂંધવાયેલું વાતાવરણ નાનું મોટું નિમિત્ત બનતાં જ વિસ્ફોટનું સ્વરૂપ ધારણ કરે છે અને પ્રજા-પ્રજા વચ્ચે જવાળામુખી ફાટી નીકળે છે. આજે શાંતિ અને સદ્ભાવનાની આવશ્યક્તા છે. મહાત્મા ગાંધીએ બહુ તપસ્યા કરીને જ એક્તાનો બંધ બાંધ્યો હતો, પરંતુ આ બંધ ધાર્યા કરતાં વહેલો ધોવાઈ ગયો છે. એમાં કોમવાદ, પ્રાંતવાદ, ભાષાવાદનો ફાળો છે. કોમ-કોમ વચ્ચે આગની હોળી પ્રગટે એટલે રાષ્ટ્ર છિન્ન-ભિન્ન થઈ જાય.

- કોઈ પણ રાષ્ટ્ર ને સુખી તથા સુરક્ષિત થવા માટેની સૌથી વધુ મહત્વની પૂર્વ શરત છે રાષ્ટ્રીય એકતાથી થાય છે
- જે.એસ બ્રૂબેકર નામના તત્વચિંતક એ નોંધ્યું છે કે રાષ્ટ્રીયતા સાધારણ રીતે દેશ પ્રેમ કરતા વિશાળ અર્થમાં દેશભક્તિનો નિર્દેશ કરે છે
- ભારત લોકશાહી દેશ છે લોકશાહી ત્યારે જ સફળ થાય જ્યારે દેશના પ્રત્યેક નાગરિકની નસેનસમાં દેશ પ્રેમ રહેતો હોય અને દેશ પ્રત્યેની વફાદારી હોય જે ઇતિહાસ શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે
- રાષ્ટ્રીય એકતા ધ્યેયથી એક્તાની ભાવના કેળવવામાં ઇતિહાસનું શિક્ષણ મહત્ત્વનો ફાળો આપે છે.
- રાષ્ટ્ર ભાવના ને વરેલી પ્રજા રાજકીય, આર્થિક અને સામાજિક ક્ષેત્રે ઝડપથી પરિવર્તન લાવી શકે છે જે ઇતિહાસ આની ગવાહી પૂરે છે
- રાષ્ટ્રીયતાની ભાવનામાં દેશપ્રેમ, ભક્તિ અને વફાદારી વણાયેલી છે. રાષ્ટ્રીયના દેશની પ્રજામાં એક્તાની ભાવના પ્રગટાવે છે.

ટૂંકમાં, રાષ્ટ્રમાં એકતા અને શાંતિ જાળવવા માટે રાષ્ટ્રીય એકતાનું ધ્યેય હોવું જરૂરી છે જે ઇતિહાસના શિક્ષણથી મહત્ત્વનો ફાળો આપે છે.

## ૧.૫ આંતરરાષ્ટ્રીય સમજનું ધ્યેય :

વિજ્ઞાનની આશ્ચર્યજનક શોધો અને ટેક્નોલોજીના વિકાસને પરિણામે વિશ્વ એક નાનું ગામ બની ગયું છે. ભૌગોલિક દષ્ટિએ વિશ્વના વિવિધ દેશો વચ્ચેનાં અંતર ઘટી ગયાં છે, પરંતુ બે વ્યક્તિના હ્રદય વચ્ચેનાં અંતર વધી ગયાં છે. વિજ્ઞાને વિશ્વને ભયજનક પણ બનાવી દીધું છે. આપણે વીસમી સદીમાં થયેલાં બે વિશ્વયુદ્ધોના વિનાશક પરિણામો ભોગવ્યાં છે. આ યુદ્ધોએ પ્રતીતિ કરાવી છે કે સંકુચિત ઉગ્રવાદ અને રાષ્ટ્રવાદને દૂર કરી પ્રેમ, દયા અને સહાનુભૂતિ પર આધારિત માનવસંબંધો વિક્સાવવા એક વિશ્વની રચના ઇચ્છનીય છે.

આંતરરાષ્ટ્રીયતાની ભાવના વિશ્વબંધુત્વની ભાવના પર આધારિત છે. વિશ્વના દેશો પરસ્પર સહઅસ્તિત્વને સ્વીકારે, સહાનુભૂતિભર્યા સહકારથી સંબંધો દૃઢ બનાવ તથા વિશ્વકલ્યાણને અવરોધતી સમસ્યાઓના ઉકેલમાં સદ્ભાવનાપૂર્વકનું વલણ દાખવે ત્યારે વિશ્વકુટુંબની ભાવના વિક્સે છે. ભારતની સંસ્કૃતિએ 'વસુધૈવ કુટુમ્બકમ્'ના

આદર્શને સ્વીકાર્યો છે. વિશ્વમાનવ પ્રત્યેક માનવીનું કલ્યાણ ઇચ્છે છે. નાગરિક બની માનવ-માનવ વચ્ચે પ્રેમ અને ભાઈચારો સ્થાપવા પ્રયત્ન કરે કહેવાય છે. આવી એ આંતરરાષ્ટ્રીય સમજ કહેવાય.

યુનેસ્કોના ખરડામાં જણાવાયું છે કે, "યુદ્ધો મનુષ્યના મનમાં પેદા થાય છે, તેથી મનુષ્યના મનમાં જ શાંતિના કિલ્લાઓ – સંરક્ષણો રચાવાં જોઈએ." આ વિધાન વિશ્વની પ્રજામાં આંતરરાષ્ટ્રીય સમજ કેળવવાની જરૂરિયાત સ્પષ્ટ કરે છે.

- આંતરરાષ્ટ્રીય સમજ વિકસાવવા ઇતિહાસનું શિક્ષણ અન્ય વિષય કરતા વિશેષ મહત્વનું છે
- વિશ્વમાનવ પ્રત્યક્ માનવીનો કલ્યાણ ઈચ્છે છે માનવી વિશ્વ કુટુંબ નો સાચા અર્થમાં નાગરિક બની માનવ માનવ વચ્ચે પ્રેમ અને ભાઈચારો સ્થાપવા પ્રયત્નો કરે છે આજે જીવો અને જીવવા દો નહીં પરંતુ અન્યને જીવાળવા જીવો વિકસાવવાની જરૂર છે
- ઇતિહાસ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જે સદગુણો અને મૂલ્યો વિકસાવવામાં આવે તે વિશ્વ શાંતિ સ્થાપવામાં જરૂરી બને છે
- 21 મી સદી તાણ, તણાવ અને ચિંતાની સદી છે. નાગરિકમાં આંતરરાષ્ટ્રીય સમજના અભાવે આજે સર્વત્ર અશાંતિ છે.તે થી આંતરરાષ્ટ્રીય સમજ દ્વારા જ શાંતિ આવી શકશે
- ઇતિહાસ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જે સદ્ગુણો અને મૂલ્યો વિક્સાવવામાં આવે તે વિશ્વશાંતિ સ્થાપવામાં જરૂર સહાયરૂપ બને છે.

  આમ, વિશ્વશાંતિની સ્થાપના માટે વિદ્યાર્થીઓમાં આંતરરાષ્ટ્રીય સદ્ભાવના, આંતરરાષ્ટ્રીય સહયોગ અને આંતરરાષ્ટ્રીય સમજનો વિકાસ થાય એનું ઘણું મહત્ત્વ છે.

# એકમ – ૨ પાઠ આયોજન

## ૨.૧ માઇક્રોટીચિંગનો અર્થ અને સંકલ્પના

સામાન્ય રીતે માઈક્રોનો અર્થ સૂક્ષ્મ અથવા નાનું એવો કરવામાંઆવે છે. આથી માઈક્રોટીચિંગ પાઠનું પાઠ્યવસ્તુ ઓછું હોય, વિદ્યાર્થીઓનીસંખ્યા ઓછી હોય, પાઠનો સમય ઓછો હોય તેને માઈીટીચિંગ કહેવામાં આવે છે. માઈક્રોટીશિંગનો અર્થ અને સંકલ્પના સમજવા માટે આપણે માઈક્રોટીચિંગની વિવિધ વ્યાખ્યાઓ જોઈશું માઈક્રોટીચિંગ એ નાના પાય પરનો શિક્ષણનો પ્રયોગ છે.

1. Microteaching is a scaled down teaching encounterin a class size and class time." Ellen Dwite. "વર્ગના કદ અને સમયની દૃષ્ટિએ માઈક્રોટીચિંગ એ માપી શકાય એવી અધ્યાપન પ્રક્રિયા છે."

2. **કેલનબેંક અને અન્ય** (1967 - 69) "માઈક્રોટીચિંગ એ વર્ગશિક્ષણ માટેના શિક્ષકના વર્તનમાં ફેરફાર લાવવા માટેની અસરકારક પ્રયુક્તિ છે.
3. **એલન અને ઇવ** (1968)માઈક્રોટીચિંગ નિયંત્રિત પરિસ્થિતિમાં વિશિષ્ટ શિક્ષણ વ્યવહાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને એક અધ્યાપન કૌશલ્યમાં પ્રાવીણ્ય મેળવી બીજા કૌશલ્યમાં આગળ વધવા શિક્ષણ વ્યવહાર કરાવે છે.
4. માઈક્રોટીચિંગમાં શિક્ષણની પ્રક્રિયાઓ, સમય, પાઠની લંબાઈ અને વર્ગનું કદ નાના માપમાં હોય છે. **બ્રુસ** (1968)
5. “માઈક્રોટીચિંગ એ એક એવી શિક્ષણ આપવાની પ્રયુક્તિ છે કે જે શિક્ષકોને સુવ્યાખ્યાયિત કરાયેલા અધ્યાપન કૌશલ્યોને પાંચથી દસ મિનિટમાં કાળજીપૂર્વક આયોજન પામેલા પાઠોની શ્રેણીમાં નાના વિદ્યાર્થીઓના જૂથ સમક્ષ વિનિયોગ કરવાની અને બહુધા પાઠનાં પરિણામો વીડિયો ટેપ પર જોવાની તક પૂરી પાડે છે.”

ઉપરની વ્યાખ્યાઓ પરથી ફલિત થાય છે કે માઈક્રોટીચિંગ એ વર્ગઅધ્યાપનની કોઈ પધ્ધતિ નથી, પરંતુ એ પ્રશિક્ષણ કાર્યક્રમને અસરકારક બનાવવા માટેનો પૂ અભિગમ છે.

શિક્ષક કોઈ એક ચોક્કસ કૌશલ્ય ને કેન્દ્રમાં રાખે છે. શિક્ષક થોડા સમય માટે જ શીખવે (5-7 મિનિટ) તે એટલે માઈક્રોટીચિંગ છે.

આમ, માઈક્રોટીચિંગ યા સૂક્ષ્મ શિક્ષણ એ અધ્યાપન માટેની પ્રયુક્તિ છે કૌશલ્યકેન્દ્રી તાલીમ છે.

## માઈક્રોટીચિંગનું મહત્વ :

માઈક્રોટીચિંગનો નૂતન અભિગમ શિક્ષણ કાર્યક્રમનો એક પૂરક અભિગમ છે. આ મુદ્દાઓની સ્પષ્ટતા એલન અને રાયને (1969) આપી છે. માઈક્રોટીચિંગ શા માટે ? તે પ્રશ્ન સામાન્ય રીતે શિક્ષણવિદો અને પ્રશિક્ષણાર્થીઓમાં ઉદ્ભવે તે સ્વાભાવિક છે આથી તેનું મહત્ત્વ દર્શાવતી કેટલીક બાબતો જાણવી જરૂરી છે અને તે બાબતો નીચે પ્રમાણે ગણાવી શકાય.

1. **માઈક્રોટીચિંગ વર્ગ અધ્યાપન માટે સહીસલામત વ્યવહાર છે.**

અનુભવી કે બિનઅનુભવી પ્રશિક્ષણાર્થીએ મોટા સમુદાયવાળા વર્ગમાં અનેક જટિલ શિક્ષણવ્યવહારો આચરવાના હોય છે. તેમના દ્વારા વર્ગના વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તનફેરફારો આણવાના હોય છે. પ્રશિક્ષણાર્થીએ એ માટેનાં સંકીર્ણ વર્તનો આચરતાં પહેલાં તેમના સંદર્ભમાં પ્રત્યેક

વર્તન તરાહને અનુલક્ષીને જે તે કૌશલ્યો અને તેમનાં ઘટકો સમજી લેવાં જોઈએ. માઈક્રોપાઇ દરમિયાન વ્યક્તિ પોતાના મિત્રો સમક્ષ કે સમવયસ્કો અને સહશિક્ષણાર્થીઓ સમક્ષ પોતાનો પાઠ આપે છે. તે આટલા નાના જૂથમાં શરમ કે સંકોચ અનુભવતી નથી, અજાણી કે અજ્ઞાત વ્યક્તિઓ દ્વારા ટીકા-ટીપ્પણીનો ભય રહેતો નથી. તેની લઘુતાગ્રંથિ દૂર થાય છે અને સ્વમાનભેર આત્મવિશ્વાસ પૂર્વક તે ખેલદિલીથી શિક્ષણકાર્ય કરે છે. આના દ્વારા સાથીનાં સૂચનો અને પોતે આપેલાં પાઠમાં આત્મનિરીક્ષણ અને વીડિયો ટેપ રેકોર્ડરની સહાયથી તે પોતાની નિર્બળતાઓ ક્રમશઃ દૂર કરી શકે છે. આમાં તેને મિત્રો કે - અધ્યાપકો તરફથી પ્રતિપોષણ પણ મળે છે. આથી સેવાકાલીન શિક્ષકો અને તાલીમાર્થીઓને અધ્યાપન માટે જરૂરી એવાં અધ્યાપનકૌશલ્યો વિકસાવવામાં તે મદદ કરે છે. બિનઅનુભવી શિક્ષકોને તે કૌશલ્યો હસ્તગત કર્યા પછી વર્ગખંડમાં વિશાળ વિદ્યાર્થી સમુદાય વારી કેવી રીતે શીખવવું તેની ભૂમિકા પૂરી પડે છે. આથી તે સહીસલામત વ્યવહાર છે એમ કહી શકાય.

2. **વર્ગવ્યવહાર સુધારવા માટેનું કેન્દ્રિત સાધન** (A focussed Instrument) :

સામાન્યરીતે માઈક્રોટીચિંગમાં એક કૌશલ્યને હસ્તગત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. એક જ કૌશલ્ય પર પહેલાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે પોતાનો વર્ગવ્યવહાર સુધારવા ઈચ્છતો શિક્ષક તેના શિક્ષણકાર્યના વિશિષ્ટ દોષોને માઈક્રોટીચિંગ દ્વારા ઓળખીને દૂર કરી શકે છે. તે એક પછી એક વિશિષ્ટ કૌશલ્યો પર કેન્દ્રિત કરીને વિવિધ પધ્ધતિ દ્વારા ત્વરિત પ્રતિપોષણ પૂરું પાડે છે. અને તેને સતત શિક્ષણ કરવા દઈને ટૂંકા સમયમાં અધ્યાપન કૌશલ્યો હસ્તગત કરવામાં સહાય પૂરી પાડે છે. ટૂંક્યાં, પ્રશિક્ષણાર્થી વર્ગ અધ્યાપનને લગતા વિશિષ્ટ દોષોને ઓળખી લઈને તે માઈક્રોટીચિંગ દ્વારા અલ્પ સમયમાં શિક્ષણનાં કૌશલ્યો હરતગત કરી શકે છે.

3. **વર્ગખંડનાં કૌશલ્યોનો વિકાસ**-

માઈક્રોટીચિંગ દ્વારા આપણે અગાઉ જોયું તે પ્રમાણે વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય છે. પ્રશિક્ષણાર્થી વર્ગશિક્ષણ માટેનાં જરૂરી કૌશલ્યોના સંદર્ભમાં માઈક્રોપાઠનું આયોજન કરે છે અને તે શિક્ષણના તબક્કા (Teaching sesslon) માં વર્ગઅધ્યાપન કરે છે. પાઠ આપ્યા પછી પ્રશિક્ષણાર્થીને નિરીક્ષક અને સહાધ્યાયીઓ પ્રતિપોષણ આપે છે. ત્યારબાદ તે પુન:શિક્ષણ (Reteach) કરે છે. આમ તે વર્ગખંડમાં એક પછી એક વિવિધ અધ્યાપન કૌશલ્યોનો મહાવરો કરે છે. માઈક્રોટીચિંગ દ્વારા કૌશલ્યો હસ્તગત કરવાની પૂર્વતાલીમ મેળવ્યા પછી તે વર્ગમાં જઈને અસરકારક શિક્ષણ કરી શકે છે.

4. **નિરીક્ષણ માટેનો હકારાત્મક અને સુવ્યવસ્થિત અભિગમ** (Positive and new approach to supervislon) :

રૂઢિગત કે ચીલાચાલુ પાઠમાં સામાન્ય રીતે નિરીક્ષક વર્ગમાં પાછળ બેસીને પાઠની શરૂઆતથી અંત સુધી નિરીક્ષણકાર્ય કરે છે. વર્ગખંડના ચીલાચાલુ શિક્ષણમાં વિવિધ પ્રકારના બાલ્યને તાલીમાર્થી આશ્રય લે છે આ બધા કૌશલ્યોનું ઝીણવટપૂર્વક અધ્યાપન કૌશલ્યોનો નિરીક્ષણ કરવું અધૂરૂં છે. આથી, નિરીક્ષક યોગ્ય નિરીક્ષણ કરી શકતો નથી. આથી અધ્યાપનકાર્ય વિશે તે સામાન્ય સ્વરૂપે (Global) સૂચનોની નોંધ કરે છે. આ સૂચનો કેટલીવાર ગોળ ગોળ કે તદ્દન નકારાત્મક પણ હોય છે. આથી તાલીમાર્થીમાં એક પ્રકારની હતાશા પેદા થાય છે. માઈક્રોટીચિંગ પ્રક્રિયામાં નિરીક્ષક માત્ર એક જ કૌશલ્યનાં વિવિધ ઘટકોનો ઉપયોગ શિક્ષણાર્થીએ કર્યો કે નહિ અથવા કેટલા પ્રમાણમાં ઉપયોગ કર્યો તેનું અવલોકન કે નિરીક્ષણ કરે છે. ટૂંકમાં, માઈક્રોપાઠ વખતે નિરીક્ષક એક જ કૌશલ્ય પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે, આથી નિરીક્ષણ સચોટ અને મર્મવેધી બને છે. તે ધારદાર હોય છે. નિરીક્ષણ આ રીતે નિરીક્ષક દ્વારા શિક્ષણાર્થીની નબળાઈઓ અને સધ્ધરતાને ચોક્કસ સ્વરૂપમાં પિછાણી શકે છે. આ નિરીક્ષણનો નૂતન અને વિધેયાત્મક અભિગમ છે.

5. **પ્રતિપોષણ ખૂબ જ સ્પષ્ટ અને દિશાસૂચક** :

પ્રશિક્ષણાર્થી સંખ્યાત્મક અને ગુણાત્મક દૃષ્ટિએ થયેલા ધારદાર અવલોકનને આધારે નિરીક્ષક પાસેથી કે વીડિયો ટેઈપ દ્વારા પોતે અજમાવેલ કૌશલ્યના - પ્રત્યેક ઘટકનું સ્પષ્ટીકરણ મેળવે છે. પોતે ઉપયોગમાં લીધેલા કૌશલ્યના ક્યા ઘટકનો ક્યાં વર્તાઓછો ઉપયોગ થયો તે અંગે પ્રતિપોષણના તબક્કે સમજ કેળવે અને પોતાના કાર્યનાં સારાં ખરાબ પાસાં તારવે અને તેમાં યોગ્ય પરિવર્તન લાવી શકે તે માટે માઈક્રોટીચિંગની પ્રક્રિયા મહત્વની બની જાય છે.

6. **સતત તાલીમ માટેની મહત્ત્વની પ્રયુક્તિ** :

બિનઅનુભવી કે પૂર્વતાલીમથી વંચિત પ્રશિક્ષણાર્થી વર્ગઅધ્યાપન માટેનાં જુદાં જદ કૌશલ્યોની તાલીમ આ પ્રયુક્તિ દ્વારા મેળવી શકે છે. વળ સેવાકાલીન તાલીમી કાર્યક્રમમાં અનુભવી શિક્ષકો પોતાના કૌશલ્યબોજો નબળાઈઓ જાણીને દૂર કરી શકે તે માટે માઈક્રોટીચિંગ પ્રયુિ સફળ અને

અસરકારક ગણાય છે. ટૂંકમાં, પૂર્વકાલીન તાલી કાર્યક્રમ અને સેવાકાલીન તાલીમ કાર્યક્રમ માટે આ પ્રયુકિ મહત્ત્વની ગણાય છે. 6.

7. **પ્રશિક્ષણાર્થીઓનો સભાક્ષોભ દૂર થાય છે**

રૂઢિગત કે ચીલાચા પ્રશિક્ષણ કાર્યક્રમમાં પ્રાયોગિક પાઠો આપતી વખતે ઘણ પ્રશિક્ષણાર્થીઓ લઘુતાગ્રંથિ અનુભવે છે. તેઓ ધ્રુજે છે, પરસેવા રેબઝેબ બની જાય છે. સમૂહમાં તેઓ બોલતી વખતે ખચકાટ અનુભવે છે. આ પરિસ્થિતિમાં માઈક્રોટીચિંગમાં પાઠ આપતી વખતે અલ્પસંખ્ય વિદ્યાર્થીઓની હાજરીમાં સ્ટિમ્યુલેટેડ પરિસ્થિતિમાં પહ આપવાના હોવાથી તાલીમાર્થીઓમાં આત્મવિશ્વાસ આવે છે. તેમનો સભાક્ષોભ દૂર થાય છે અને પ્રશિક્ષણાર્થી પ્રત્યેક કૌશલ્યની યોગ્ય સમજ મેળવી નાના જૂથ સાથે મુક્ત મને તેની અજમાયશ કરી શકે છે.

8. **શાળાઓ પરના બોજમાં ઘટાડો** :

સામાન્ય રીતે તાલીમી સંસ્થાઓ ખાસ કરીને માધ્યમિક તાલીમી સંસ્થાઓ વર્ગ શિક્ષણની તાલી આપવા માટે માધ્યમિક શાળાઓમાં શિક્ષણાર્થીઓને મોક્લે છે. આથી શાળાઓમાં તેના રોજ્બરોજના શિક્ષણકાર્યમાં ક્યારેક અવરોધો ઊભા થાય છે. તેમને અભ્યાસક્રમ પૂરો કરવાની મર્યાદ હોય છે, પરીક્ષાઓની મર્યાદા હોય છે. તેથી શાળાઓમાં જ્યારે પ્રશિક્ષણાર્થીઓ જાય છે ત્યારે કેટલીકવાર શાળાઓને તે બોજારૂ લાગે છે.

માઈક્રોટીચિંગ પ્રયુક્તિમાં શિક્ષણાર્થી પોતાનો માઈક્રોપાઠ પોતાના વિધાર્થી મિત્ર સમક્ષ આપી શકે છે અને જે તે કૌશલ્યનો મહાવરો મેળવી શકે છે. આ માટે તેણે શાળામાં જવાની જરૂર રહેતી નથી. પરિણામેશિક્ષણાર્થી પોતે પોતાને આપવાના કુલ પાઠોમાંથી કેટલાક પાઠ શરૂઆતમાં માઈક્રોટીચિંગ પ્રયુક્તિ દ્વારા આપે અને પછીથી બાકીના પાકો શાળામાં આપે. આમ બધા પાઠો શાળામાં અપાવવાને બદલે તેમાં ઘટાડો કરી શકાય છે. આ રીતે શાળાઓ પર શિક્ષણાર્થીઓના બધા જ પાઠોનો જે બોજો પડે તેને હળવો કરી શકાય છે.

## માઈક્રોટીચિંગના લાભ :

માઈક્રોટીચિંગ શિક્ષકના વર્ગવ્યવહાર તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે. તે એક એવું વાસ્તવિક પ્રકારનું શિક્ષણ છે કે સામાન્ય વર્ગશિક્ષણની સમસ્યાઓ વગેરે કે વર્ગની વિદ્યાર્થી સંખ્યા, વિષય કે એકમનો વ્યાપ, સમયમર્યાદા અને ગેરશિસ્ત જેવીને હલ કરે છે. માઈક્રોટીચિંગમાં જો તાલીમાર્થીઓને

યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હોય તો તે અચૂક સફળ થાય છે. તેની આંતરસૂઝ કેળવાય છે. માઈક્રોટીચિંગના લાભ અથવા તેની ઉપયોગિતા નીચે મુજબ છે.

1. માઈક્રોટીચિંગ એક વખતે એક કે તેથી વધારે બે કે ચાર કૌશલ્યોને હસ્તગત કરવા માટે ધ્યાન કેન્દ્રિત કરે છે. તેથી તાલીમાર્થીઓને કૌશલ્ય હસ્તગત કરવાનો મહાવરો પ્રાપ્ત થાય છે.
2. તે બિનઅનુભવી શિક્ષકોને કે પૂર્વતાલીમ માટે આવેલા શિક્ષકોનેવર્ગખંડનાં આવશ્યક એવાં કેટલાંક કૌશલ્યો વિકસાવવામાં મદદરૂપથાય છે.
3. અનુભવી શિક્ષકોને આત્મનિરીણની તકો પૂરી પાડે છે.
4. અનુભવી યા સેવારત શિક્ષકોને વર્ગવ્યવહારના પૃથક્કરણની તક પૂરી પાડે છે.
5. કેટલીક વાર ચીલાચાલુ પધ્ધતિઓથી શિક્ષણ આપતા શિક્ષકોને કૌશલ્યોના યોગ્ય મહાવરાથી તેમની વ્યાવસાયિક સજ્જતા સુધારવાની તક મળે છે તેઓ આત્મનિરીક્ષણ કરીને પોતાની નિર્બળતાઓ માઈક્રોટીચિંગથી દૂર કરી શકે છે.
6. માઈક્રોટીચિંગ વર્ણવ્યવહાર સુધારવાની તક ઝંખતા શિક્ષકો નેવિવિધ કૌશલ્યોમાં પ્રાવીણ્ય મેળવવાની તક આપે છે.
7. માઈક્રોટીચિંગથી તાલીમાર્થીઓ અને શિક્ષકો પોતાની શક્તિઓ અને મર્યાદાઓથી જ્ઞાત થાય છે.
8. કોઈ કારણસર જેમણે નોકરી છોડી દીધી હોય અને બ નોકરીમાં જોડાવું હોય તેવા શિક્ષકોને માઈક્રોટીચિંગ પોતાના ક્ષેત્ર, નિષ્ણાત બનવાની તક પૂરી પાડે છે.
9. નવા શિક્ષકોને શિક્ષણની જવાબદારી ઉપાડતાં પહેલાં વર્ગશિક્ષમાટે તૈયાર કરે છે
10. તે નિરીક્ષણને વધુ ધ્યેયલક્ષી અને અસરકારક બનાવે છે.
11. ઓછા સમયમાં અને ઓછી મહેનતે નિરીક્ષણને વધુ વાસ્તવિકબનાવે છે.
12. સમસ્યા ઉકેલ પધ્ધતિથી શિક્ષણ આપવામાં માઈક્રોટીચિંગ અનુકુળ છે.
13. તે પ્રશિક્ષણ કાર્યક્રમને વધુ વ્યક્તિલક્ષી બનાવે છે.
14. તે સમય અને શક્તિની દૃષ્ટિએ કરકસરયુક્ત છે. તાલીમાર્થી અને નિરીક્ષકના સમયનો બચાવ થાય છે.
15. તે શિક્ષકોને આત્મનિરીક્ષણ તરફ વાળે છે.

## માઈક્રોટીચિંગની મર્યાદાઓ :

1. **વહીવટી મર્યાદાઓ** : માઈક્રોટીચિંગની પ્રયુક્તિનો ઉપયોગ કરવા માટે શિક્ષણની કોલેજો અથવા અધ્યાપનમંદિરોએ પોતાના ચીલાચાલુ કાર્યક્રમને સ્થાને જુદા જ પ્રકારની વહીવટી વ્યવસ્થા કરવી પડે. તાલીમી કોલેજોએ સંસ્થાનું સમયપત્રક પોતાની વર્યતાનુસાર બદલવું પડે. આ માટે પોતાના દૈનિક કાર્યક્રમોમાં પણ ફેરફારો કરવા પડે છે. તાલીમાર્થીઓને કૌશલ્યોનું પૂર્ણ માર્ગદર્શન મળી રહે તે માટે વ્યવસ્થા કરવી પડે. આ ઉપરાંત માઈક્રો પાઠના નિરીક્ષકોને પણ તે અંગે સઘન તાલીમ આપવી પડે. યોગ્ય જૂથોની વ્યવસ્થા કરવી પડે. આમ ન થાય તો માઈક્રોટીચિંગના કાર્યક્રમો સફળ થઈ શકે નહિ.
2. **સુવિધાઓની મર્યાદા** : માઈક્રોટીચિંગના પાર્ટી વખતે નાનાં-નાનાં જૂથોને બેસાડવા માટે આવશ્યક ખંડોની જોગવાઈ કરવી જરૂરી છે. આ માટે શિક્ષણ મહાવિદ્યાલયો માટે પૂરતા પ્રમાણમાં ખંડો હોવા જોઈએ. આ ઉપરાંત આ ખંડોમાં કાળા-પાટિયાની વ્યવસ્થા હોવી જોઈએ. સંસ્થા પાસે જેટલા પ્રમાણમાં ખંડો હોય તેના પ્રમાણમાં માઈક્રોટીચિંગનું કાર્ય ઓછા કે વધુ સમયમાં પૂર્ણ થઈ શકે છે. કેટલીકવાર કેટલાક શિક્ષણ મહાવિધાલયોમાં ખંડોની પૂરતી સુવિધાને અભાવે બે કે ત્રણ જૂથ એક જ ખંડમાં કાર્યાન્વિત કરવામાં આવે છે. આથી ઘણીવાર તાલીમાર્થીઓ ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી.
3. **સાધન સામગ્રીની મર્યાદા** : માઈકોટીચિંગની પ્રયુક્તિને સફ બનાવવા માટે વીડિયો ટેઈપ, ટેઈપ રેકોર્ડરની પૂરતા પ્રમાણમાં જોગવાઈ હોવી જોઈએ. કેટલીક કેસેટ, કોલેજોમાં આ સાધનો મર્યાદિત સંખ્યામાં હોવાથી નિરીક્ષકોથી કામ ચલાવી લેવું પડે છે. સંસ્થામાં closed circult TV ની વ્યવસ્થા હોતી નથી.
4. **નિરીક્ષકોની સઘન તાલીમનો અભાવ** : માઈક્રોટીચિંગની સફળતા માટે માઈક્રોટીચિંગની સંકલ્પના, વિવિધ અધ્યાપન કૌશલ્યો અને તેનાં ઘટકો, તેની નિરીક્ષણ પધ્ધતિ, પ્રતિપોષણની સુયોગ્ય પ્રક્રિયા માઈક્રોપાઠોનું સુચારુ આયોજન આ બધા વિશે નિરીક્ષકો યા પ્રધ્યાપકોમાં સ્પષ્ટ સમજ હોય તે જરૂરી છે. કેટલીકવાર જુદા જુદા પ્રાધ્યાપકો અને જુદી જુદી કોલેજોમાં આ અંગે સ્પષ્ટતાઓ જે પ્રમાણમાં જોઈએ તે પ્રમાણમાં હોતી નથી. આથી માઈક્રોટીચિંગના કાર્યક્રમો જરૂરી સઘન તાલીમના અભાવે ક્યારેક સફળ થતા દેખાતા નથી, આ માટે પ્રાધ્યાપકો કે નિરીક્ષકોને સઘન તાલીમ આપી, તેમના યોગ્ય નિદર્શન પાઠો ગોઠવી તેમને તૈયાર કરવા જોઈએ. કેટલીક સંસ્થાઓમાં માઈક્રોટીચિંગના પાઠો પ્રાયોગિક પાઠોની સંખ્યાપૂર્તિ માટેના કર્મકાંડમાં સરી પડે છે
5. **શૈક્ષણિક મર્યાદાઓ** : માઈક્રોટીચિંગની પ્રયુક્તિ એ સર્વાંગ સંપૂર્ણ છે અને તાલીમાર્થીઓ શાળામાં જે પ્રાયોગિક પાઠો આપે છે તેનું સ્થાન લઈ શકે તેમ છે તેમ માનવું સર્વથા ભૂલભરેલું છે.

માઈક્રોટીચિંગની અજમાયશથી બધાં કૌશલ્યોનો વિકાસ થઈ શકે તેવું અસંભવ છે. જો કે અમુક પ્રકારનાં શિક્ષણ કૌશલ્યો આનાથ સારી રીતે કેળવી શકાય છે. તેનાથી તાલીમાર્થીઓને ફાયદો પર થાય છે. શિક્ષણાર્થી શાળાના વર્ગમાં અધ્યાપન કાર્ય કરવા જાય તે પૂર્વે તેને કૌશલ્યો વિકસાવવાની તાલીમ મળે તે જરૂરી છે. આથી માઈક્રોટીચિંગ કાર્યક્રમ શિક્ષણનો પ્રત્યક્ષ અનુભવ મેળવવામાં પૂર્વ ભૂમિકા પૂરી પાડવાનું કાર્ય કરે છે. તે પૂરક અભિગમ છે. સંપૂર્ણ નથી, અધ્યાપન કૌશલ્યોની તાલીમ માટે નિદાનાત્મક અનેઉપચારાત્મક સાધન તરીકે તેનો ઉપયોગ થઈ શકે. પરંતુ આનાથી શિક્ષણના યા વર્ગખંડના બધા જ પ્રશ્નો ઉકલી જશે એમ માની શકાય નહીં.

6. **અન્ય મર્યાદાઓ** : આપણા દેશ જેવા આર્થિક અભાવગ્રસ્ત દેશમાં યાંત્રિક સાધનો દ્વારા શિક્ષણના પ્રયોગો કરવાનું પરવડે તેમ નથી. તેથી વધુ કાર્યક્ષમ રીતે આ પ્રયોગ અમલમાં લાવી શકાતો નથી. વિદેશોના વર્ગખંડમાં વીડિયો ટેઈપ કે ટેઈપ રેકોર્ડર જેવાં સાધનો સહેલાઈથી ઉપલબ્ધ થાય છે. ત્યાં માઈક્રોટીચિંગ દ્વારા તાલીમાર્થીઓ પોતાની ત્રુટિઓ પોતે નિહાળી શકે છે. અહીં આ સાધનોના વિકલ્પમાં નિરીક્ષક અને નિરીક્ષણ પત્રકનો ઉપયોગ કરવામાં આવે છે. તે પણ અપૂરતું છે. આ મોટામાં મોટી મર્યાદા છે.

આ ઉપરાંત શિક્ષણ મહાવિદ્યાલયોમાં તાલીમાર્થીઓની સંખ્યા " લગભગ 100 જેટલી કે તેથી ઉપરની હોય છે. આનાથી નાના-જૂથોમાં કાર્ય કરવાનું મુશ્કેલ પડે છે અને તે કાર્ય કરવા જતાં એકવાક્યતા જળવાતી નથી. આથી, માઈક્રોટીચિંગનો કાર્યક્રમ જોઈએ તેટલી સફળતા પામી શકતો નથી.

## ૨.૨ હેતુઓ જ્ઞાન, સમજ ઉપયોજન, કૌશલ્ય

### પ્રાસ્તાવિક :

ભારતની વર્તમાન શિક્ષણપ્રણાલીમાં અમેરિકાની સૌથી વધારે અસર હેતુલક્ષી શિક્ષણમાં થયેલી છે. અમેરિકાના જાણીતા કેળવણીકાર ડૉ. બેન્જામીન બ્લૂમે ભારતમાં અપાતા શિક્ષણમાં હેતુલક્ષી શિક્ષણનું માળખું બતાવીને મૂળભૂત ફેરફારો કર્યા છે. હેતુલક્ષી શિક્ષણનો સ્વીકાર માધ્યમિક શિક્ષણક્ષેત્રે અખિલ ભારતીય માધ્યમિક શિક્ષણ સમિતિએ અને યુનિવર્સિટી કક્ષાએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કર્યો છે.

હેતુલક્ષી શિક્ષણને પરિણામે શિક્ષણના ઉદ્દેશો વધારે તીક્ષ્ણ બન્યા છે. પરીક્ષાપદ્ધતિમાં મૂળભૂત ફેરફાર માટેની હવા ઊભી થઈ છે. હેતુલક્ષી શિક્ષણનું મૂલ્યાંકન એક સૌથી અગત્યની બાબત છે તેની પ્રતીતિ થઈ ચૂકી છે. ટૂંકમાં, હેતુલક્ષી શિક્ષણ દષ્ટિકોણ બદલી નાખ્યો છે.

વર્તમાન હેતુલક્ષી અને મૂલ્યાંકનલક્ષી શિક્ષણની સંકલ્પના ડૉ. બેન્જામિન બ્લૂમની વિચારસરણી અસ્તિત્વમાં આવેલી છે. ડૉ. બ્લૂમના વિચારો પ્રમાણે વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન - પરિવર્તનો લાવવાનું કાર્ય શિક્ષણનું છે. વિષય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જે પરિવર્તનો લાવવા ઇચ્છીએ છીએ તે વિષય શિક્ષણના હેતુઓ બને છે. હેતુ એટલે વિદ્યાર્થી સફળતાપૂર્વક અધ્યયન અનુભવો પૂર્ણ કરે ત્યારે તે શું શું કરી શકશે તે દર્શાવતું વિધાન. શિક્ષણકાર્યના અંતે વિદ્યાર્થીઓમાં કયા કયા ઇચ્છનીય ફેરફારો આવશે તે દર્શાવતાં વિધાનોને હેતુઓ કહે છે. હેતુઓનાં ત્રણ પરિમાણો હોય છે : (1) લક્ષ્ય માટેની ક્રિયાની દિશા – હેતુ દિશા (2) ક્રિયા દ્વારા આવનાર પરિવર્તન (3) હેતુ સિદ્ધિ અને પરિવર્તન માટે ક્રિયા કરવી પડે. હેતુ નિર્ધારણમાં આ પરિમાણો તથા વિષયનું સ્વરૂપ, બાળકના શારીરિક–માનસિક વિકાસની કક્ષા, સમાજ અને રાષ્ટ્રની જરૂરિયાતો અને હેતુ સિદ્ધિની વ્યાવહારિક સાધ્યતાનો વિચાર કરવો પડે છે.આદૃષ્ટિએ હેતુઓ જડ નથી હોતા,પરંતુ પરિવર્તનશીલ અને વિકાસમાન હોય છે. હેતુઓ વ્યવહારુ અને ફળીભૂત થાય તેવા ઊર્ધ્વગામી હોય છે.

<u>**શૈક્ષણિક હેતુઓનું મહત્ત્વ :-**</u>

- શિક્ષણની પદ્ધતિ નક્કી કરી શકાય છે.
- વર્ગવ્યવહાર દરમ્યાન શિક્ષક કઈ પ્રવૃત્તિઓ કરશે અને વિદ્યાર્થીઓ પાસે કઈ પ્રવૃત્તિઓ કરાવશે, તેની વિચારણા કરી શકાય છે.
- શિક્ષણ માટેની શૈક્ષણિક સામગ્રી અને શૈક્ષણિક સાધનોના ઉપયોગ અંગે ખ્યાલ આવે છે.
- શિક્ષણના અંતે વિદ્યાર્થીઓનું પરીક્ષણ કે મૂલ્યાંકન કઈ રીતથી કરી શકાશે તેનો નિર્ણય લઈ શકાય છે.
- સમગ્ર શિક્ષણ પ્રક્રિયાનું નિયમન કરી શકાય છે.
- શિક્ષણકાર્યને ચોક્કસ દિશામાં વાળવામાં ઉપયોગી છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીમાં કયા વર્તન - પરિવર્તનો લાવવાનાં છે, તે તરફ કાર્ય કરવામાં ધ્યાન આપી શકાય છે.

- વિષયવસ્તુકેન્દ્રી કે પાઠ્યપુસ્તકકેન્દ્રી શિક્ષણને બદલે વર્તન- પરિવર્તનલક્ષી કે અધ્યેતા સુધારલક્ષી શિક્ષણ અંગે વિચારણા કરી અમલ કરી શકાશે.
- શિક્ષણકાર્યની સફળતા, વિદ્યાર્થીઓએ મેળવેલી શૈક્ષણિક સિદ્ધિ, અધ્યયન અધ્યાપનની ક્રિયાની ગુણવત્તાનું મૂલ્યાંકન શૈક્ષણિક હેતુઓના સંદર્ભમાં કરી શકાશે.

**શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ :-**

મનોવૈજ્ઞાનિક અને શિક્ષણશા ીઓએ શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ અને રીતે કર્યું છે. તેમાંથી બેન્જામિન બ્લૂમ અને તેના સાથીદારોએ હેતુઓના વર્ગીકરણ માટે રજૂ કરેલી યોજના ખૂબ જ પ્રચલિત છે. તેમણે વિવિધ પ્રકારનાં વર્તનોને આધારે શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ કર્યું છે, જે નીચે મુજબ છે.

| શૈક્ષણિક હેતુઓના પ્રકાર | નિર્દિષ્ટ હેતુઓ |
|---|---|
| **જ્ઞાનાત્મક હેતુઓ** | જ્ઞાન કે માહિતી મેળવવી,<br>જ્ઞાનની સમજ મેળવવી,<br>જ્ઞાનનો ઉપયોગ કરવો,<br>જ્ઞાન કે માહિતીનું વિશ્લેષણ કે સંશ્લેષણ અને મૂલ્યાંકન કરવું. |
| **ભાવાત્મક હેતુઓ** | જ્ઞાન મેળવે, આનંદ મેળવે, કદર કરે,<br>તેના પ્રત્યે ગમો–અણગમો થાય,<br>રસ કે અભિરુચિ કેળવે,<br>મનોવલણો કેળવે, મૂલ્યો કેળવે. |
| **મનોશારીરિક હેતુઓ** | શારીરિક અંગોપાંગોના હલનચલનને લગતા હેતુઓ –<br>જેમાં સુરેખ(સીધું) અને સુવાચ્ય અક્ષરોમાં લખે,<br>ચિત્રો દોરે, ચાર્ટ્સ બનાવે, સમય રેખા દોરે |

## ઇતિહાસનાં શિક્ષણના સામાન્ય હેતુઓ :

**જ્ઞાન** :- વિદ્યાર્થીઓ, ઇતિહાસની બાબતોને લગતું જ્ઞાન પ્રાપ્ત કરે :
આ હેતુ જ્ઞાન પ્રાપ્તિનો છે. દરેક વિષયનો મૂળભૂત હેતુ જ્ઞાન પ્રાપ્તિનો હોય છે.

---

**સમજ** :- વિદ્યાર્થીઓ, પ્રાપ્ત કરેલા ઇતિહાસના જ્ઞાનની સમજ કેળવે
વિદ્યાર્થીઓએ ઇતિહાસની જે જે બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તે બાબતોની યોગ્ય સમજ વિકસે કે કેળવાય તેનું ઘણું જ મહત્ત્વ છે. સમજ નહિ વિકસે તો જ્ઞાન એ માત્ર માહિતીની કક્ષાનું બની રહે અને સમય જતાં એની વિસ્મૃતિ થઈ જાય. વળી, માહિતી એ ગોખણપટ્ટીની નીપજ બની રહે.

**ઉપયોજન**:-વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરેલા ઇતિહાસના જ્ઞાનનો ઉપયોગ કરે :
આ હેતુ જ્ઞાનના ઉપયોગ કે ઉપયોજનનો છે. ઉપયોગ વગરનું જ્ઞાન વાંઝિયું હોય છે. નવી- પરિસ્થિતિમાં જ્ઞાનનું ઉપયોજન વા જ્ઞાનનો વ્યવહારુ ઉપયોગ કરી સમસ્યાને હલ કરવામાં આવે ત્યારે ઉપયોજનનો હેતુ સિદ્ધ થયો કહેવાય.
**કૌશલ્ય**:- વિદ્યાર્થીઓ ઇતિહાસના અભ્યાસ સાથે સંબંધિત વિવિધ કૌશલ્ય વિકસાવે - કેળવે
આ કૌશલ્યના વિકાસનો હેતુ છે. ઇતિહાસના જ્ઞાનની પ્રાપ્તિ, સમજ અને તેના ઉપયોગ માટે કેટલાંક કૌશલ્યોનો વિકાસ આવશ્યક છે. દા.ત., નકશાવાચન કરવું, સમયરેખા તૈયાર કરવી. ચિત્રો અને આલેખનું અર્થઘટન કરવું વગેરે.
વિશિષ્ટ હેતુઓ :

## ૨.3 વિશિષ્ટ હેતુઓની રચના

કોઈપણ કાર્ય એક જ સમયે એકાદ-બે પ્રક્રિયાઓ કે પ્રવૃત્તિઓથી પૂર્ણ કર શકાતું નથી. તેને વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા નાના, અતિ નાના ઘટકોમાં વહેંચી ક્રમિક રીતે પૂર્ણ કરવું પડતું હોય છે. તેવી જ રીતે કોઈપણ એકમને નાના શૈક્ષણિક મુદ્દાઓમાં વહેંચી તેના સંદર્ભમાં જે હેતુ નિશ્ચિત કરવામાં આવે, કે જે સામાન્ય હેતુની સિદ્ધિ અર્થે હોય તેને વિશિષ્ટ હેતુ કહેવાય. વિશિષ્ટ હેતુઓ શું વિશિષ્ટ શીખવવાનું છે તેની સ્પષ્ટતા કરતા હોય છે. આ હેતુઓ ટૂંકા સમયમાં, ઓછાં સાધનો અને શક્તિથી સિદ્ધ થઈ શકે છે. તે વિષય, વિષયાંગ અને બાળકોની વયકક્ષાના આધારે રચવા પડે છે. આ હેતુ

ભાષાકીય રીતે સરળ, ટૂંકા અને સ્પષ્ટ હોય છે. તે મૂલ્યાંકનલક્ષી હોય છે અને તે શૈક્ષણિક પદ્ધતિઓ, અભિગમો, અધ્યયન અનુભવો, વર્તન તરાહો અને મૂલ્યાંકન માટે દિશાસૂચક છે.

## સામાન્ય હેતુઓ અને વિશિષ્ટ હેતુઓ વચ્ચેનો તફાવત

| સામાન્ય હેતુઓ | વિશિષ્ટ હેતુઓ |
|---|---|
| શિક્ષણનાં ધ્યેયો કે લક્ષ્યો તરફ પ્રયાણ કરે છે. | સામાન્ય હેતુઓ તરફ પ્રયાણ કરે છે. |
| સામાન્ય હેતુઓ બધા વિષયો માટે એક સરખા હોય છે. જેમ કે, જ્ઞાનપ્રાપ્તિ, સમજ, ઉપયોગ વગેરે. | જે - તે વિષયના વિષયવસ્તુના સંદર્ભમાં તેની રચના કરવામાં આવે છે. |
| તેની નિષ્પત્તિ વ્યાપક અને વિશાળ હોય છે. | અને પરિસ્થિતિની દૃષ્ટિએ એક તાસને અંતે સિદ્ધ થઈ શકે તેવો વાસ્તવિક હોય છે. |
| સ્પષ્ટ વિધાનના રૂપમાં તેની રચના હોય છે. | અપેક્ષિત વર્તન—પરિવર્તનની ભાષામાં સ્પષ્ટ આલેખન કરવામાં આવે છે. |
| એક સામાન્ય હેતુ માટે અનેક વિશિષ્ટ હેતુઓ હોઈ શકે. | વિષયવસ્તુના સ્વરૂપને આધારે એક તાસમાં તેની સંખ્યા નિશ્ચિત થાય છે. |
| સમયની અપેક્ષાએ ખૂબ લાંબા ગાળાના છે, અને ક્વચિત્ સંપૂર્ણ સિદ્ધ કરી શકાતા નથી | ટૂંકા ગાળાના છે અને પાઠને અંતે - કરી શકાય છે. |
| તેની સંકલ્પના અસ્પષ્ટ અને અમૂર્ત છે. | સંકલ્પનાને સ્પષ્ટ અને માપન કરી શકાય તેવા હેતુઓ છે. |
| વાર્ષિક પ્રશ્નપત્ર (બ્લ્યૂપ્રિન્ટ)ની રચના વખતે સામાન્ય હેતુઓ ધ્યાનમાં રાખવામાં આવે છે. | તાસને અંતે થતા મૂલ્યાંકનમાં તેની સિદ્ધિનું માપન થઈ શકે છે. |

## ૨.૪ ઇતિહાસ શિક્ષણના અનુદેશાત્મક હેતુઓ :-

### જ્ઞાનપ્રાપ્તિનો હેતુ :-

**સામાન્ય હેતુ : વિદ્યાર્થીઓ, પ્રાપ્ત કરેલા ઇતિહાસના જ્ઞાનનો પરિસ્થિતિમાં ઉપયોગ કરે.**

**જ્ઞાનપ્રાપ્તિનો અનુદેશાત્મક હેતુ :**

વિદ્યાર્થીઓ..............

- ઇતિહાસ વિષયના પારિભાષિક શબ્દો અને સંકલ્પનાઓ, વ્યાખ્યાઓ, હકીકતો, સિદ્ધાંતો, નિયમો, સત્યો કે સામાન્યીકરણો જાણે.
- રાષ્ટ્ર અને વિશ્વની ભૂતકાલીન રાજકીય, ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઘટનાઓ, તેનાં કારણો અને તેની અસરો જાણે. રાષ્ટ્ર અને વિશ્વની સમકાલીન અને વર્તમાન રાજકીય, ધાર્મિક, સામાજિક,
- સાંસ્કૃતિક, ભૌગોલિક, આર્થિક ઘટનાઓ - બનાવો, તેનાં કારણો અને તેની અસરો જાણે.
- રાજ્ય, દેશ (રાષ્ટ્ર) અને વિશ્વના વિવિધ સમયના શાસકો, ધાર્મિક અને સામાજિક સુધારકો, સંતો, નેતાઓ, શોષકો, સાહિસક મુસાફરો, શહીદો અને વિવિધ ક્ષેત્રની વિશિષ્ટ વ્યક્તિઓના જીવન અને યોગદાનથી પરિચિત થાય.
- રાષ્ટ્ર અને વિશ્વના સાંસ્કૃતિક અને સામાજિક વારસાને જાણે.
- રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વની રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક સમસ્યાઓથી સભાન બને. તેનાં કારણો અને અસરો જાણે.

### સમજના વિકાસનો હેતુ :

**સામાન્ય હેતુ : વિદ્યાર્થીઓ, પ્રાપ્ત કરેલા ઇતિહાસના જ્ઞાનની (ઐતિહાસિક જ્ઞાનની) સમજ કેળવે - વિકસાવે.**

**સમજનો અનુદેશાત્મક હેતુ:**

વિદ્યાર્થીઓ...............

- ઇતિહાસ વિષયનાં પારિભાષિક શબ્દો, સંકલ્પનાઓ, વ્યાખ્યા, નિયમો, હકીકતો, સત્યો, સિદ્ધાંતો, સામાન્યીકરણોની સમજ વિકસાવે કેળવે.
- રાષ્ટ્રની અને વિશ્વની વિવિધ રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, ઘટનાઓ (બનાવો)નાં કારણો અને અસરો સમજે.
- ઘટનાઓ (બનાવો) અને પ્રક્રિયાનાં કારણો વચ્ચે રહેલા કાર્યકારણના સંબંધને સમજે.
- રાજ્ય, દેશ અને વિશ્વની વ્યક્તિઓ - વિભૂતિઓએ વિવિધ ક્ષેત્રે કરેલા પ્રદાનનું સમયના સંદર્ભમાં મહત્ત્વ સમજે.
- રાષ્ટ્રના અને વિશ્વના સામાજિક, સાંસ્કૃતિક વારસાનું મહત્ત્વ-મૂલ્ય સમજે.
- રાજય, રાષ્ટ્ર અને વિશ્વની વિવિધ ક્ષેત્રોની સમસ્યાઓનાં કારણો અને અસરો સમજે.
- નાગરિક તરીકેનો ધર્મ અને ફરજો તથા તેના અધિકારો અંગે સમજ વિકસાવે
- ઇતિહાષના વિવિધ અંગોની વિષયવસ્તુ અંગે સમજ કેળવે વિકસાવે

## જ્ઞાનનો ઉપયોજન (ઉપયોગ)નો હેતુ :

**સામાન્ય હેતુ : વિદ્યાર્થીઓ, પ્રાપ્ત કરેલા ઇતિહાસના જ્ઞાનનો નવી પરિસ્થિતિમાં ઉપયોગ કરે.**

**ઉપયોજન અનુદેશાત્મક હેતુ:**

વિદ્યાર્થીઓ...............

- ભૂતકાલીન ઘટનાઓ - બનાવોના આધારે સાંપ્રત - વર્તમાન સમસ્યાઓ ઉકેલ શોધે.
- વિવિધ ઘટનાઓ - બનાવો માટેનાં કારણો આપે, તપાસે, બે બનાવ્યું પટનાઓ વચ્ચે સંબંધ સ્થાપે.
- સંદર્ભ સાહિત્ય સામગ્રીમાંથી એકમને લગતી પૂરક અને ઉપયોગી માહિતી શોધે.
- પ્રાપ્ય માહિતી અને નકશા, આલેખ, આકૃતિના નિરીક્ષણને આ હકીકતો તારવે.
- બે ઘટના - બનાવો, બે દેશોની માહિતી વિશે સામ્ય અને તફાવતના મુદ્દાઓ તારવે,
- સમસ્યાઓ, બનાવોનું વિશ્લેષણ કરે.
- સામાજિક, સાંસ્કૃતિક વારસાનું જતન કરે.
- નાગરિક તરીકેની અસરકારક ભૂમિકા અદા કરી માનવજીવનની પ્રગતિ ફાળો આપે.

## કોશલ્યોના વિકાસનો હેતુઓ :-

**સામાન્ય હેતુ :- વિદ્યાર્થીઓ ઇતિહાસના અભ્યાસ સાથે સંબંધિત ઉપયોગી કૌશલ્યો વિકસાવે/ કેળવ**

**કૌશલ્યોના અનુદેશાત્મક હેતુ:**

વિદ્યાર્થીઓ...............

- Ø નકશાવાચન, નકશાપુરણી અને નકશાના અર્થઘટનનું કૌશલ્ય કેળવે.
- Ø આલેખો દોરવા, વાંચવા અને અર્થઘટન કરવાનાં કૌશલ્યો કેળવે.
- Ø સામાજિક - આર્થિક સર્વેક્ષણ, મુલાકાત - ક્ષેત્રકાર્ય, પર્યટનના આયોજન અને સંચાલન, માહિતી ગ્રહણનું કૌશલ્ય કેળવે.
- Ø માહિતી એકત્રીકરણ, પૃથક્કરણનું કૌશલ્ય કેળવે.
- Ø અહેવાલ તૈયાર કરી તેને રજૂ કરવાનું કૌશલ્ય કેળવે.
- Ø સ્વનિર્મિત શૈક્ષણિક સાધનો - ઉપકરણો તૈયાર કરવાનું કૌશલ્ય કેળવે.
- Ø અવલોકન નિરીક્ષણ કરવાનું અને નોંધ તૈયાર કરવાનું કૌશલ્ય વિકસાવે.
- Ø પ્રદર્શન યોજે, હસ્તલિખિત અંકો તૈયાર કરે, ઇતિહાસ મંડળની પ્રવૃત્તિઓનું આયોજન કરે, નેતૃત્વ લે.
- Ø સંવાદ, પાત્રાભિનય, નાટ્યકરણમાં ભાગ લે.

## ૨.૫ સેતુપાઠ: સંકલ્પના, અગત્ય :-

### સેતુપાઠની સંકલ્પના :-

માઇક્રોટીચિંગ દ્વારા એક પછી એક હસ્તગત કરેલાં વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરી વર્ગખંડમાં મેક્રોટીચીંગ કરી શકાય. આ વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરી તે કૌશલ્યનો વર્ગમાં વિનિયોગ કરવા માટે સેતુપાઠ અથવા મિનીટીચીંગની તાલીમ મેક્રોટીચિંગ પૂર્વે તાલીમાર્થીઓને આપવી જરૂરી છે. સેતુપાઠનેસંક્ષિપ્તઅધ્યાપન કે મિનિટીચિંગ પણ કહે છે."

સેતુપાઠનું કાર્ય સૂક્ષ્મ અધ્યાપન (Micro-Teaching) અને છૂટાપાઠ (Stray lesson) વચ્ચેની ખાઈ (Gap)પૂરવાનું છે. માઈક્રોટીચિંગ પાઠમાં પાંચ/સાત મિનિટમાં કોઈ એક અધ્યાપન કૌશલ્ય ઉપરપ્રભુત્વ મેળવવા થોડું વિષયવસ્તુ લયને વર્ગખંડ પરિસ્થિતિ માં પ્રયત્ન કરવામાં આવે છે સંક્રમિત અને અસરકારક ઉપયોગ કરવાની તાલીમ આપવા માટે નો પાઠ એ સેતુ પાઠ છે.

"સેતુપાઠ માઈક્રોટીચિંગ અને છૂટોપાઠ (તાસપાઠ) એબે વચ્ચે જે ખાઈ છે તે પાર કરવાનો આધાર સેતુ (પુલ)પાઠ પાડવાનું કાર્ય કરે છે. તેથી તેને સેતુપાઠ કહેવાય છે."

### સેતુપાઠનું મહત્ત્વ :-

- સેતુપાઠએ માઇક્રોટીચિંગ અને મેક્રોટીચિંગ(નિયમિત વર્ગઅધ્યાપન)વચ્ચેનો સેતુ બને છે.
- માઇક્રોટીચિંગની કેટલીક મર્યાદાઓ જેવીકે મર્યાદિત સમયમર્યાદા, મર્યાદિત વિદ્યાર્થી સંખ્યા વગેરેને દૂર કરી શકાય છે.
- એક સાથે વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરીને તાલીમાર્થી સેતુપાઠનું આયોજન કરે છે. આથી તે વર્ગખંડમાં વિવિધ કૌશલ્યોનો વિનિયોગ તે સારી રીતે કરી શકે છે.
- સંખ્યા નોંધપાત્ર રીતે વધારીને સિમ્યુલેશનને બદલે વાસ્તવિક વર્ગ-અધ્યાપન માટે કાર્ય કરવાની તાલીમ આપવા પર ભાર મૂકવામાં આવે છે.
- વર્ગખંડના વાસ્તવિક અધ્યાપનકાર્યનો તાલીમાર્થી અનુભવ મેળવી શકે છે.
- તાલીમાર્થી - પ્રશિક્ષણાર્થીનો આત્મવિશ્વાસ વધે છે.આનો ઉપયોગ સુધારણાત્મક અધ્યાપનકાર્ય માટે થઈ શકે છે.

આમ, સંક્ષિપ્ત અધ્યાપન યા સેતુપાઠનું આયોજન એ માઇક્રોટીચિંગ અને વર્ગઅધ્યાપનને જોડતી કડી સ્વરૂપે કરવામાં આવે છે

## સેતુપાઠ (મિનીટીચિંગ) અને માઈક્રોટીચિંગનો તફાવત

માઇક્રોટીચિંગ દ્વારા એક પછી એક હસ્તગત કરેલાં વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરી વર્ગખંડમાં મેક્રોટીચીંગ કરી શકાય. આ વિવિધ કૌશલ્યોનું સમાયોજન કરી તે કૌશલ્યનો વર્ગમાં વિનિયોગ કરવા માટે સેતુપાઠ અથવા મિનીટીચીંગની તાલીમ મેક્રોટીચિંગ પૂર્વે તાલીમાર્થીઓને આપવી જરૂરી છે.

| માઈક્રોટીચિંગ | સેતુપાઠ |
|---|---|
| સમય મર્યાદા 5 થી 7 મિનિટ જ હોય છે. | સમય મર્યાદા 15 થી 17 મિનિટ હોય છે. |
| જે પુનઃ શિક્ષણ કરવામાં આવે છે. | પુનઃ શિક્ષણ કરવામાં આવતું નથી. |
| નક્કી કરેલા  કૌશલ્ય પર વધુ ભાર આપવામાં આવે છે. | વિવિધ કૌશલ્યના સમાયોજન પર ભાર મૂકવામાં આવે છે. |
| વાસ્તવિક વર્ગખંડમાં અધ્યાપન કૌશલ્યનું સંક્રમણ કઠિન બને. | વાસ્તવિક વર્ગખંડમાં અધ્યાપન કૌશલ્યોનો વિનિયોગ સરળ બને. |
| વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હોય છે. | વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોય છે. |
| સુધારણાત્મક કાર્યક્રમ તરીકે સંક્ષિપ્ત અધ્યાપન હાથ ધરાય છે. | માઇક્રોટીચિંગનો સેતુ બનાવવાની દિશામાં અધ્યાપન હાથ ધરવામાં આવે છે. |

## ૨.૬ સેતુપાઠનું આયોજન :-

**શ્રી એચ. એન. શુક્લ બી. એડ્. કોલેજ, રાજકોટ.**

**સેતુપાઠ આયોજન**

તાલીમાર્થીનું નામ : ______________________

ધોરણ : ____________ પાઠ ક્રમ : ____________

તાસ : ____________ તારીખ : ____________

વિષય : ____________ પાઠ ક્રમાંક : ____________

વિષયાંગ : ____________

**વિશિષ્ટ હેતુઓ :**

(૧) તાલીમાર્થી નીચેના કૌશલ્યો વિકસાવે .....

(૧) વિષયાભિમુખ (૩) સુદ્રઢીકરણ

(૨) પ્રશ્ન પ્રવાહિતા (૪) કા.પા. કાર્ય

(૨) તાલીમાર્થી ઉપરનાં અધ્યાપન કૌશલ્યોનું યોગ્ય રીતે સંયોજન કરી વર્ગ શિક્ષણની તાલીમ મેળવે.

**શૈક્ષણિક સાધનો :**

(૧) ____________

(૨) ____________

(૩) ____________

**સંદર્ભ સાહિત્ય :**

(૧) ____________

(૨) ____________

# એકમ – 3 ઇતિહાસ શિક્ષણની વિશિષ્ટ પદ્ધતિઓ

## ૩.૧ કથન પદ્ધતિ - પ્રશ્નોત્તર પદ્ધતિ

### કથન પદ્ધતિ

કથન પદ્ધતિનો ઉપયોગ પ્રાચીન સમયથી થતો આવ્યો છે. આ પ્રયુક્તિ શિક્ષક કેન્દ્રી છે(આ પ્રયુક્તિમાં શિક્ષકે જ માત્ર બોલવાનું હોય છે અને વિદ્યાર્થીઓએ શ્રવણ કરવાનું હોય છે. કથન કરવા માટે શિક્ષક મહદ્અંશે તો પાઠ્યપુસ્તકની વિગતોનો જ ઉપયોગ કરે છે. આ પદ્ધતિ વ્યાખ્યાન–પ્રવચન પદ્ધતિ તરીકે પણ ઓળખાય છે.)આ પદ્ધતિના ઉપયોગ દરમિયાન શિક્ષક એકધારું કથન કરતા હોવાથી વિદ્યાર્થીઓ કંટાળો અનુભવે છે, ત્રાસે છે અને અશિસ્ત ઊભી કરે છે. તેઓ શિક્ષણપ્રક્રિયામાં બેધ્યાન રહે છે. તેઓને માત્ર સાંભળવાનો જ અનુભવ મળે છે. આથી તેઓની શિક્ષણપ્રક્રિયામાં સહભાગિતા હોતી નથી. વિદ્યાર્થીઓ નિષ્ક્રિય બને છે. આ પદ્ધતિમાં પ્રવૃત્તિ, અનુભવને સ્થાન નથી. આ પરિસ્થિતિમાં અધ્યયન નીપજતું નથી. વિદ્યાર્થીઓની વિવિધ માનસિક શક્તિઓ, તેમનાં કૌશલ્યો કે વલણો, મૂલ્યો, રુચિ, ટેવોના વિકાસ માટે આ પદ્ધતિમાં અવકાશ નથી. આ પદ્ધતિ નથી અધ્યેતાકેન્દ્રી,નથી હેતુકેન્દ્રી કે નથી અધ્યયનકેન્દ્રી. શિક્ષણની નૂતન વિચારધારા આ પદ્ધતિના ઉપયોગની હિમાયત કરતી નથી.

**કથન પદ્ધતિના લાભ (મહત્વ) :-**

ઇતિહાસના વિષયમાં કથન પદ્ધતિનો ઉપયોગ આવશ્યક અને ઉપયોગી છે. તેના ઉપયોગથી નીચે જેવા લાભો મેળવી શકાય છે જે એના મહત્ત્વને સ્પષ્ટ કરે છે.

- કથન પદ્ધતિના ઉપયોગથી શિક્ષક ઇતિહાસના અભ્યાસક્રમને નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી શકે છે.
- કથન પદ્ધતિમાં આ પ્રકારની સરળતા-અનુકૂળતા છે.
- ઇતિહાસમાં ભૂતકાલીન બનાવો, માહિતીને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવાનાં હોય છે. આથી તેમાં ક્રમિકતા અને સાતત્યની આવશ્યકતા રહે છે.
- કથન પદ્ધતિના ઉપયોગથી ઇતિહાસના શિક્ષકનું અસરકારક અને પ્રાણવાન કથન કોઈ ઘટના, પ્રસંગ, બનાવ, પ્રક્રિયા કે સંસ્થાની કામગીરીને તાદૃશ કરે છે.

- ઉત્તમ કથન વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બને છે.
- નવા એકમ કે મુદ્દાની રજૂઆત કરતી વખતે શિક્ષક પ્રસંગોપાત ક્શનથી વ્યાખ્યાનમાં મહત્ત્વનાં પાસાંઓ રજૂ કરી શકે છે.
- શિક્ષક મહત્ત્વની વ્યક્તિઓ, ઘટનાઓ, સમસ્યાઓનો ઉલ્લેખ કરી વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા જાગ્રત કરી શકે છે.
- કથનના ઉપયોગથી વિધાર્થીઓમાં શ્રવણ કૌશલ્ય અને કથનની ઝડપથી નોંધ લેવાનું કૌશલ્ય વિક્સે છે.
- ઉત્તમ અને સચોટ કથનથી વિધાર્થીઓના મન પર વિગતની ઊંડી છાપ અંક્તિ થાય છે.
- માહિતી અને સ્મૃતિ પર આધારિત એકમોના શિક્ષણકાર્ય માટે ઉપકારક નીવડે છે.
- વિધાર્થીઓની ગ્રહણશક્તિના વિકાસ માટેની શક્યતાઓ વધે છે.
- ઇતિહાસના ઘણા એકમો એવા છે કે જે થન પદ્ધતિ દ્વારા જ સારી રીતે સ્પષ્ટ કરી શકાય અને વિશેષ પૂરક માહિતી આપી

**કથન પદ્ધતિની મર્યાદાઓ** :

- કથન પદ્ધતિના ઉપયોગ દરમિયાન અધ્યેતા (વિધાર્થી) એ તો માત્ર મૂક શ્રોતા જ બની રહેવાનું હોય છે. આથી શિક્ષણકાર્યમાં તેઓ નિષ્ક્રિય રહે છે, કથન પદ્ધતિની આ મોટામાં મોટી મર્યાદા છે. .
- આ પદ્ધતિ શિક્ષક કેન્દ્રી છે. શિક્ષક જ કલ્પન કર્યા કરે છે. આથી અધ્યાપન- અધ્યયન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સામેલગીરી નહીંવત્ જ હોય છે,
- અધ્યેતાની સક્રિયતા અને સામેલગીરી વગર શિક્ષણકાર્ય અસરકારક, જીવંત અને ફળદાયી બનતું નથી. વાસ્તવમાં, અધ્યયન નીપજતું જ નથી.
- જો શિક્ષક પાસે અસરકારક કથન કરવાની કુશળતા નહિ હોયતો આ પદ્ધતિ બિનઅસરકારક બની રહે છે
- વિધાર્થીઓ માટે કંટાળાજનક, ત્રાસરૂપ અને બોજારૂપ બને છે પરિણામે ક્યારેક વર્ગમાં અશિસ્ત જન્મે છે
- અર્થગ્રહણની ચકાસણી કરવાનું આ પદ્ધતિમાં શક્ય બનતું નથી.
- આથી વિદ્યાર્થીઓને ઇતિહાસના ખ્યાલો, સંકલ્પનાઓ, સિદ્ધાંતો, પારિભાષિક શબ્દો, વ્યાખ્યાઓ સ્પષ્ટ થયાં કે નહિ તેનો શિક્ષકને સાચો ખ્યાલ આવતો નથી.

- શિક્ષણનો એક મહત્ત્વનો હેતુ વિદ્યાર્થીઓની વિવિધ માનસિક શક્તિઓનો વિકાસ કરવાનો છે પરંતુ કશન પદ્ધતિના ઉપયોગ દરમિયાન વિદ્યાર્થીઓને તર્ક કે વિચાર કરવા, કલ્પના કરવા, અનુમાનો તારવાં, નિર્ણય લેવા, સમસ્યાનો ઉકેલ કરવા, તુલના કરવા માટેની શક્યતાઓ જ નહીંવત્ છે
- વિધાર્થીઓની માનસિક શક્તિઓના વિકાસ માટે નહીંવત્ તક હોય છે. વિધાર્થીઓને પોતાના વિચારો, મંતવ્યોને મૌખિક કે લેખિત અભિવ્યક્તિ દ્વારા વ્યક્ત કરવાના સ્વાતંત્ર્યને પણ ભાગ્યે જ અવકાશ હોય છે.

## પ્રશ્નોત્તર પદ્ધતિ

પ્રશ્નોત્તર પદ્ધતિનું દરેક વિષયના અધ્યાપનમાં મહત્ત્વનું સ્થાન છે. અધ્યાપન પ્રક્રિયાને અસરકારક અને પ્રભાવશાળી બનાવવા પ્રશ્નોત્તર પદ્ધતિનો ઉપયોગ અનિવાર્ય છે આ પદ્ધતિનો પરંપરાગત હેતુ વિદ્યાર્થીઓના જ્ઞાનની ચકાસણી કરવાનો રહ્યો છે. આમ છતાં, આધુનિક શિક્ષણપ્રક્રિયામાં તેનો ઉપયોગ વિવિધ હેતુઓની સિદ્ધિ અર્થ કરવામાં આવે છે.

અધ્યાપનકાર્યના વિવિધ તબક્કે પ્રશ્નોત્તર પદ્ધતિનો વિવિધ હેતુઓની પૂર્તિ માટે ઉપયોગ કરવામાં આવે છે. એકમની વિષયવસ્તુને શિક્ષક જુદા જુદા મુદાઓને ક્રમિક રીતે સંકલિત કરે છે – ગોઠવે છે અને દરેક મુદ્દાના અસરકારક કથન દ્વારા વર્ગમાં રજૂઆત કરવામાં આવે છે. કથન દરમિયાન મુદાને અનુરૂપ યોગ્ય પ્રશ્નો, પેટાપ્રશ્નો અને પૂરક પ્રશ્નો પૂછી શિક્ષક વર્ગમાં ચર્ચાનું જીવંત વાતાવરણ સર્જે છે. પરિણામે શિક્ષણપ્રક્રિયા અસરકારક બને છે, વિદ્યાર્થીઓ સક્રિય બને છે અને શિક્ષણપ્રક્રિયામાં તેમની સામેલગીરી વધે છે. પ્રશ્નપ્રવિધિના ઉપયોગ દ્વારા શિક્ષક વિષયવસ્તુના મુદ્દાઓની તુલના કરાવે છે, કાર્યકારણનો સંબંધ સ્થાપિત કરાવે છે,

પ્રશ્નોત્તર પદ્ધતિ એ સહકારી પ્રવૃત્તિ છે. શિક્ષક અને વિદ્યાર્થી એમાં સહભાગી છે. શિક્ષક પ્રશ્નો પૂછે, વિદ્યાર્થીઓ સાંભળે, તે અંગેનો ઉત્તર વિચારે, ઉત્તર આપે, શિક્ષક પ્રતિપ્રશ્ન કરે, ઉત્તરમાં સુધારા-વધારા કરે. વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીને પ્રશ્નો પૂછે, વિદ્યાર્થીઓ શિક્ષકને પ્રશ્નો પૂછે. આમ પ્રશ્ન પદ્ધતિ દ્વારા વર્ગરસાયણ જામે. શિક્ષક અને વિદ્યાર્થી ઉભય પક્ષ સક્રિય રહે અને એકમને ન્યાય આપે. પ્રશ્ન પ્રવિધિ અંગેની આ બધી જ વાત ઇતિહાસના વિષય માટે પણ સાચી છે. આથી ઇતિહાસમાં શ્રધ્ન પદ્ધતિનું સ્થાન ધણું જ મહત્ત્વનું છે.

**પ્રશ્નોત્તર પદ્ધતિનું લાભ (મહત્વ)** :

- પ્રશ્નોત્તર પદ્ધતિ દ્વારા ઇતિહાસમાં શીખવવાના એમઅંગેનું અર્ધતાનું પૂર્વજ્ઞાન જાણી શકાય છે.
- પ્રશ્નોત્તર પદ્ધતિ દ્વારા અધ્યેતાનું અધ્યાપન અધ્યયન પ્રક્રિયામાં ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે.
- આ અધ્યેતાની જિજ્ઞાસાવૃત્તિ જાગ્રત કરવા માટે પ્રશ્ન પ્રવિધિ ઉપયોગી બનેછે.
- પ્રશ્ન પદ્ધતિ અધ્યેતાને વિચાર કરવા પ્રેરે છે. અધ્યેતામાં શીખેલી બાબતોની સમજ વિકસી કે નહિ તે જાણી શકાય છે.
- વર્ગ વ્યવહાર અસરકારક બને છે, કારણ કે પ્રશ્નોત્તર પદ્ધતિના ઉપયોગથી અદ્વૈતાની શિક્ષણપ્રક્રિયામાં સામેલગીરી વધે છે, રાક્રિયતા આવે છે અને રુચિ વધે છે
- અધ્યેતાને અધ્યાપન દરમિયાન કંટાળો ઉપજતો નથી, – અધ્યેતાની મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થાય છે.
- અધ્યાપન અધ્યયન પ્રક્રિયા ચેતનવંતી અને અસરકારક બને છે. – અધ્યેતાની તર્કશક્તિ, વિશ્લેષણાત્મક શક્તિ વિકસે છે.
- આ ઉપરાંત અદ્વૈતામાં અનુમાન, આગાહી, અર્થગ્રહણ નિર્ણય એ તુલના કરવાની શક્તિઓની પણ વિકાસ થાય છે.

**પ્રશ્નોત્તર પદ્ધતિની મર્યાદાઓ**:-

- શિક્ષક પાસે પ્રશ્ન પૂછવાના કૌશલ્ય પર પ્રભુત્વ નહિ હોય તો પ્રવિધિ નિષ્ફળ જાય. નબળા પ્રશ્નો પૂછાયેલા પ્રશ્નો વર્ગમાં ગેરવ્યવસ્થા અનેગૂંચવાડો પેદા કરે છે.
- પ્રશ્નનું યોગ્ય બંધારણ નહિ જળવાયું હોય તો યોગ્ય ઉતર મળશે નહિ
- વિદ્યાર્થીઓની વયકક્ષા અને શક્તિ બહારના પ્રશ્નો હોય તો વિદ્યાર્થીઓ ઉત્તર આપતા નથી અને શિક્ષક આ પરિસ્થિતિમાં મૂંઝવણ અનુભવે છે.
- ઘણીવાર અયોગ્ય પ્રશ્નોને કારણે અથવા અન્ય કારણસર વિદ્યાર્થીઓ હાસ્યાસ્પદ ઉત્તર આપે છે ત્યારે શિક્ષક હાંસીપાત્ર બને છે.
- શિક્ષક ટાળવા જેવા પ્રશ્નો વધુ પૂછે તો પણ શિક્ષકની સ્થિતિ હાસ્યાસ્પદ બને છે.
- શિક્ષક વારંવાર પ્રશ્નોનું વાંરવારસ્વરૂપ બદલે તો મુશ્કેલી સર્જાય છે

## ૩.૨ આધાર પદ્ધતિ

**અર્થ અને સ્વરૂપ** :

વિશ્વમાં કોઈપણ લેખિત અથવા અલેખિત પ્રાપ્ય પ્રમાણભૂત આધારભૂત સાધન સામગ્રીના આધારે ઇતિહાસનું આલેખન થાય છે. આ પ્રકારના ઘણાં સાધનો પ્રાપ્ય છે. આ પ્રાપ્ય સાધનોમાંથી કોઈ એક કે એકથી વધારે સાધન સામગ્રીનો ઉપયોગ કરી શિક્ષણકાર્ય કરવામાં આવે ત્યારે એ આધાર પદ્ધતિના ઉપયોગ દ્વારા અધ્યાપનકાર્ય થયું કહેવાય

આધાર પદ્ધતિ વિશે વિશેષ કરીને ઇતિહાસ ભૂગોળ અર્થશા  જેવા સામાજિક વિજ્ઞાનના શિક્ષણ માટે ઉપયોગી છે ઇતિહાસની વિવિધ આધાર સામગ્રી ભિન્ન ભિન્ન સામાજિક સાંસ્કૃતિક આર્થિક ધાર્મિક ઐતિહાસિક રાજકીય ભૌગોલિક ઘટનાની ક્રમબદ્ધ રજૂઆત માટે ઉપયોગી બને છે

આધાર પદ્ધતિમાં રોજનીશીનાં પાનાં, અવતરણો, મુદ્રાઓ- સિક્કાઓ, સંદર્ભ ફકરા, લેખપત્રો, તેમજ અન્ય દસ્તાવેજી સાહિત્યનો પણ આધાર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આથી આ પદ્ધતિને દસ્તાવેજી પદ્ધતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આધાર પદ્ધતિમાં જે આધારસામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે તેનું વર્ગીકરણ નીચે રજૂ કરવામાં આવ્યું

**આધારનું વર્ગીકરણ :-**

માનવસમાજના વિકાસની વિવિધ ભૂતકાલીન ઘટનાઓના અભ્યાસ માટે, તેની સત્યતા કે તથ્યતા ચકાસવા માટે પ્રાચીનકાળથી મળી આવતા અવશેષો - પુરાવાઓ કે સાબિતીનો આધાર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આ આધારોના ત્રણ પ્રકારો પાડવામાં આવ્યા છે અથવા આ આધારોનું ત્રણ પ્રકારોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે જે નીચે પ્રમાણે છે :

(1) પુરાતાત્ત્વિક આધાર

(2) સાહિત્યિક આધાર

(3) મૌખિક પરંપરાઓ.

**આધારપદ્ધતિનું મહત્ત્વ (લાભો) :**

- આધાર પદ્ધતિના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં માનવસમાજના વિકાસ દરમિયાન બનેલી ઘટનાઓને વૈજ્ઞાનિક દષ્ટિબિંદુથી સમજવાનું વલણ વિકશે છે.
- ઇતિહાસની વિષયવસ્તુના સ્પષ્ટીકરણ માટે આધારપદ્ધતિ સહાયરૂપ બને છે.

- વિવિધ આધારોના ઉપયોગને પરિણામે ઇતિહાસનું અધ્યાપન- અધ્યયન વધુ વાસ્તવિક અને પ્રત્યક્ષ બને છે. આથી ઇતિહાસનું શિક્ષણકાર્ય જીવંત, રસપ્રદ અને ઘણું અસરકારક બને છે.
- ઇતિહાસના વિષયમાં વિવિધ ભૂતકાલીન ઘટનાઓનું આલેખન કેવી રીતે કરવામાં આવે છે તે પ્રક્રિયા સમજવામાં આધારોનો ઉપયોગ સહાયરૂપ બને છે.
- આ પદ્ધતિના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં કલ્પના કરવાની, તર્ક કરવાની, અનુમાન કરવાની, સામાન્યીકરણ કરવાની, પૃથક્કરણ કરવાની, કાર્યકારણનો સંબંધ જોવાની, ઘટનાઓના ક્રમ વચ્ચે સંબંધ જોવાની સંબંધ સ્થાપવાની વગેરે જેવી માનસિક શક્તિઓનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓ ભૂતકાળની ઘટનાઓને જીવંત વાસ્તવિક સ્વરૂપે જુએ છે. આથી તેઓ ભૂતકાળ સાથે એક પ્રકારની - એકતા સાધે છે યા તાદાત્મ્ય અનુભવે છે.
- સામાજિક તથ્યોને, ઐતિહાસિક, ભોગોલિક, આર્થિક, સાંસ્કૃતિક તથ્યોને સમજવા ઇતિહાસના લેખકોએ કરેલું આલેખન, સાબિતીરૂપ રજૂ કરેલા વિવિધ પ્રકારના આધારો કે પુરાવાઓ વગેરેને વિદ્યાર્થીઓ તટસ્થ રીતે મૂલવતા સમીક્ષા કરતાં શીખે છે.
- વિધાર્થીઓમાં જિજ્ઞાસા જાગૃત થાય છે. તૈમનામાં પ્રવાસ પર્યટન, સંગ્રહ, વાચન વગેરે વલણો કેળવાય છે.

**આધારપદ્ધતિની મર્યાદાઓ :**

- ઇતિહાસના અભ્યાસ માટે જરૂરી એવી બધી જ આધાર સામગ્રી હંમેશાં ઉપલબ્ધ હોતી નથી, વિશેષ કરીને મૂળ આધાર સામગ્રી પ્રાપ્ત કરવાનું કાર્ય તો શિક્ષક માટે ઘણું જ કઠિન હોય છે. લગભગ અશક્ય જ કહી શકાય,
- જે લિખિત સામગ્રી પ્રાપ્ય હોય છે તે ત્રણ હજાર વર્ષોને આવરી લેતી ભાષાઓ અને લિપિઓમાં હોવાથી તેને વાંચવાની, તેમ જ સમજવાની ક્ષમતા કે કુશળતા ભાગ્યે જ કોઈ શિક્ષક પાસે હોય છે. આથી આવી સામગ્રીનો ઉપયોગ કરવાનું શક્ય બનતું નથી.
- આધાર પદ્ધતિના અસરકારક ઉપયોગ માટે શાળામાં અલગ ઇતિહાસ ખંડ સંગ્રહાલય, સમૃદ્ધ પુસ્તકાલય વગેરે સુવિધા અપેક્ષિત છે. મોટા ભાગની શાળાઓમાં આ સુવિધાનો અભાવ છે. આથી આ પદ્ધતિના ઉપયોગ માટેની શક્યતા ઘટી જાય છે.
- આધાર પદ્ધતિનો ઉપયોગ સાર રીતે કરવો હોય તો તે માટે પર્યાપ્ત સમય આપવો પડે. સમયપત્રક અનુસાર અથવા વિષય માટે ફાળવેલ તાસ અનુસાર શાળામાં કામ કરવાનું હોય ત્યારે આ પદ્ધતિનો ઉપયોગ સમયના અભાવે બિનઅસરકારક બની રહે છે.
- આ પદ્ધતિના ઉપયોગથી પાઠ્યક્રમ સમયસર પૂરો થતો નથી એવી સતત ફરિયાદ રહે છે.

## 3.3 જીવનવૃત્તાંત (જીવનચરિત્ર) પદ્ધતિ :

જીવનવૃત્તાંત પદ્ધતિએ ઇતિહાસના અભ્યાસક્રમની રચના માટે પણ એક પદ્ધતિ છે. વર્ગશિક્ષણની પદ્ધતિ તરીકે આ પદ્ધતિના ઉપયોગ વિશે આપણે નીચેની વિગતો દ્વારા ખ્યાલ મેળવીશું.

આ પદ્ધતિ પણ પ્રાથમિક કક્ષાએ વધુ ઉપયોગી અને અસરક છે. કિશોરાવસ્થામાં જે વૃત્તિઓ પ્રબળ હોય છે તેના ઊર્દીકરણમાં પદ્ધતિ મદદરૂપ થાય છે. વિશેષ તો સંઘભાવના, સંગ્રહવૃત્તિ, વીની ભાવના અને લડાચક વૃત્તિનું ઊર્ધ્વકરણ થઈ શકે છે. આ પદ્ધતિના ઉપયોગ માટે શિક્ષક પાસે સમૃદ્ધ ભાષા, આકર્ષક અને ભાવવાહી વાણી કૌશલ્યની અપેક્ષા રાખે છે. વળી શિક્ષકે તાટસ્થ્ય ભાવે જ જીવનવૃત્તાંત રજૂ કરવાનું હોય છે. પોતાની કલ્પનાના રંગો રેડીને જીવનવૃત્તાંત ર ન કરી શકાય. કોઈ પણ વ્યક્તિનું જીવનવૃત્તાંત રજૂ કરવામાં આવે ત્યાર (I) વ્યક્તિનો જન્મ, જન્મસ્થળ (ii) બાળપણ (iii) અભ્યાસ (iv) જીવનક અને કરેલી રાષ્ટ્રીય સેવા (v) મૃત્યુ (vi) સંદેશ વા ઉપદેશ જેવા મુદ્દ ધ્યાનમાં રાખવા જોઈએ. જીવનવૃત્તાંત પદ્ધતિમાં પણ વાર્તાપદ્ધતિ ઉપયોગ લઈ શકાય. જે ઐતિહાસિક વ્યક્તિનું જીવનવૃત્તાંત રજૂ કરવામાં આવે તે કાર્યોને ઐતિહાસિક પ્રદાનની દષ્ટિએ મૂલવવાં જોઈએ.

ઇતિહાસ શિક્ષણ માટે જીવનવૃત્તાંત પદ્ધતિ એક વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિ છે. ઘણી મહાન વ્યક્તિઓએ આપણા ઇતિહાસને ઘડયો છે એમ કહી શકા ઇતિહાસનો અભ્યાસક્રમ જોઈએ તો પણ અનેક મહાન વિભૂતિઓ જીવનવૃત્તાંત રજૂ કરી શકાય એમ છે. વર્તમાન કે ભૂતકાળ સમયના મહાન નરરત્નો( મહાન પુરસો ) અને નારીરત્નો દ્વારા જીવનવૃત્તાંત પદ્ધતિ સમજાવી શકાય છે

**જીવનચરિત્ર પદ્ધતિના લાભ** :

- કોઈ એક જાતિ, શહેર, પ્રદેશ કે રાષ્ટ્ર વિશે શીખવા કરતાં કોઈ વ્યક્તિ વિશે શીખવાનું સરળ હોય છે.
- આ પદ્ધતિમાં કોઈ વ્યક્તિ કે મહાપુરુષને ધ્યાનમાં રાખીને શિક્ષણકાર્ય થાય છે, તેથી શિક્ષણ સરળ બને છે.
- વિદ્યાર્થીઓને વ્યક્તિઓની વાર્તામાં કુદરતી અને તંદુરસ્ત રુચિ હોય છે. તેઓ તેમના વીરપાત્રો સાથે જીવે છે અને સહન કરે છે. તેમને વીરપાત્રો માટે આદર પણ હોય છે.

- આ પદ્ધતિ વિદ્યાર્થીઓના અનુભવને તેમની જરૂરિયાત અને પર્યાવરણને અનુરૂપ વિસ્તૃત કરવામાં સહાયક બને છે. તેમના પર જીવનચરિત્રની મોટી અસર હોય છે.
- આ પદ્ધતિના ઉપયોગથી વિધાર્થીઓમાં ઇતિહાસ પ્રત્યે રસ-રુચિ કેળવાય છે.
- ભૂતકાળની મહાન અને ઉદાત્ત વ્યક્તિઓ સાથેનો પરિચય વિધાર્થીઓ માટે પ્રેરણાદાયી હોય છે. તેમના જેવું જીવન જીવવા વિદ્યાર્થીઓ પ્રેરાય છે. મહાપુરુષો તો વિધાર્થીઓની પ્રેરણામૂર્તિ છે, પ્રેરણાની સમસ્યા આ પદ્ધતિ મહદંશે હલ કરે છે
- વિધાર્થીઓ મહાન પુરુષો સાથે તાદાત્મ્ય માતા હોવાથી તેમનામાં દેશદાઝ, રાષ્ટ્રપ્રેમ, સમર્પણ, શૌર્ય, ત્યાગ, પ્રામાણિક્તા, સમાજસેવા, દાતા જેવા માનવીય ગુણો વિકશે છે
- ઇતિહાસ શિક્ષણની ચારિકવિકાસનો અતિ મહત્વનો હેતુ સાર્થક થાય છે. વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યોનો વિકાસ થાય છે.
- ઉચ્ચતર અધ્યયન ક્ષેત્રમાં આ પદ્ધતિ ઉપયોગી છે, કારણ કે આ પદ્ધતિમાં એક ઘણો મોટો માનવીય સ્પર્શ હોય છે.
- વિદ્યાર્થીઓને સમાજ અને વ્યક્તિ એકબીજાના વિકાસ માટે કેવી રીતે પૂરક બની શકે છે તેનો ખ્યાલ આવે છે.

**જીવનવૃત્તાંત પદ્ધતિની મર્યાદાઓ :**

- અભ્યાસક્રમના બધા એકમો આ પદ્ધતિથી શીખવવાનું શક્ય નથી. માત્ર ઐતિહાસિક વ્યક્તિઓ વિશે શીખવવાનું હોય ત્યારે જ આ પદ્ધતિનો ઉપયોગ ઉપકારક નીવડે છે.
- કોઈ ઐતિહાસિક વ્યક્તિના જીવનકાર્યને જ કેન્દ્રમાં રાખી આ પદ્ધતિમાં રજૂઆત થતી હોવાથી જે તે સમયના સમાજનું દર્શન થાય છે પરંતુ આંશિક જ, સંપૂર્ણ નહિ.
- માત્ર મહાપુરુષોને લક્ષમાં રાખીને જ ઇતિહાસશિક્ષણ કરવામાં આવે તો પ્રજાની અને તે સમયના બનાવો, ક્રાંતિઓ, આંદોલનો વગેરેની ઉપેક્ષા થાય છે. જે ઇતિહાસના કેન્દ્રમાં છે.
- ઇતિહાસ એ માત્ર મહાપુરુષોની કહાણી નથી. એ તો પ્રજાની સંસ્કૃતિ અને સભ્યતાની વિકાસગાથા છે.

- ઇતિહાસના દરેક સમયે એક કરતાં વધુ વ્યક્તિઓ સમાજનું ઘડતર અને પ્રતિનિધિત્વ કરે છે. આથી એક જ વ્યક્તિના જીવન પરથી સમગ્ર સમયખંડ કે યુગનો ઐતિહાસિક અભ્યાસ અધૂરો-અપૂર્ણ જ બની શકે.
- મહાપુરુષો સમયનું યુગનું પ્રતિનિધિત્વ કરે છે એ માન્યતા હવે સ્વીકારાતી નથી. ક્યારેક તો મહાનતા એમના પર લાદવામાં આવી હોય છે અન્યથા સમકાલીનો એમની મહાનતા સ્વીકારતાં નથી.
- બધી જ ઐતિહાસિક ઘટનાઓ વ્યક્તિના જીવનકાર્યની આસપાસ વણી લેવાનું શક્ય નથી. આથી કેટલીક ઘટનાઓની જાણકારી આપવાનું આ પદ્ધતિમાં રહી જાય છે જે યોગ્ય નથી.
- ઉચ્ચ ધોરણોમાં આ પદ્ધતિનો ઉપયોગ નીરસતા અને નિષ્ક્રિયતા લાવે એવો પૂરો સંભવ છે. અલબત્ત, વિવેચનાત્મક ચર્ચાને તક આપવામાં આવે તો આ મર્યાદા દૂર થઈ શકે.
- આ પદ્ધતિમાં અતિ કુશળ શિક્ષક જ જરૂરી ક્રમબદ્ધતા અને કાળ જાળવી શકે છે. જો શિક્ષક કુશળ નહિ હોય તો ઐતિહાસિ ઘટનાઓની ક્રમબદ્ધતા એના કાળક્રમ અંગે ગૂંચવાડો જન્મે છે

## 3.૪ નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ :

**અર્થ અને સ્વરૂપ** :

વર્તમાન સમયમાં અધ્યેતાકેન્દ્રી શિક્ષણનું મહત્ત્વ સ્વીકારાયું છે. અધ્યેતા જે કંઈ શીખે તે પ્રવૃત્તિ દ્વારા શીખે, સ્વપ્રયાસે શીખે અને સ્વગતિએ શીખે તે તેને ગમે છે. આ માટે અધ્યેતાને માર્ગદર્શનની જ જરૂર છે વર્ગમાં વિધાર્થીઓની સંખ્યામાં વધારો થતો રહે છે. જ્ઞાનનો પણ ઝડપી ગતિએ વિસ્ફોટ થતો રહે છે. આ પરિસ્થિતિમાં શિક્ષક બધું જ વર્ગમાં ભણાવી શકે એ શક્ય નથી. આ માટે તો વિદ્યાર્થીઓ જાતે શીખી શકે એવી પદ્ધતિ અનુકૂળ આવે. આથી શિક્ષકનો સમય બચે અને વધુ વિધાર્થીઓ નિષ્ણાત શિક્ષકનો લાભ લઈ શકે.

ઈ.સ. 1916માં અમેરિકાની સિનસિનાટી યુનિવર્સિટીના પ્રો. એ. એલ. હોલકવેસ્ટે આ પદ્ધતિની દેણગી આપી. તેમણે 'સુપરવાઈઝ્ડ સ્ટડી' નામનું પુસ્તક પ્રકાશિત કર્યું. એમાં એમણે પ્રતિપાદિત કર્યું કે વિદ્યાર્થી જો શિક્ષકના નિરીક્ષણ હેઠળ જાતે અભ્યાસ કરે તો તે જ્ઞાન પ્રાપ્તિ સાથે અભ્યાસ કેવી રીતે કરવો તેની પણ યોગ્ય તાલીમ મેળવે છે

ટૂંકમાં, આ પદ્ધતિ હેતુકેન્દ્રી અને બાલકેન્દ્રી છે. વિદ્યાર્થીઓમાં શીખવવાની રુચિ અને શક્તિમાં રહેલી ભિન્નતાનો એમાં સ્વીકાર થયો છે.આ પદ્ધતિ સ્વાધ્યાય પદ્ધતિનું એક વિકસિત સ્વરૂપ છે. આ પદ્ધતિમાં શિક્ષકોના નિરીક્ષણ અને માર્ગદર્શન નીચે વિદ્યાર્થી જાતે અભ્યાસ કરે છે. વિધાર્થી જે કંઈ પ્રવૃત્તિ કરે તેના દ્વારા તે શીખે છે. સ્વપ્રયત્ને શીખવાનું હંમેશાં વિધાર્થી પસંદ કરે છે. જેથી વિધાર્થીમાં સારી ટેવોનું ઘડતર થાય છે અને વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

**નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનું મહત્ત્વ (લાભ) :**

- બાળકો સ્વભાવે ચંચળ હોય છે. એમને અભ્યાસ દરમિયાન કોઈની રોકટોક ગમતી નથી. તે સ્વપ્રયત્ને અને સ્વસૂઝ અનુસાર શીખવાનું વધુ પસંદ કરે છે.
- વિદ્યાર્થીનું ધ્યાન ઘણી બાબતોમાં જતું હોય છે એને કેન્દ્રિત કરીને યોગ્ય પદ્ધતિ અને હુંફાળા માર્ગદર્શનની જરૂર રહે છે.
- વિધાર્થી જાતે શીખે તો એક પ્રકારનો આત્મસંતોષ જન્મે, એનું સ્વમાન જળવાય અને એની લઘુતાગ્રંથી દુર થાય છે
- સ્વાધ્યાય દ્વારા વર્ગના બધા વિદ્યાર્થીઓને સક્રિય રાખી શકાય
- દરેકને સ્વાધ્યાય કરવાની એકસરખી તક મળે છે.
- ક્રિયા દ્વારા શિક્ષણનો સિદ્ધાંત કાર્યાન્વિત બને છે.
- તેજસ્વી અને નબળા એમ બંને પ્રકારના વિદ્યાર્થીઓને શિક્ષકના માર્ગદર્શન અને સહાય મળે છે.
- શિક્ષકને જે-તે વિષયમુદ્દાના અધ્યયનમાં વિદ્યાર્થીઓના પ્રતિભાવોનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.
- સુધારાત્મક અધ્યાપન અધ્યયન શક્ય બને છે.
- દરેક વિદ્યાર્થીના અધ્યયનના હક્કનું રક્ષણ થાય છે.
- વ્યક્તિગત માર્ગદર્શન એ આ પદ્ધતિનું હાર્દ છે. આથી શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આંતરવ્યવહારમાંથી એક પ્રકારની નિકટતા આત્મીયતા વિકસે છે.

**નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિનું મર્યાદાઓ**

- શિક્ષકે વર્ગના અભ્યાસમાં નબળા એવા વિદ્યાર્થીઓ માટે વધુ સમય આપવો પડે છે.
- શિક્ષક આ પદ્ધતિમાં સતત દેખરેખ રાખે છે. આથી સંકોચશીલ અને અભ્યાસમાં પાછળ વિદ્યાર્થી લઘુતાગ્રંથિ અનુભવે એમ બને. એના વિકાસમાં આ પરિસ્થિતિ અવરોધક પણ બને એવી શક્યતા છે.
- આ પદ્ધતિમાં કાર્યાનુભવનો અભાવ છે.એથી બાળકોનાં રચનાત્મક કૌશલ્યોનો વિકાસ થતો નથી
- બધા વિધાર્થીઓને એકસરખી સંદર્ભ- સામગ્રી એક જ સમયે પ્રાપ્ય કરાવવાનું શિક્ષક માટે શક્ય નથી બનતું. શાળામાં એક જ મુદ્દાને અનુલક્ષીને એકસમાન સંદર્ભસામગ્રી મર્યાદિત પ્રમાણમાં જ હોય છે.
- નાની વયનાં બાળકો માટે આ પદ્ધતિ અનુકૂળ નથી.
- શિક્ષકના પક્ષે પૂર્વઆયોજન અને ખૂબ મહેનત તથા તૈયારીની અપેક્ષા રાખનારી આ પદ્ધતિ છે. શિક્ષકોની સજ્જતા, વિદ્યાર્થીઓની ઊંચી શૈક્ષણિક સિદ્ધિ અને પર્યાપ્ત સંદર્ભ-સામગ્રીના અભાવમાં આ પદ્ધતિ સફળ થતી નથી.

# એકમ – ૪ ઇતિહાસ, શિક્ષણના શૈક્ષણિક સાધન

## ૪.૧ શૈક્ષણિક સાધનોના પસંદગીના સિદ્ધાંતો :-

### ઉપલબ્ધતા

- વર્ગખંડમાં શિક્ષકો અને તમામ વિદ્યાર્થીઓ બંનેને શિક્ષણ સહાય ઉપલબ્ધ કરાવવી આવશ્યક છે.
- આ સાધનોની સુલભતા વિદ્યાર્થીઓને ટેક્નોલોજી સાથે પોતાને પરિચિત કરવામાં પણ મદદ કરે છે.

### ઉપયોગિતા

- જ્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને સહાયની કામગીરીની પદ્ધતિ અને હેતુપૂર્વકના હેતુથી પરિચિત હોય ત્યારે શિક્ષણ સહાય વધુ અસરકારક હોય છે.

- તમારા વર્ગખંડ માટે શિક્ષણ સહાય પસંદ કરતા પહેલા, ખાતરી કરો કે તમે અને તમારા વિદ્યાર્થીઓ આવા સાધન સાથે પરિચિત છો.

## દૃશ્યતા

- સરળ નેવિગેશન સુનિશ્ચિત કરવા માટે શૈક્ષણિક સહાય દૃશ્યમાન હોવી આવશ્યક છે.
- બોર્ડે અનુકૂળ વિઝ્યુઅલ પ્લેટફોર્મ પ્રદાન કરવું આવશ્યક છે, જેનાથી વિદ્યાર્થીઓ અવલોકન કરી શકે અને માહિતીની નકલ કરી શકે.
- ડ્રાય-ઇરેઝ બોર્ડ માર્કર્સનો ઉપયોગ કરે છે, જે સાફ કરવા માટે સરળ હોવા જોઈએ.
- ઈલેક્ટ્રોનિક બોર્ડ અથવા "વ્હાઈટબોર્ડ્સ" એ માહિતી પ્રદર્શિત કરવા માટે શિક્ષકના કમ્પ્યુટર સાથે સીધી લિંક કરવી જોઈએ જે સીધી અથવા દૂરસ્થ રીતે બદલી શકાય છે.

## ક્રિયાપ્રતિક્રિયા

- જ્યારે તેઓ શીખનારાઓની સહભાગિતાને પ્રોત્સાહિત કરે છે ત્યારે શૈક્ષણિક સહાય આવશ્યક બની જાય છે.
- ઇન્ટરેક્ટિવિટીનું પ્રમાણ જેટલું વધારે છે, તેટલો ફાયદો વિદ્યાર્થીને થાય છે.
- શિક્ષણને સુસંગત બનાવવું એ દરેક શિક્ષકનું લક્ષ્ય છે; તેથી, શૈક્ષણિક સહાયની જરૂરિયાત.
- વિદ્યાર્થીઓના રસને ટકાવી રાખવા માટે, આ સાધનોનો ઉપયોગ કરતી વખતે ઓછા યાંત્રિક બનો.

## ૪.૨ ઇતિહાસ શિક્ષણમાં શૈક્ષણિક સાધનનું મહત્વ

પ્રત્યેક શૈક્ષણિક ઉપકરણ પોતાનું આગવું વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. તે દરેકના ઉપયોગ અને લાભો પણ અલગ અલગ હોય છે. આમ છતાં, બધાં જ શૈક્ષણિક ઉપકરણોના કેટલાક સર્વસામાન્ય લાભો પણ છે. એ લાભો જ શૈક્ષણિક ઉપકરણોનું મહત્ત્વ પણ સ્પષ્ટ કરે છે. નીચે શૈક્ષણિક ઉપકરણોનું મહત્ત્વ રજૂ કરતા મુદ્દાઓ આપવામાં આવ્યા છે.

- અધ્યેતાને ઇન્દ્રિયગમ્ય અનુભવો પૂરા પાડે છે.
- અધ્યેતાને વિવિધ પ્રક્રિયા, ઘટના કે બનાવોના વાસ્તવિક-પ્રત્યક્ષ અધ્યયન અનુભવો પ્રાપ્ત થાય છે.

- Ø અનુભવો દ્વારા મળતું શિક્ષણ કાયમી બને છે. અધ્યેતાના માનસપટ પર શિક્ષણની ચિરંજીવી છાપ અંકિત થયેલી રહે છે.
- Ø અનુભવો દ્વારા મેળવેલું જ્ઞાન દીર્ઘ સમય સુધી યાદ રહે છે.
- Ø શૈક્ષણિક ઉપકરણો ઇતિહાસની કઠિન વિગતોને સરળ બનાવે છે.
- Ø દૂરની ઘટના કે પ્રક્રિયાને નજીક લાવે છે. અમૂર્ત બાબતોને મૂર્ત બનાવે છે. આમ, શૈક્ષણિક ઉપકરણો અધ્યાપનનાં સૂત્રોનો વ્યવહારમાં ઉપયોગ કરવાનું શક્ય બનાવે છે.
- Ø પારિભાષિક શબ્દો કે શબ્દ વ્યંજનાઓ, સંકલ્પનાઓ, હકીકતો, સિદ્ધાંતો, નિયમો, વ્યાખ્યાઓને સ્પષ્ટ અને સરળ બનાવે છે. તેની યોગ્ય સમજણ વિકસે છે.
- Ø પ્રત્યક્ષીકરણ અને ખ્યાલીકરણ (સંકલ્પના) સ્પષ્ટ બને છે. . અધ્યેતાની તર્કશક્તિ,વિચારશક્તિ, કલ્પનાશક્તિ, અનુમાનશક્તિ, સર્જનાત્મક વિચારણાની શક્તિનો વિકાસ થાય છે. આ ઉપરાંત અધ્યેતાની અવલોકન-નિરીક્ષણ શક્તિ, સમસ્યા ઉકેલ શક્તિનો પણ વિકાસ થાય છે.
- Ø શિક્ષકના શાબ્દિક કથનમાં ઘટાડો થાય છે. શિક્ષકના એકધારા કથનથી વિધાર્થીઓ કંટાળો અને થાક અનુભવે છે, તેઓમાં નીરસતા અને નિષ્ક્રિયતા જન્મે છે.
- Ø વિષય પ્રત્યે અરુચિ અનુભવે છે, પરંતુ શૈક્ષણિક ઉપકરણના ઉપયોગથી તેઓનો કંટાળો દૂર થાય છે.
- Ø અધ્યયનમાં રસ જન્મે છે. તેઓ સક્રિય બને છે. ભણતર ભાર વિનાનું બને છે, આનંદદાયક બને છે.
- Ø વિષય પ્રત્યે તેઓમાં રુચિ જાગ્રત થાય છે.
- Ø અધ્યાપન -અધ્યયન પ્રક્રિયામાં અધ્યેતાની સામેલગીરી-સહભાગિતા વધે છે જે અસરકારક અને સફળ વર્ગવ્યવહારનું એક મહત્ત્વનું ઘટક છે.
- Ø અધ્યેતાનો અનુભવ વિસ્તાર વધે અધ્યેતાના વ્યક્તિગત તફાવતો સંતોષાય છે.
- Ø ઘટનાઓ અને બનાવોની ધીમી અને ઝડપી ક્રિયાઓ બતાવી શકાય છે. - ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનો ખ્યાલ આપી શકાય છે.
- Ø ઐતિહાસિક, સાંસ્કૃતિક વારસાનો પરિચય થાય છે તે તાદશ થાય છે.
- Ø અધ્યેતાની એકાગ્રતા વધે છે.ઊંડાણપૂર્વકનું અને તલસ્પર્શી જ્ઞાન આપી શકાય છે.
- Ø અન્ય વિષય સાથે સમવાય શક્ય છે.
- Ø અધ્યાપન-અધ્યયન અનુભવકેન્દ્રી, પ્રવૃત્તિકેન્દ્રી અને અધ્યેતાકેન્દ્રી બને છે.
- Ø વિદ્યાર્થીઓમાં સ્વનિર્મિત સાધનોનું નિર્માણ કરવાની પ્રેરણા જાગૃત થાય છે, અને તેમના ફુરસદના સમયનો રચનાત્મક સદ્ઉપયોગ કરવા તેઓ પ્રેરાય છે.

- વિષય અને એકમના હેતુઓ સિદ્ધ કરવામાં શૈક્ષણિક ઉપકરણો મહત્ત્વનું યોગદાન આપે છે.
- વિદ્યાર્થીઓને એકમને લગતા પ્રાયોગિક કાર્યો કરવાની તકો આપે છે. પરિણામે તેમનાં વિવિધ કૌશલ્યો વિકશે

ટૂંકમાં, શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાને રસપ્રદ, પ્રભાવી, જીવંત, અસરકારક વૈવિધ્યપૂર્ણ, વાસ્તવિક, મૂર્ત, ભાર વિનાનું અને સફળ બનાવે છે. ઉપરાંત, અધ્યયન-અધ્યાપન પ્રકિયામાં વિદ્યાર્થીઓની સામેલગીરી વધારે છે.

## ૪.3 નકશા, ચાર્ટ્સ, ચિત્રો, સ્લાઈડ્સ, બુલેટિન બોર્ડ

### નકશા :-

ઇતિહાસના શિક્ષણમાં નકશો ઘણું જ ઉપયોગી અને અનિવાર્ય શૈક્ષણિક સાધન છે. ઇતિહાસના શિક્ષકો અધ્યાપન દરમિયાન શૈક્ષણિક સાધન તરીકે નકશાનો જ વિશેષ ઉપયોગ કરે છે. અન્ય શૈક્ષણિક ઉપકરણોનો ઘણો ઓછો ઉપયોગ થતો જોવા મળે છે.

નકશો એ સ્થાનસંદર્ભની જાણકારી તો અપે જ છે, પરંતુ વિસેશ  તો એ કોઈપણ સ્થળ, પ્રદેશ કે રાષ્ટ્રની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક સ્થિતિનો અને વિવિધ જગ્યા એ  થયેલા વિકાસનો ખ્યાલ પણ આપે છે. આજે તો વિવિધ પ્રદેશોની વિવિધિ વિગતોનું આબેહૂબ દર્શન કરાવતા ભિન્ન ભિન્ન પ્રકારના નકશાઓ ઉપલબ્ધ છે

શિક્ષક અને વિદ્યાર્થી માટે તો નક્શા અનેક રીતે ઉપયોગી છે જ. પરંતુ તે પ્રવાસીઓ, ઈજનેરો, સર્વેયર, વેપારીઓ, ઉદ્યોગપતિઓ માટે પણ ઉપયોગી છે. નકશા, ટ્રક ડ્રાઈવરો, બસચાલકો, વિમાન-ચાલો, બોટ ચાલકો, (ખલાસી), અવકાશયાત્રીઓ, લશ્કરના વડા સેનાપતિ અને લશ્કર, રાજદ્વારી પુરુષો અને વહીવટી અમલદારો માટે તો વિશેષ મહત્ત્વ ધરાવે છે. આજે સામાન્ય નાગરિકને પણ નશાની જરૂર પડે છે. સોસાયટીમાં કોઈ વ્યક્તિને ઘરે પહોંચવા, ગામ કે શહેરમાં કોઈ સ્થળે

પહોંચવા નકશાનું જ્ઞાન જરૂરી બની રહે છે. સ્થાનિક ભૂગોળનો અને વર્ગખંડનો પરિચય પણ નક્શા દ્વારા જ મળી રહે છે

ઇતિહાસના શિક્ષણમાં નકશો ઘણું જ ઉપયોગી અને અનિવાર્ય શૈક્ષણિક સાધન છે. ઇતિહાસના શિક્ષકો અધ્યાપન દરમિયાન શૈક્ષણિક સાધન તરીકે નકશાનો જ વિશેષ ઉપયોગ કરે છે. અન્ય શૈક્ષણિક ઉપકરણોનો ઘણો ઓછો ઉપયોગ થતો જોવા મળે છે.

**નકશાની સંકલ્પના** :

આપણે આખી દુનિયાને એના મૂળ સ્વરૂપે વર્ગખંડમાં લઈ જઈ શીએ નહિ કે બતાવી શકીએ નહિ એ સ્વાભાવિક છે. વિશ્વમાં વિવિધ સ્થળોએ થતી ભૌગોલિક પ્રક્રિયાઓ કે બનાવોને વર્ગમાં પ્રત્યક્ષ નિહાળી પણ શક્તા નથી. નકશો એ એક એવું સાધન છે જેના દ્વારા વર્ગખંડમાં વિદ્યાર્થીઓને દુનિયાનું દર્શન કરાવવાનું શક્ય બને છે.

"નકશાઓ વક્રાકાર પૃથ્વી કે તેના કોઈપણ ભાગનું અથવા આકાશીય પદાર્થોનું ઉપરથી જોતાં દેખાતા નાના કદનું આલેખન છે."

"નકશો એટલે વિશિષ્ટ પ્રમાણમાપ તથા વિશિષ્ટ પ્રક્ષેપ પદ્ધતિના અવલંબન દ્વારા ઉપરથી નીચે જોતાં ગોળાકાર એવી પૃથ્વીની સપાટી કે તેના ભાગ પરની દશ્યમાન કે અદશ્યમાન બાબતોને યથોચિત મહત્ત્વ આપીને નકશાકારે તૈયાર કરેલું સાંકેતિક ચિત્ર," સામાન્ય રીતે નો એ ત્રિમિતીવાળી ગોળાકાર પૃથ્વી સપાટીને ક્રિમિતિવાળા સપાટ કાગળ પર ઉતારે છે.

નકશાને અંગ્રેજીમાં 'Map ' કહે છે. આ શબ્દ લેટિન ભાષાના Mappa Mundi શબ્દ પરથી ઉતરી આવ્યો છે. તેનો અર્થ હાથરૂમાલના કદનો સામાન્ય ટુક્કો, જે પૃથ્વી વિશે કંઈક કહે છે. Map શબ્દ શોધવાનો યશ મિકોન (Micon) નામના ખ્રિસ્તી સાધુને ફાળે જાય છે. સંસ્કૃતમાં નકશા માટે ચિત્ર શબ્દ વપરાય છે જે બહુઅર્થી છે. ઉર્દૂનાં 'નકળે' શબ્દના પર્યાય તરીકે આપણે 'નકશા' શબ્દનો ઉપયોગ કરીએ છીએ.

## નકશાનું શૈક્ષણિક મહત્ત્વ :

માનવશરીરમાં હાડપિંજરની જેટલી જરૂર છે તેટલી જ જરૂર ઇતિહાસના શિક્ષણમાં નકશાની છે. નકશો એ ઇતિહાસના શિક્ષકનો સાચો  સાથી છે. નકશા વિનાનું ઇતિહાસનું શિક્ષણ અધૂરું છે. આ વિધાનો ઇતિહાસના શિક્ષણમાં નકશાનું મહત્ત્વ દર્શાવે છે. નીચે નકશાના શૈક્ષણિક મહત્ત્વને સ્પષ્ટ કરતા મુદ્દાઓની રજૂઆત કરવામાં આવી છે.

- નકશાની સહાયથી વિષયવસ્તુની સમજ સરળતાપૂર્વક મેળવી શકાય છે.
- વિધાર્થીઓમાં નકશાકાર્યને લગતાં વિવિધ કૌશલ્યો (ક્ષમતાઓ) વિકસે છે, જેમાં નકશાવાચન, નકશાપૂરણી, નકશા દોરવા, નકશાનું અર્થઘટન કરવું જેવી ક્ષમતાઓનો સમાવેશ થાય છે.
- વિદ્યાર્થીઓ માપ પ્રમાણે (સ્કેલમાપ) નકશા દોરતાં અને માપને આધારે અંતર, ઊંચાઈ વગેરેનું અર્થઘટન કરતાં શીખે છે.
- વિધાર્થીઓ નક્શામાં વપરાતાં વિવિધ પ્રકારનાં સંકેત ચિહ્ન, રંગો વગેરેનો અર્થ સમજી અર્થઘટન કરતાં શીખે છે. વિદ્યાર્થીઓ નકશાની ભાષા પિછાની અનુમાન કરતાં, અર્થઘટન કરતાં, વિગતોની તારવણી કરતાં, કાર્યકારણ સંબંધ શોધતાં શીખે છે.
- નકશા દ્વારા, વિધાર્થીઓને જે તે સ્થળ-પ્રદેશની ભૌગોલિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય માહિતી ખૂબ વિસ્તૃત રીતે અને વૈજ્ઞાનિકે ઢબે આપી શકાય છે.
- ઇતિહાસનાં અધ્યાપનમાં નકશાનું એટલું બધું મહત્ત્વ છે કે 90% થી વધુ માહિતી તો નકશો જ આપી દે છે. આથી નકો એ ઇતિહાસનું એક પુસ્તક જ છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.
- જે વ્યક્તિ નકશાનાં ચિન્હોની ભાષા-તેનો અર્થ સમજી શકે તેને માટે નકશાઓ એક નવી જ દ્રષ્ટી ખોલી છે
- વિદ્યાર્થીઓમાં વર્તમાનપત્રો, સામયિકો વગેરેમાં આવતા નકશાઓ એકત્ર કરી નકશા સંપૂટ (આલબમ્બ) બનાવવાનો શોખ વિકસે છે,
- વિદ્યાર્થી સક્રિય રહે છે અને સમયનો સદઉપયોગ થાય છે.
- વિધાર્થીઓ તેને આધારે ભીતનકશા તૈયાર કરે છે. નકશાના આધારે વિધાર્થીઓ વિવિધ ક્ષેત્રના અને ભિન્ન ભિન્ન દેશના વર્તમાન અને ભૂતકાલીન બનાવોનો-ઘટનાઓનો પરિચય મેળવે છે અને કાર્યકારણ સંબંધ સમજે છે.
- નકશા દ્વારા સ્થળના સ્થાન સિવાયની પણ ઘણી અર્થસૂચક માહિતી તારવી શકાય છે.

## વર્ગ-શિક્ષણમાં નકશાનો ઉપયોગ :

ઇતિહાસના વિવિધ એકમોના અધ્યાપનકાર્યને અસરકારક અને ફળદાયી બનાવવા નકશાના ઉપયોગની આવશ્યક્તા અનિવાર્યપણે રહેવાની જ. ઇતિહાસના શિક્ષણનો એક અતિ મહત્ત્વપૂર્ણ હેતુ નકશાકાર્યના કૌશલ્યની ખિલવણીનો છે. નકશાના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓમાં નકશાવાચન, નકશાપૂરણી અને નકશા દોરવાને લગતી ક્ષમતાઓ વિકસાવવાની છે ઇતિહાસના અધ્યાપકાર્ય દરમિયાન નીચેની બાબતોની સમજ અને સ્પષ્ટતા માટે નકશાઓનો ઉપયોગ કરવાનું શિક્ષક અને વિદ્યાર્થીઓ માટે જરૂરી બની રહે છે.

- વિશ્વના દેશો અને તેની સીમાઓ સ્પષ્ટ રીતે દર્શાવવા.
- વિશ્વના દેશોની રાજધાની અને મુખ્ય શહેરોનાં સ્થાન દર્શાવવા.
- જુદા જુદા સમયના વિવિધ સામ્રાજ્યનો વિસ્તાર દર્શાવવા.
- નદી તટે વિકસેલી પ્રાચીન સંસ્કૃતિઓનાં કેન્દ્રો દર્શાવવા. પ્રાચીન સમય અને અર્વાચીન સમયનાં સંદર્ભમાં તેના વિસ્તારની સ્પષ્ટતા કરવા.
- જળમાર્ગ, જમીનમાર્ગ, પ્રવાસમાર્ગ અંગે સમજ આપવા. વિશ્વના વિવિધ ધર્મોના ઉદ્ભવ સ્થાન અને ફેલાવાના વિસ્તારનો ખ્યાલ આપવા.
- વિવિધ સ્થળોએ બનેલી યુદ્ધની ઘટનાઓની સમજ આપવા.
- વિશ્વની ક્રાંતિઓનો પરિચય આપવા.
- એક જ દેશના વિવિધ સમયના પ્રાદેશિક રાજ્ય વિસ્તારનો ખ્યાલ આપવા.
- ભૌગોલિક શબ્દ વ્યંજનાઓની સ્પષ્ટતા માટે
- પ્રજાના સ્થળાંતર, વસવાટ, રાજ્યોનું વિઘટન કે સર્જન વગેરેનો ખ્યાલ આપવા.
- વિવિધ દેશો-પ્રદેશોના વિશિષ્ટ સ્થાનોની વિશેષતાઓ સ્પષ્ટ કરવા.
- ભૂપૃષ્ઠ નકશાના આધારે ઐતિહાસિક બનાવોનો સંબંધ તારવવા.
- દેશના આર્થિક વિકાસનાં પરિબળો સ્પષ્ટ કરવા.
- વિશ્વ અને દેશના સાંસ્કૃતિક વારસાનો પરિચય જળમાર્ગની શોધ માટે થયેલા પ્રયત્નોમાં વિવિધ કરાવવા,
- આઝાદી પહેલાં ભારતનો વિસ્તાર, આઝાદી સમયનું ભારત અને પાકિસ્તાન, બાંગ્લાદેશનું સર્જન વગેરેની સમજ આપવા.

- ø કૃષિના પાકો, ખનીજ, વિદ્યુતમથકો, ઉદ્યોગકેન્દ્રો, બંધો, બહુહેતુક યોજનાઓ વગેરેના વિસ્તારો, સ્થળો દર્શાવવાં.

---

## ચાર્ટ્સ :-

કોઈપણ વિષયની વિષયવસ્તુને સરળતાથી સમજાવવા કે તેને વધુ સ્પષ્ટ કરવા શિક્ષક ચિત્રો, આકૃતિઓ કે રેખાકૃતિઓ તૈયાર કરે અને તેને કલ્પનાનો સાથ આપે તે ચાર્ટ્સ તરીકે ઓળખાય છે. વીકીંગ અને ક્ષુલ્લરના મતે ચાર્ટમાં મૂળભૂત હકીકતો અને વિચારોની વચ્ચે સંબંધ સ્થાપવા માટે ગ્રાફિક અને ચિત્રાત્મક માધ્યમોનું આયોજન કરવામાં આવે છે. ચાર્ટમાં ચિત્ર, આકૃતિ, રેખાકૃતિ, નકશા કે પ્રતીકોનો અને જરૂર જણાય તો શબ્દ સમૂહોનો સુયોગ્ય ઉપયોગ કરવામાં આવે છે.

ચાર્ટ્સ એ આકૃતિઓ કે કોઠા સાથે વિગતો-માહિતી રજૂ કરવા માટેનું એક અસરકારક અને ઉપકારક માધ્યમ છે. ચાર્ટને ભીંતચિત્રો સ્વરૂપે પણ રજૂ કરી શકાય છે. રેખાંકનો સાથે નકશાઓ કે રેખાંકનો સૌ જોઈ શકે એવા મોટા કદમાં અને ચિત્રાત્મક શૈલીમાં વિગતો સ્પષ્ટ કરતાં ભીંતચિત્રો ચાર્ટ તરીકે રજૂ કરી શકાય છે. રેખાંકનો અને રંગોની સહાયથી આકર્ષક રજૂઆત દ્વારા સૌનું ધ્યાન કેન્દ્રિત કરવામાં ચાર્ટ ઉપયોગી માધ્યમ છે. વ્યક્તિના વિવિધ જીવનપરાંગો, ઘટનાઓ, સમસ્યા અને તેની અસરો દર્શાવા ચાર્ટનો અસરકારક ઉપયોગ થઈ શકે. જો સંકલિત સ્વરૂપે ચાર્ટ તૈયાર થાય તો વિશ્વપૂર્ણ માહિતી મળી રહે છે. જો કોઈ એક બાબાને ધ્યાનમાં રાખીને ચાર્ટ તૈયાર કરવામાં આવે તો તેનું શૈક્ષણિક મૂલ્ય ઘણું વધી જાય છે. હવે તો પ્લાસ્ટિકના અક્ષરો, પ ીઓ, પ્રતીકો જે જાતે ચોંટી જાય તે ઉપલબ્ધ છે. આથી શિક્ષક માટે ચાર્ટ બનાવવાનું કાર્ય મુશ્કેલ નથી.

### ચાર્ટ્સના ઉપયોગનું મહત્ત્વ :

ઇતિહાસના અધ્યાપન-અધ્યયન માટે ચાર્ટ્સ અતિ ઉપયોગી શૈક્ષણિક ઉપકરણ છે. ચાર્ટ્સના ઉપયોગથી નીચે જેવા ફાયદા-લાભ થાય છે, જે એનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે :

- ઇતિહાસની કઠિન અને જટિલ બાબતોને ચાર્ટ્સ દ્વારા સળતાથી સમજાવી શકાય છે, સ્પષ્ટ કરી શકાય છે.
- ચાર્ટ દ્વારા કોઈપણ મુદ્દાની માહિતીની ક્રમબદ્ધ (સાતત્યપૂર્ણ) અને તાર્કિક રજૂઆત થઈ શકે છે.
- ઇતિહાસની વિષયવસ્તુને ચાર્ટ દ્વારા પ્રતીકાત્મક રીતે રજૂ કરી શકાય છે અને તેને પરિણામે તેનું અર્થઘટન સરળ બને છે.
- ચાર્ટમાં ઇતિહાસની લાંબી-વિગતપૂર્ણ વિષયવસ્તુ કે માહિતીને સંક્ષિપ્તમાં રજૂ કરી શકાતી હોવાથી વિધાર્થીઓ એકમના મુખ્ય વિચારને પક્કી તેને યાદ રાખી શકે છે.
- વિષય પરત્વે રુચિ વિકસે છે, અને અધ્યાપન-અધ્યયન અસરકારક બને છે.
- ચાર્ટ વિવિધ પ્રકારે તૈયાર થતા હોય છે. આથી વિષયવસ્તુની રજૂઆતમાં વૈવિધ્ય અને નાવીન્ય આવી શકે છે જે વિદ્યાર્થીઓનું ધ્યાન આકર્ષિત કરવામાં અને અધ્યાપન અધ્યયનમાં રુચિ વિકસાવવામાં સહાયરૂપ બને છે.
- ચાર્ટમાં ઇતિહાસ વિષયના અમૂર્ત વિચારો, ખ્યાલો, સંકલ્પનાઓને મૂર્ત સ્વરૂપ શકાય છે, પરિણામે વિધાર્થીઓ કેટલેક અંશે પ્રત્યક્ષ અનુભવ મેળવી શકે છે.
- ચાર્ટની રજૂઆત કરી પ્રશ્નોત્તરી અને ચર્ચા કરવામાં આવે તો વિદ્યાર્થીઓની વિચારશક્તિ વિકસે છે. તેઓ શીખવા તત્પર બને છે. અધ્યાપન-અધ્યયન પ્રક્રિયામાં તેમની સહભાગિતા અને સક્રિયતા વધે છે.
- ચાર્ટ તૈયાર કરવામાં  વિદ્યાર્થીઓની સહાય લેવાથી તેમનામાં કેટલાંક રચનાત્મક કૌસલ્યો વિકશે છે.

**ચાર્ટના પ્રકારો** :

(1) **વૃક્ષ ચાર્ટ** :

આ પ્રકારના ચાર્ટને જોતાં વૃક્ષનો ખ્યાલ આવે છે. કોઈ બાબતના વિકાસને કે કોઈ વ્યક્તિના કુટુંબની વંશાવળી રજૂ કરવા માટે વૃક્ષચાર્ટનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત., કોઈ રાષ્ટ્રીય નેતાની કે રાજા-મહારાજાઓના કુટુંબની વંશાવળી દર્શાવવી હોય તો વૃક્ષચાર્ટ અનુકૂલ બની રહે છે.

(2) **સંગઠન ચાર્ટ** :

આ પ્રકારના ચાર્ટમાં વિચારો, ઘટનાઓ, વિવરણ વગેરેને ઘણાં ખાનાંઓ પાડી દર્શાવાય છે. આ ચાર્ટમાં સંગઠનાત્મક બાબતો અને તેમના ક્રિયાત્મક સંબંધોને પ્રદર્શિત કરવામાં આવે છે. કેટલાક એને કોઠા ચાર્ટ તરીકે પણ ઓળખાવે છે. ઇતિહાસ, ભૂગોળ, અર્થશા  ના એકમોની ઘણી વિગતોને સંગઠન

ચાર્ટ-કોઠા ચાર્ટ દ્વારા સ્પષ્ટ કરી શકાય છે. દા.ત., વિવિધ પાકો અને તે માટેના અનુકૂળ સંજોગો, દેશ અને દુનિયામાં તેનું ઉત્પાદન કરતાં પ્રદેશો, ઉત્પાદનનું પ્રમાણ વગેરે બાબતો કોઠા સ્વરૂપે રજૂ કરી શકાય. કોઠાની મદદથી આંકડાઓની માહિતીની સમજ દ્વારા તુલનાત્મક અભ્યાસ થઈ શકે.

---

(3) **વિકાસ ચાર્ટ** :

કોઈપણ પ્રક્રિયાનો વિકાસ અને તેમાં થયેલી અભિવૃદ્ધિ દર્શાવવા માટે આ પ્રકારનો ચાર્ટનો ઉપયોગ કરાય છે. આવા ચાર્ટ કાર્ય અને તેનો સંબંધ સારી રીતે કરે છે. દા.ત., બિલ કાયદો કેવી રીતે બને.

(4) **સમયચાર્ટ** :

આ ચાર્ટ ઘટનાના સમય પર આધારિત છે. તેમાં બનાવો કે ઘટનાઓને કાળક્રમ ધ્યાનમાં રાખીને દર્શાવાય છે. દા.ત., સૃષ્ટિનો વિકાસક્રમ, દુષ્કાળ, ભૂકંપ કે જ્વાળામુખીની ઘટનાઓનો સમય (તારીખ વર્ષ), ઐતિહાસિક કે સાંસ્કૃતિક ઘટનાઓ, વ્યક્તિના જીવનની ઘટનાઓ વગેરેનો સમય, સંશોધનો અને સિદ્ધિઓનો સમય, યુદ્ધની ઘટનાઓનો કે સંધિ-કરારોનો સમય વગેરે સમય ચાર્ટ દ્વારા દર્શાવી શકાય.

(5) **ગ્રાફ ચાર્ટ (આલેખ)** :

આલેખ એ સંખ્યાદર્શક વિગતોન દૃશ્ય રજૂઆત છે. આવા પ્રકારના ચાર્ટનો ઉપયોગ ભૂગોળ અને અર્થશા  ના વિષયમાં વધુ અસરકારક નીવડે છે, જ્યારે માહિતીને તુલનાત્મક રીતે સમજાવવાની હોય અથવા ગૂંચવણભર્યા આંકડાઓને ઝડપથી અને સરળતાથી રજૂ કરવા હોય ત્યારે આલેખ વધુ ઉપયોગી બને છે. ટૂંકમાં, આંકડાકીય માહિતીને સરળતાથી રજૂ કરવા માટે અને તેના તુલનાત્મક અભ્યાસ માટે ગ્રાફ (આલેખ) ચાર્ટનો ઉપયોગ કરવો હિતાવહ છે.

## <u>ચાર્યના ફળદાયી ઉપયોગ માટે રાખવાની કાળજી :</u>

- અધ્યાપન-અધ્યયન કાર્યમાં ચાર્ટનો ફળદાયી ઉપયોગ થાય તો જ એની અસરકારકતા વધે અને એનો ઉપયોગ સાર્થક નીવડે. આ માટે ચાર્ટનો ઉપયોગ કરતી વખતે નીચે જેવી કાળજી રાખવી જોઈએ.

- ચાર્ટ એકમની વિષયવસ્તુને અનુરૂપ છે કે નહિ તેની ચકાસણી કરી લેવી. આ ચાર્ટમાં રજૂ કરવામાં આવેલો મુખ્ય વિચાર વિધાર્થીઓને સ્પષ્ટતાથી સમજાવવો જોઈએ. ૭ ચાર્ટની રજૂઆત અધ્યાપન દરમિયાન યોગ્ય . સમયે થવી જોઈએ.
- વર્ગ સમક્ષ ચાર્ટની રજૂઆત પૂરતા સમય માટે થવી જોઈએ. તે લઈ લેવામાં બિનજરૂરી ઉતાવળ નહિ કરવી જોઈએ.
- જે ચાર્ટ ઉપયોગમાં લેવાનો હોય તે વિશ્વસનીય અને સ્પષ્ટ, સરળ અને દોષરહિત હોય એ બાબતે પૂરતી કાળજી રાખવી જોઈએ. .
- ચાર્ટ જ્યાં પણ રજૂ કરવામાં આવે ત્યાં પૂરતો પ્રકાશ હોવો જોઈએ.
- ચાર્ટનો ઉપયોગ કરતી વખતે પ્રશ્નોત્તરી પ્રયુક્તિ દ્વારા વિદ્યાર્થીઓની સહભાગિતા વધારવી અને સક્રિય રાખવા, વિદ્યાર્થી જાતે ચાર્ટની સમજ આપે એવી પ્રવૃત્તિ પ્રયુક્તિ પણ યોજી શકાય.
- અધ્યેતાની વયકક્ષાને ધ્યાનમાં રાખી, તેમની ઊંચાઈનો ખ્યાલ રાખી વર્ગમાં કે અન્ય સ્થળે ચાર્ટ રાખવો મૂકો.
- ચાર્ટનો ઉપયોગ પૂરો થતાં તેની જાળવણી થઈ શકે એવા સ્થળે રાખવો. ચાર્ટની જાળવણી માટેની યોગ્ય વ્યવસ્થા અવશ્ય વિચારી લેવી જોઈએ / કરવી જોઈએ કારણ કે વારંવાર ચાર્ટ તૈયાર કરવાનો ખર્ચ પોષાય નહિ અને વારંવાર સારા ચાર્ટ તૈયાર કરવામા - કરાવામાં ઘણી મુશ્કેલી પડે છે તેમ જ શ્રમ, સમય અને નાણાંનો વ્યય થાય છે.

ટૂંકમાં કહીએ તો ઇતિહાસના અધ્યાપનમાં વિવિધ પ્રકારના ચાર્ટ્સનો ઉપયોગ શિક્ષક કરી શકે તેવી ઘણી શક્યતાઓ અને તકો હોય છે.જેનાથી શિક્ષક અધ્યાપન કાર્યમાં નવીનીકરણ અને રસપ્રદ શિક્ષણ આપી શકે છે.

## ચિત્રો:-

શિક્ષણપ્રક્રિયાની અસરકારકતા વધારવામાં અને વિષયવસ્તુના સ્પષ્ટીકરણમાં ચિત્રોનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે. આથી જ કહેવાય છે કે એક ચિત્ર બરોબર એક હજાર શબ્દો. જે કામ એક હજાર શબ્દો નથી કરી શક્તા તે એક ચિત્ર કરી શકે છે. વિષયના એકમ, મુદ્દા સાથે સુસંગત હોય એવાં ચિત્રોની પસંદગી કરી તેનો યથાસ્થાને અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા દરમિયાન ઉપયોગ કરવામાં આવે તો માહિતીની સ્પષ્ટતા ખૂબ સારી રીતે થઈ શકે છે. વળી, તેના ઉપયોગથી વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષાય છે, તેની કલ્પના શક્તિને ઉત્તેજન મળે છે અને વિષયમાં રુચિ અને ધ્યાન વધે છે. શિક્ષકનાં

સમય અને શક્તિ બચે છે. શાબ્દિક કથનનું ભારણ ઘટે છે. ચિત્રો વિધાર્થીઓ માટે એક નવી જ સૃષ્ટિ ખોલી આપે છે.

ઇતિહાસના વિષયમાં તો ચિત્રોના ઉપયોગની ઘણી શક્યતાઓ છે. ઇતિહાસમાં સાંસ્કૃતિક વારસાને લગતી બાબતો, મહાન પુરુષોની ઓળખ અને તેમના જીવન પ્રસંગો વગેરેના શિક્ષણકાર્ય માટે પણ ચિત્રો ઉપયોગી બને છે. ચિત્રોના વિવિધ પ્રકારો છે. તેની પસંદગી કાળજીપૂર્વક થવી જોઈએ. ચિત્રોની પ્રાપ્તિ સરળ બાબત છે. વિવિધ સ્રોતોમાંથી શિક્ષક ચિત્રો મેળવીને સુંદર સંગ્રહ કરી શકે છે. જરૂર પડ્યે તેનો તે ઉપયોગ કરી શકે છે. ચિત્રોનું શૈક્ષણિક મૂલ્ય ઘણું છે અને તેના ફળદાયી ઉપયોગથી વિદ્યાર્થીઓ ઘણા જ લાભાન્વિત થાય છે. અધ્યેતા નિષ્ઠ અને વ્યવસાયને પ્રતિબદ્ધ ઇતિહાસના શિક્ષક અધ્યાપન દરમિયાન ચિત્રોનો અવશ્ય ઉપયોગ કરે છે.

## <u>ચિત્રોનું શૈક્ષણિક મહત્ત્વ :</u>

ચિત્રો એ ચોકબોર્ડ પછી વધુ ઉપયોગમાં લેવાતું અને સરળતાથી પ્રાપ્ત થતું શૈક્ષણિક ઉપકરણ છે. ઇતિહાસનાં અધ્યાપનમાં ચિત્રોના ઉપયોગનું શૈક્ષણિક મહા પાર વિનાનું છે. નીચે એનું શૈક્ષણિક મહત્વ રજૂ કર્યું છે. આપણે યાદ કરીએ કે **એક ચિત્ર હજાર શબ્દોની ગરજ સારે છે**,

- ચિત્રો અપ્રાપ્ય વસ્તુને પ્રાપ્ય બનાવે છે. વિશેષ કરીને ઐતિહાસિક અવશેષો, શિલ્પ, સ્થાપત્ય, ભૌગોલિક દર્શનીય સ્થળો, ભૌગોલિક પ્રક્રિયાઓ- ઘટનાઓ, પ્રાણી સંપત્તિ, લોકજીવન વગેરે ચિત્રો દ્વારા વર્ગખંડમાં તાદશ કરી શકાય છે.
- આ ચિત્રો અમૂર્ત વસ્તુને મૂર્ત સ્વરૂપે રજૂ કરે છે.
- ચિત્રો શિક્ષકના શાબ્દિક થનમાં ઘટાડો કરે છે, તેનાં સમય અને શક્તિને બચાવે છે તેના અધ્યાપનકાર્યમાં ઝડપ લાવે છે.
- ચિત્રો ભૂતકાળ અને વર્તમાનને જીવંત બનાવે છે.
- વિદ્યાર્થીઓની વિચારશક્તિ, તર્કશક્તિ, કલ્પનાશક્તિ, અવલોકનશક્તિ વિકસે છે.
- અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાને વેગીલી બનાવે છે.

- ચિત્રો ઘટનાઓ, પ્રક્રિયાઓ વગેરેને તાદશ કરે છે, સંકુલ ઘટનાઓ અને પ્રક્રિયાઓને સરળતાથી રજૂ કરે છે.
- વિધાર્થીઓની જ્ઞાનસમૃદ્ધિમાં વધારો કરે છે.
- ચિત્રો દ્વારા ખ્યાલો અને વિચારો, હકીકતો, સિદ્ધાંતો, નિયમો સ્પષ્ટ થાય છે.
- ચિત્રો દ્વારા પુનરાવર્તન કરવામાં, વિહંગાવલોકન કરવામાં, એકમનો પ્રારંભ કરવામાં અનુકૂળતા-સરળતા રહે છે.
- ચિત્રોના ઉપયોગથી અધ્યાપન-અધ્યયન રસપ્રદ, અસરકારક અને ગતિશીલ બને છે.
- ચિત્રો એકત્ર કરવાં, કાપવાં, પૂંઠાં પર ચોંટાડવાં, માઉન્ટ કરવાં, બુલેટિન બોર્ડ પર પ્રદર્શિત કરવા, પ્રદર્શન યોજવું, સ્ક્રેપ બુક બનાવવી વગેરે જેવી પ્રવૃત્તિઓને પરિણામે વિધાર્થીઓના ફુરસદના સમયનો ક્રિયાત્મક-રચનાત્મક સદ્‌ઉપયોગ કરી શકાય છે.

## ઇતિહાસના શિક્ષણમાં ચિત્રોનો ઉપયોગ :

ઇતિહાસના અધ્યાપન-અધ્યયન દરમિયાન ચિત્રોના ઉપયોગની અનેકવિધ શક્યતાઓ રહેલી છે. નીચે એવી કેટલીક શક્યતાઓનો નિર્દેશ કર્યો છે.

- વિવધ રાજકર્તાઓ, શાસકો, મહાન પુરુષો, પ્રવાસીઓ, શોધકો, સમાજસુધારકો વગેરેની ઓળખ આપવા માટે
- વિવિધ સંસ્કૃતિઓના વારસાનો પરિચય આપવા
- વિવિધ યુગના પ્રજાજીવનનો ખ્યાલ આપવા
- કેટલાક પારિભાષિક શબ્દો સ્પષ્ટ કરવા કેટલીક ઐતિહાસિક ઘટનાઓના સ્પષ્ટીકરણ માટે
- વિવિધ ઉત્સવો, મેળાઓ, વેશભૂષા, નૃત્યો, આભૂષણો, વાજીંત્રોનો પરિચય કરાવવા
- વિવિધ ઐતિહાસિક, જોવાલાયક સ્થળોનો પરિચય અને અભ્યાસ કરાવવા
- બે સંકલ્પનાઓ કે પ્રક્રિયાનો તુલનાત્મક અભ્યાસ કરાવવા.

## સ્લાઈડ્સ

સ્લાઇડ દૃશ્ય ઉપકરણ છે અને એના પરની વિગતને પ્રક્ષેપિત કરી શકાય છે. પડદા પર વિગતને (સ્લાઈડને) ઝીલી મોટા સ્વરૂપે જોઈ શકાય છે. સ્લાઈડ એ ચિત્રાંકનવાળો, ચોરસ અથવા લંબચોરસ પારદર્શક પટ છે અથવા તક્તી છે. જ્યાં સુધી ફોટોગ્રાફીની શોધ થઈ નહોતી ત્યાં સુધી કાચ, જિલેટીન કે સેલોફેન જેવી પારદર્શક વસ્તુઓનો સ્લાઈડ બનાવવામાં ઉપયોગ થતો હતો. ચિત્ર કે લખાણ હાથ વડે કરવાનું હોવાથી સ્લાઈડનું 31/4" X 4" નું રહેતું. તે ચિત્ર કાચ કે લેન્ટર્ન સ્લાઈડ તરીકે ઓળખાતી. જાદુઈ ફાનસના ઉપયોગ વડે સમાજકલ્યાણને લગતી બાબતોની સ્લાઈડો ગ્રામ વિસ્તાર કે પછાત વિસ્તારોમાં દર્શાવાતી. ફોટોગ્રાફીની શોધ થતાં સ્લાઈડનું આધુનિકીકરણ થયું. તે નાજુક અને નાના કદની બની. (2" × 2" નું કદ). વળી તે રંગીન બની,

સામાન્યત: 31/4" × 31/2" અથવા 3" X 3" કે 2" X 2" ના કદમાં સાદા, દુધિયા, અથવા પારદર્શક કાચ પર વૉટરપ્રુફ શાહી વડે ચિત્રો, આકૃતિ, રેખાંકન, નકશા દોરીને અથવા સંક્ષિપ્ત, અનિવાર્ય એટલી જ વિગત લખીને તેના પર તે જ કદનો કાચ મૂકીને સેલોફેન ટેપથી ચોંટાડી દેવાથી સ્લાઈડ તૈયાર થઈ જાય. કેટલીક વાર સાદા કાર્ડ પર પણ આકૃતિ, નકશા વગેરે કોતરીને તે કાર્ડનો કાચની બે પ્લેટો વચ્ચે મઢી લેવાથી પણ સ્લાઈડ તૈયાર થઈ જાય. સ્લાઈડમાં ફોટોગ્રાફિક રંગ પૂરવાથી રંગીન સ્લાઈડ બને. પારદર્શક રંગીન જિલેટીન પેપરનો ઉપયોગ કરવાથી પણ રંગીન સ્લાઈડ બનાવી શકાય.

સ્લાઇડને પ્રક્ષેપિત કરવા માટે 35 મિ.મિ. ફિલ્મસ્ટ્રીપ પ્રોજેક્ટર અને સ્લાઈડ પ્રોજેક્ટરનો ઉપયોગ કરાય છે, સ્લાઇડ સવ્યસંચાલિત પ્રક્ષેપિત થયા કરે એવા સ્લાઈડ પ્રોજેક્ટર પણ હવે ઉપલબ્ધ છે. આમ છતાં, શાળામાં એનો ઘણો ઓછો ઉપયોગ થાય છે એ શિક્ષણજગતની કમનસીબી ગણાવી જોઈએ.

## સ્લાઈડ્સના ઉપયોગનું શૈક્ષણિક મૂલ્ય :

- વિદ્યાર્થીઓની અવલોકનશક્તિનો વિકાસ થાય છે.

- Ø વિષયવસ્તુનું જ્ઞાન મૂર્ત બને છે. આ વર્ગ અધ્યાપન દરમિયાન પ્રશ્નોત્તરી અને ચર્ચા માટે અવકાશ રહે છે.
- Ø જ્ઞાનનું દૃઢીકરણ કરવાનું શક્ય બને છે.
- Ø વર્ગશિક્ષણ પ્રવૃત્તિશીલ બને છે.
- Ø માહિતી-વિગતનું સ્પષ્ટીકરણ થાય છે. સંકલ્પનાઓ સ્પષ્ટ થાય છે.
- Ø પાઠ્યપુસ્તકમાં નહિ હોય તેવી અથવા - તાત્કાલિક અન્ય રીતે પ્રાપ્ય નહિ હોય તેવી આકૃતિ, ચિહ્ન, ચિત્રો, નકશા, રેખાંકન વગેરે અંગે જાતે સ્લાઈડ તૈયાર કરીને પ્રક્ષેપિત કરી સ્પષ્ટતાની પૂરક માહિતીની- રજૂઆત કરી શકાય છે.
- Ø સ્લાઈડ્ઝનો વર્ગ-અધ્યાપનના વિવિધ તબક્કે ઉપયોગ કરી શકાય છે અને નાવીન્ય પણ લાવી શકાય છે.

## સ્લાઈડનો વર્ગ – અધ્યાપનમાં ઉપયોગ

શિક્ષક વર્ગ-અધ્યાપન દરમિયાન સ્લાઈડ્ઝનો જુદા જુદા તબક્કે વિવિધ રીતે ઉપયોગ કરી શકે. એક્મ પ્રવેશ કે એકમની ભૂમિકા માટે, વિષયવસ્તુનું નિરૂપણ કરવા માટે, પૂરક માહિતી રજૂ કરવા, વિષયાંગના મુદ્દાઓનું સ્પષ્ટીકરણ કરવા તેમ જ મૂલ્યાંકન માટે સ્લાઈડ્ઝનો ઉપયોગ કરી અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા વધુ વેગીલી અને જીવંત તેમ જ અસરકારક અને સમૃદ્ધ બનાવી શકાય. શિક્ષકે ઇતિહાસના જે તે એકમના અધ્યાપન માટે ઉપયોગી અને જરૂરી સ્લાઈડ્ઝની યાદી કરી અગાઉથી તે ખરીદીને કે તૈયાર કરીને સંગ્રહિત કરવી જોઈએ, શિક્ષક જે સ્લાઈડનો ઉપયોગ

કરવાના હોય તેનું અગાઉથી અવલોકન કરી લે એ હિતાવહ છે, જે પ્રોજેક્ટર વાપરવાનું હોય તે બરાબર કામ આપે છે કે નહિ, વીજળી પ્રવાહ ચાલુ છે કે નહિ, ખંડમાં વધુ પડતો પ્રકાશ નહિ આવે તે માટેની વ્યવસ્થા વગેરેનું પૂર્વ-આયોજન કરીને, કાળજી લઈને જ સ્લાઈડ પ્રદર્શિત કરવી.

## બુલેટિન બોર્ડ (બોલતી દિવાલ)

ઇતિહાસના અધ્યાપન અધ્યયનમાં બુલેટિન બોર્ડ એક અત્યંત ઉપયોગી અને મહત્ત્વનું શૈક્ષણિક ઉપકરણ છે. ઇતિહાસના અધ્યાપન- અધ્યયનને એ સમૃદ્ધિ બક્ષે છે. બુલેટિન બોર્ડ પર ઇતિહાસ વિષયના વિવિધ એકમો અને તેની વિષયવસ્તુને સુસંગત હોય તેવી સામગ્રી વિવિધ સ્વરૂપે આકર્ષક રીતે રજૂ કરી શકાય છે. ચિત્રો, ફોટોગ્રાફ્સ, નકશા, આલેખ, કોઠા, કાર્ટૂન, ચાર્ટ, નમૂના, ટપાલ ટિકિટો, સિક્કા, સમયરેખા, સમાચાર, અહેવાલ, માહિતીલેખો, વ્યક્તિ પરિચય કે પ્રસંગ પરિચય, અવતરણો, સૂત્રો, શોધખોળો વગેરે વૈવિધ્યપૂર્ણ રીતે અને ધ્યાનાકર્ષક સ્વરૂપે રીતે બુલેટિન બોર્ડ પર રજૂ કરી તેને જીવંત કરી શકાય છે, બોલતું કરી શકાય છે.

બુલેટિન બોર્ડ વિવિધ સ્વરૂપ, કદ અને રંગમાં તૈયાર કરી શકાય છે. બજારમાંથી ખરીદી પણ શકાય છે. સામાન્ય રીતે બુલેટિન બોર્ડ બનાવવામાં દેવદાર, સોફ્ટ બોર્ડ કે બૂચના પોચા પાટિયાંનો ઉપયોગ કરવામાં આવે છે. 6' X 4' (180 સે.મી. X 120 સે.મી.)ના પાટિયાં પસંદ કરી તેના પર રંગીન કાપડ લગાવી ફ્રેઈમ તૈયાર કરવામાં આવે છે. હાલમાં ઈમ માટે એલ્યુમિનિયમના એન્ગલનો કે તેના પ ાનો ઉપયોગ કરાય છે અને બોર્ડ બંધુ સફાઈદાર અને કલાત્મક બનાવાય છે.

બુલેટિન બોર્ડને શાળાના પ્રવેશદ્વાર આગળની ભીંત પર કે અન્ય ધ્યાનાકર્ષક સ્થળે અથવા દરેક વર્ગમાં તેની દીવાલો પર રાખી શકાય અને ઇતિહાસ વિષયને લગતી સામગ્રી વિવિધ રીતે, સ્વરૂપે પ્રદર્શિત કરી શકાય. આ સામગ્રી પ્રદર્શિત કરવામાં શાળા કે વર્ગના દરેક વિદ્યાર્થી, ઇતિહાસના શિક્ષક અને ઇતિહાસના મંડળના બાધા સભ્યો સહયોગ આપી શકે અને પોતાના સક્રિય ફાળો નોધાવી શકે છે.

## <u>બુલેટીન બોર્ડના ઉપયોગનું મહત્વ</u>

- વર્ગ અધ્યાપન રસપ્રદ, અસરકારક અને જીવંત બને છે.
- ઇતિહાસના એકમના સંદર્ભમાં પૂરક અને અદ્યતન તેમ જ વૈવિધ્યસભર માહિતી પ્રાપ્તિનાં ઉત્તમ માધ્યમ તરીકે ઉપયોગી બને છે.
- અધ્યેતાને ઇતિહાસ વિષયને લગતા વૈવિધ્યપૂર્ણ અધ્યયન અનુભવો પૂરા પાડે છે.
- વિધાર્થીઓમાં ઇતિહાસ વિષય પરત્વે રુચિ અને જિજ્ઞાસા જાગ્રત કરે છે.

- અધ્યેતાને બુલેટિન બોર્ડ પર રજૂ કરવા માટેનાં ચિત્રો, આલેખો, પોસ્ટર્સ, નકશા, કાર્ટૂન, સૂત્રો, લેખો, સમાચારો, અહેવાલો એકત્ર કરવા, વર્ગીકૃત કરવા, વ્યવસ્થિત કરવા અને રજૂ કરવાની પ્રવૃત્તિ મળી રહે છે, પરિણામે તેમનામાં શોધ-ખોજ અને સંગ્રહવૃત્તિ કેળવાય છે.
- બુલેટિન બોર્ડના ઉપયોગથી માહિતી એકત્રીકરણ, અહેવાલ લેખન, નકશા દોરવા અને વાંચવા, સર્જનાત્મક લેખન, ચિત્રકામ વગેરે જેવાં કૌશલ્યો વિદ્યાર્થીઓમાં વિક્સે છે.
- વિદ્યાર્થીઓમાં આધુનિક વર્તમાન વૈશ્વિક, રાષ્ટ્રીય અને સ્થાનિક પ્રશ્નો-સમસ્યાઓ પરત્વે સભાનતા-સંવેદનશીલતા વિકસે છે.
- સમસ્યાઓ, પ્રશ્નોના નિરાકરણ - ઉકેલ માટે સક્રિય બને છે.
- અધ્યાપન-અધ્યયન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ સક્રિયતાથી સહભાગી બને છે અને શિક્ષણવ્યવહાર જીવંત બને છે. આ વિધાર્થીઓમાં કલા અને સૌંદર્યદ્રષ્ટિ વિકસે છે.
- બુલેટિન બોર્ડ શાળાની દીવાલને બોલતી કરે છે, જીવંત કરે છે. અધ્યાપનના વિવિધ તબક્કે ફળદાયી ઉપયોગ કરી શકાય છે.

## બુલેટિન બોર્ડના વિવિધ ઉપયોગો :

બુલેટિન બોર્ડનો સમગ્ર શાળાના સંદર્ભમાં અને વર્ગ અધ્યાપનના વિવિધ તબક્કે ફળદાયી ઉપયોગ કરી શકાય છે.

**શાળાના સંદર્ભમાં ઉપયોગ** :

ઇતિહાસના વિવિધ એકમોને લગતી વિવિધ પ્રકારની સામગ્રીને હેતુપૂર્ણ, વૈવિધ્યપૂર્ણ, નાવીન્યસભર, કલાત્મક અને આકર્ષક રીતે બુલેટિન બોર્ડ પર રજૂ કરી ઇતિહાસના વિષય પરત્વે સમગ્ર શાળાના વિદ્યાર્થીઓને અભિમુખ કરી શકાય અને વિષય પરત્વેની રુચિનો તેમનામાં વિકાસ કરી શકાય. શિક્ષકે આવી સામગ્રીની યાદી ધોરણ અને ઇતિહાસના એકમ અનુસાર તૈયાર રાખવી જોઈએ અને તે સામગ્રીની વિવિધ સ્થળેથી ખોજ કરી તેનો સંગ્રહ કરી રાખવો જોઈએ. વિદ્યાર્થીઓને પણ આવી સામગ્રી શોધી તેનો સંગ્રહ કરી રાખવા સૂચવવું જોઈએ. જરૂરિયાત અનુસાર એ સામગ્રી બુલેટિન બોર્ડ પર રજૂ કરી શકાય. વિદ્યાર્થીઓ હોંશે હોંશે પોતાના સંગ્રહનો ખજાનો શાળામાં લઈ આવશે અને બુલેટિન બોર્ડ પર રજૂ થતાં પોતે આનંદ અને ગૌરવ અનુભવશે. અન્ય વિદ્યાર્થીઓ બુલેટિન બોર્ડ પાસે મધમાખીની

જેમ દોડી આવશે અને રજૂ થયેલી સામગ્રી જોશે. તેનો અભ્યાસ કરશે અને જ્ઞાન સમૃદ્ધિની સાથે સંગ્રહ કરવાની પ્રેરણા મેળવશે.

**વર્ગ અધ્યાપનમાં બુલેટિન બોર્ડનો ઉપયોગ** :

વર્ગ અધ્યાપનકાર્યના વિવિધ તબક્કે ભિન્ન ભિન્ન હેતુથી બુલેટિન બોર્ડનો એક ઉત્તમ દશ્ય શૈક્ષણિક ઉપકરણ તરીકે નીચે પ્રમાણે ઉપયોગ કરી શકાય.

**એકમની પૂર્વતૈયારી (ભૂમિકા)ના તબક્કે** :

ધોરણ : 8 - 9ના ઇતિહાસના પાઠ્યપુસ્તકમાં રાષ્ટ્રીય આંદોલનો અંગે એકમ છે. આ એકમના અધ્યાપન-અધ્યયનની શરૂઆત કરતા પહેલાં વિવિધ આંદોલનોને લગતાં ચિત્રો, સૂત્રો, કારણો અને તેની અસરોને લગતાં ચિત્રો, સમાચારો, વગેરે બુલેટિન બોર્ડ પર રજૂ કરી તેને લગતા પ્રશ્નો પૂછી શકાય અથવા તેના પર આધારિત ચર્ચા ઉપાડી એકમ અંગે ભૂમિકા બાંધી શકાય.

**વિષયવસ્તુના વિકાસના તબક્કે** :

એકમની વિષયવસ્તુનું વિગતે નિરૂપણ કરતી વખતે એકમ સંબંધિત નકશા, ચિત્રો, આલેખ, ચાર્ટ વગેરે બુલેટિન બોર્ડ પર રજૂ કરી ચર્ચાને ઘનિષ્ટ બનાવી શકાય અને એકમના મુદ્દાઓની સમજ વિકસાવી તેનું સ્પષ્ટીકરણ કરી શકાય. દા.ત., આંદોલનોનાં કારણો અને તેની અરાર અંગે વિગતપૂર્ણ ચાર્ટ રજૂ કરી ઊંડાણપૂર્વક ચર્ચા કરી શકાય. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેનાં આંદોલનો દાંડીકૂચ અંગેનાં ચિત્રો, નકશાઓ, ભાષણોમાંથ – તારવેલાં અવતરણો કે સૂત્રો બુલેટિન બોર્ડ પર રજૂ કરી શકાય, સમયરેખ કે વંશાવલિ રજૂ કરી શકાય અને વિષયવસ્તુની ચર્ચા, પૂરક માહિત પ્રશ્નોત્તરી દ્વારા વિગતે છણાવટ કરી શકાય.

**અનુબંધ સાધવા માટે** :

ઇતિહાસનો વિષય વિવિધ વિષયો સાથે અનુબંધિત છે. દા. વિજ્ઞાન, સાહિત્ય, મનોવિજ્ઞાન, રાજનીતિશા વગેરે વિષયો સાથે ઇતિહાસ અનુબંધ છે. ઇતિહાસનો માનવજીવનનાં વિવિધ ક્ષેત્રો સાથે

સંબંધ ત વ્યાવહારિક જીવન સાથે પણ ઇતિહાસનો અનુબંધ છે. આ અંગે 'ઇતિહાસ અનુબંધ'ના પ્રકરણમાં વિગતે ચર્ચા કરી છે.' ઇતિહાસના એકમના સંદર્ભઅન્ય વિષયો સાથે જ્યાં અનુબંધ શક્ય હોય ત્યાં તેને અનુરૂપ તે વિષયની સામગ્રી ચિત્રો, આલેખ, પોસ્ટર, સૂત્રો, માહિતીલેખ, સિક્કા, ટિકિટો, ફોટોગ્રાફ્સ, કાવ્યો, જીવનચરિત્રોના અંશ સ્વરૂપે બુલેટિન બોર્ડ પર રજૂ કરી શકાય અને અનુબંધ જોડી શકાય.

**મૂલ્યાંકન અને સ્વાધ્યાય માટે** :

મૂલ્યાંકનના તબક્કે બુલેટિન બોર્ડનો રસપ્રદ રીતે ઉપયોગ કરી શકાય. દા.ત. કોઈ પ્રાકૃતિક કે ભૌગોલિક પ્રક્રિયાનાં ચિત્રોને બુલેટિન બોર્ડ પર ક્રમિક રીતે ગોઠવવા કહી શકાય, નકશામાં વિગતો દર્શાવવા અથવા તેમાંથી વિગતો શોધવા કહી શકાય, ચિત્રોનું વર્ણન કરવા કે તેનું અર્થઘટન કરવા કહી શકાય. ચિત્રોનું વર્ગીકરણ કરવા કહી શકાય. દા.ત. વિવિધ વ્યક્તિઓ શહીદો, સંતો, નેતાઓ વગેરેનાં ચિત્રો બુલેટિન બોર્ડ પર રજૂ કરી સંબંધિત પ્રદેશ દેશ કાર્ય સાથે જોડવા અથવા ચિત્ર નીચે પ્રદેશના નામ લખવા કે પ્રદેશના નામ નીચે સંબંધિત ચિત્રો પ્રદર્શિત કરવાનું કાર્ય સોંપી શકાય. એ જ રીતે આલેખ, કોઠાનું અર્થઘટન કરવા કહી શકાય. દાંડીકૂચના માર્ગના સ્થળો બતાવવા કહી શકાય

## ૪.૪. ફિલ્મો, વેબસાઇટ અને બ્લૉ સ

### ફિલ્મો

ઇતિહાસને જીવનમાં લાવે છે. જ્યારે ફિલ્મોનો ઉપયોગ શિક્ષણ સહાય તરીકે કરવામાં આવે છે, ખાસ કરીને જ્યારે તે ઇતિહાસના વર્ગોની વાત આવે છે, ત્યારે તે ખૂબ અસરકારક હોઈ શકે છે. તેઓ

વિદ્યાર્થીઓને શીખવવામાં આવતી તમામ ઘટનાઓને સરળતાથી સમજવા અને યાદ કરવામાં મદદ કરે છે. આ ફક્ત એક વસ્તુને કારણે છે; ફિલ્મો કલ્પના પરિબળને દૂર કરે છે જે ઐતિહાસિક ઘટનાઓના સૈદ્ધાંતિક અભ્યાસ સાથે આવે છે. જ્યાં ફિલ્મોનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યાં વિદ્યાર્થી શું થઈ રહ્યું છે તે જોઈ શકે છે, જ્યારે શીખવાનું સૈદ્ધાંતિક રીતે કરવામાં આવે છે તેના કરતાં તેમના માટે યાદ રાખવું વધુ સરળ બનાવે છે.

ટેક ડેવલપમેન્ટ દ્વારા લાવવામાં આવેલ વૈશ્વિક જોડાણે ફિલ્મ નિર્માણ ઉદ્યોગને ખૂબ જ નફાકારક બનાવ્યો છે. આનો અર્થ એ છે કે જેમ જેમ ફિલ્મોની માંગ વધે છે, તેટલી વધુ વિવિધતા અને શૈલીઓ બનાવવામાં આવે છે. તેથી, શિક્ષકો સરળતાથી એક મૂવી શોધી શકે છે જે કોઈપણ ઐતિહાસિક ઘટનાને અનુરૂપ છે જે દિવસના પાઠનો મુખ્ય વિષય છે.

## ફિલ્મોનો શિક્ષણમાં ઉપયોગ

- શિક્ષકોને તેમના વર્ગોમાં શૈક્ષણિક સાધનો તરીકે ઉપયોગ કરવા માટે વિવિધ ઐતિહાસિક ફિલ્મો મેળવવા ઉપરાંત, ઇન્ટરનેટ વિદ્યાર્થીઓને ઘણા મદદરૂપ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવામાં પણ મદદ કરે છે.
- ઓનલાઈન ગણિત સોલ્વર્સ સુધી પહોંચથી માંડીને ઉચ્ચ સ્તરની નિબંધ લેખન સેવાથી સસ્તું વહીવટ સુધી, ઈન્ટરનેટ તે બધું શક્ય બનાવે છે.
- કૉલેજના વિદ્યાર્થીઓ પર બોમ્બમારો કરવામાં આવતા વર્ક ઓવરલોડ સાથે, તે કોઈ રહસ્ય નથી કે કૉલેજના વિદ્યાર્થીઓને હંમેશા સોંપણી સહાયની જરૂર પડશે
- Grademiners.com આ હકીકત સમજે છે. આથી કંપની હંમેશા વિદ્યાર્થીઓને અદ્યતન શૈક્ષણિક લેખન સેવાઓનો લાભ લે છે. જ્યારે પણ તમે તેમની મદદ માટે જુઓ છો, ત્યારે હંમેશા ઉચ્ચ ગુણવત્તાની સેવાની અપેક્ષા રાખો.
- જ્યારે ફિલ્મોને શિક્ષણ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવે છે, ત્યારે તે પાઠને વધુ મનોરંજક બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ધ્યાનમાં રાખો કે મૂવી જોવા એ આપણા મનોરંજનના મુખ્ય સ્વરૂપોમાંનું એક બની ગયું છે.
- જ્યારે શિક્ષણના સાધનો તરીકે ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તેઓ વર્ગને વિદ્યાર્થીઓ માટે વધુ રસપ્રદ બનાવવા માટે બંધાયેલા છે કારણ કે તે હવે પાઠ કરતાં પસાર થવાનો સમય વધુ લાગે છે.

- સામાન્ય રીતે, શિક્ષણ સ્પેક્ટ્રમ મોટે ભાગે સૈદ્ધાંતિક હોય છે. આનો અર્થ એ છે કે વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક વિષયો સમજવામાં મદદ કરવા માટે રચાયેલ અનંત પ્રવચનોથી પરિચિત થવું પડશે. આ સિસ્ટમ અત્યંત એકવિધ હોઈ શકે છે,
- જે અભ્યાસની આ પદ્ધતિને કંટાળાજનક બનાવે છે. પ્રક્રિયામાં ફિલ્મોનો પરિચય શિક્ષણને વધુ ઉત્તેજક અને બદલામાં, વિદ્યાર્થીઓ માટે વધુ રસપ્રદ બનાવવામાં મદદ કરે છે.
- પરંપરાગત સૈદ્ધાંતિક શિક્ષણ નિરર્થક અને ઓટીટી વિદ્યાર્થીઓ માટે બિન-ભાવનાત્મક ઉત્તેજક પ્રવૃત્તિ લાગે છે. આનો અર્થ એ થયો કે આ વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રક્રિયામાં ભાગ લે તેવી શક્યતા ઓછી છે કારણ કે તેઓને પ્રવૃત્તિ પૂરતી સંલગ્ન લાગતી નથી.
- ફિલ્મો આ વિદ્યાર્થીઓને શીખવાની પ્રક્રિયામાં વધુ વ્યસ્ત રહેવામાં મદદ કરે છે કારણ કે તેઓ ફિલ્મોમાંના પાત્રોના ચહેરાના હાવભાવમાંથી ઘણી વધુ માહિતી મેળવી શકે છે, જે તેમને શીખવવામાં આવે છે તેમાં રસ લે છે અને જોડાય છે. તેથી, શિક્ષણ પ્રક્રિયાના ભાગ રૂપે ફિલ્મોનો ઉપયોગ શા માટે થવો જોઈએ તે બીજું કારણ છે.

## વેબસાઈટ :-

- વર્લ્ડ વાઈડ વેબ (WWW) નો એક સૂચનાત્મક સાધન તરીકે ઉપયોગ વેગ પકડી રહ્યો છે કારણ કે વધુ શિક્ષકો, પ્રશિક્ષકો અને પ્રશિક્ષકો તેને તેમના ભંડારમાં સામેલ કરે છે. એકસાથે જૂથબદ્ધ, કોઈપણ સૂચના કે જે કમ્પ્યુટરનો ઉપયોગ કરે છે તેને કમ્પ્યુટર આધારિત તાલીમ (CBT) કહેવામાં આવે છે, અને તે વ્યૂહરચનાઓ કે જે વેબને સૂચનાત્મક માહિતીના ભંડાર તરીકે ઉપયોગ કરે છે તે વેબ-આધારિત સૂચના (WBI) તરીકે ઓળખાય છે. ડબ્લ્યુબીઆઈને ડિસ્ટન્સ એજ્યુકેશન મોડલ અથવા શિક્ષકની આગેવાની હેઠળના વર્ગખંડોના સંલગ્ન તરીકે નિયુક્ત કરી શકાય છે.
- ખાસ કરીને, WBI નો ઉપયોગ વધુ વૈવિધ્યસભર વિદ્યાર્થી જૂથની જરૂરિયાતો પૂરી કરવા માટે થઈ શકે છે. લાક્ષણિક વર્ગોમાં વિવિધ ક્ષમતાઓ અને અગાઉનું જ્ઞાન ધરાવતા વિદ્યાર્થીઓનો

સમાવેશ થાય છે, અને WBI શિક્ષકને આ તફાવતોને દૂર કરવામાં મદદ કરી શકે છે. WBI વિદ્યાર્થીઓને વધુ આરામદાયક હોય તેવી ગતિએ કામ કરવાની પણ મંજૂરી આપે છે - કેટલાક વિદ્યાર્થીઓ તેમના સાથીદારો કરતાં વધુ ઝડપથી કામ કરે છે જ્યારે અન્ય વધુ સમય લેવા માંગે છે. વધુમાં, WBI નો ઉપયોગ એક જ સમયે એક જ વર્ગખંડમાં એકથી વધુ ગ્રેડ સ્તરોને સમાવવાની તક પૂરી પાડે છે.

- શિક્ષકના પરિપ્રેક્ષ્યમાં, SBI પેપર આધારિત સૂચનાઓ માટે જરૂરી કાગળના પ્રવાહને ઘટાડીને, સૂચનાત્મક સામગ્રીમાં ઝડપી અને સરળ પુનરાવર્તનની મંજૂરી આપીને અને સૂચનાત્મક સામગ્રી હંમેશા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ હોય તેની ખાતરી કરીને ઘણા દૈનિક સંચાલન કાર્યોમાં મદદ કરી શકે છે. વધુમાં, કારણ કે મોટાભાગની સૂચનાઓ વેબ દ્વારા વિતરિત કરવામાં આવે છે,
- વેબ-આધારિત સૂચનાનું વધારાનું બોનસ એ હકીકત છે કે તે વિદ્યાર્થીઓને "વર્ચ્યુઅલ શિક્ષક" ઓફર કરી શકે છે કારણ કે વિદ્યાર્થીઓ કોઈપણ સમયે, ગમે ત્યાંથી સૂચનાત્મક સામગ્રીને ઍક્સેસ કરી શકે છે. આનાથી વિદ્યાર્થીઓ કે જેઓ શાળાથી દૂર સૂચનાત્મક સામગ્રીને ઍક્સેસ કરવાની તક ગેરહાજર હતા, અને જ્યારે વિદ્યાર્થીઓનું સમયપત્રક ભરેલું હોય ત્યારે અભ્યાસક્રમમાં સમાવવાની શક્યતા પણ મળે છે.

## બ્લો સ :-

- કેથલીન મોરિસ દ્વારા માર્ચ 14, 2018 ના રોજ પોસ્ટ કરવામાં આવ્યું
- શૈક્ષણિક બ્લોગિંગના ઘણા ફાયદા છે. આ અપડેટેડ 2019 પોસ્ટ 18 કારણોને અનપૅક કરે છે કે શા માટે શિક્ષકો અથવા વિદ્યાર્થીઓ પાસે બ્લોગ હોવો જોઈએ. આ ફાયદાઓને મફત પીડીએફ પોસ્ટરમાં સારાંશ આપવામાં આવ્યા છે. 21મી સદીના વર્ગખંડમાં વિદ્યાર્થીઓને બ્લોગ શીખવવાના મહત્વ વિશે જાણો. કેથલીન મોરિસ
- મહેરબાની કરીને નોંધ કરો, આ પોસ્ટ છેલ્લે 2019 માં અપડેટ કરવામાં આવી હતી અને હું હવે આ વેબસાઇટને અપડેટ કરતો નથી.
- મેં પહેલીવાર બ્લોગિંગ શરૂ કર્યું તેને લગભગ 11 વર્ષ થઈ ગયા છે! કોણે વિચાર્યું હશે કે બ્લોગ શરૂ કરવાનો સરળ નિર્ણય મારા માટે, મારા વિદ્યાર્થીઓ માટે અને મારા સમુદાય માટે ઘણા અદ્ભુત પરિણામો તરફ દોરી જશે?

- 2008 માં હું બ્લોગિંગ વિશે બિલકુલ જાણતો ન હતો પરંતુ તેમ છતાં ગ્લોબલ2 પર બ્લોગ સેટ કરવાની તક ઝડપી લીધી. મારો વ્યાવસાયિક બ્લોગ સેટ કર્યા પછી, મેં એક વર્ગ બ્લોગની સ્થાપના કરી.
- મેં નિષ્કપટપણે વિચાર્યું કે ક્લાસ બ્લોગ રાખવાથી થોડી મજા આવશે અને કદાચ માતા-પિતા સાથે જોડાવાની સારી રીત હશે.
- મને બહુ ઓછી ખબર હતી કે વર્ગખંડ બ્લોગિંગ પ્રોગ્રામ સારી રીતે ચલાવવાથી ઘણા શૈક્ષણિક લાભો થઈ શકે છે.
- આ પોસ્ટ શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે બ્લોગિંગના 18 લાભો ખોલે છે. પરંતુ પ્રથમ, ચાલો અન્વેષણ કરીએ કે બ્લોગિંગ શા માટે ચાલ્યું જ્યારે અન્ય સાધનો આવ્યા અને ગયા.
- સાદું કારણ એ છે કે, બ્લોગ એક સાધન કરતાં વધુ છે. તે તમે ઇચ્છો તે કંઈપણ છે. બ્લોગ એ ખાલી કેનવાસ અને તમને ગમે તે રીતે સેટઅપ કરવા માટેનું વર્ચ્યુઅલ હોમ છે.
- બ્લોગ્સ ફક્ત વેબસાઇટ્સ છે. બ્લોગ અને પરંપરાગત વેબસાઇટ વચ્ચેનો એકમાત્ર વાસ્તવિક તફાવત એ છે કે તે સામાન્ય રીતે વધુ વારંવાર અપડેટ થાય છે અને સામાન્ય રીતે ટિપ્પણીઓના સ્વરૂપમાં ક્રિયાપ્રતિક્રિયા પ્રદાન કરે છે. શું વેબસાઇટ્સની સમાપ્તિ તારીખો છે?

## ૪.૫ શૈક્ષણિક સાધન તરીકે પાઠ પુસ્તક નો ઇતિહાસ શિક્ષણમાં ઉપયોગ અને આદર્શ પાઠ પુસ્તકના લક્ષણો

**પાઠ પુસ્તક :**

પાઠ્યપુસ્તક એ કોઈપણ વિષયના અધ્યાપન અને અધ્યયન માટેની મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી શૈક્ષણિક સામગ્રી છે. અભ્યાસક્રમની તલસ્પર્શી સમજ મેળવવા માટે પાઠ્યપુસ્તક સરળ, હાથવગું અને અસરકારક સાધન માધ્યમ છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકનો અનિવાર્યપણે અને સવિશેષ ઉપયોગ કરે છે.

માધ્યમિક શિક્ષણપંચે નીચેના શબ્દોમાં પાઠ્યપુસ્તકનું મહત્ત્વ સમજાવ્યું છે.

"A modern education system without text book is as difficult to imagine as Hamlet without the prince of Denmark, "

નિર્દિષ્ટ અભ્યાસક્રમને અનુલક્ષીને યોગ્ય સામગ્રી પસંદ કરી તે આયોજનબદ્ધ અને અનુક્રમિત રીતે રજૂ કરી પાઠ્યપુસ્તકની રચના કરાય છે. પાઠ્યપુસ્તકનો મૂળભૂત હેતુ તો જ્ઞાનપ્રદાનનો છે, પરંતુ એ જ્ઞાન દ્વારા અંતે તો વિદ્યાર્થીને એક ઉદાત્ત વિશ્વનાગરિકમાં પરિવર્તિત કરવાનો છે. પાઠ્યપુસ્તક અમૂલ્ય જ્ઞાનકુંભ છે. આથી જ પાઠ્યપુસ્તકને એક સુસજ્જ શિક્ષક અથવા “The teacher in print ' કહેવાય છે. શૈક્ષણિક કાર્યક્રમ અને હેતુઓ સફળતાપૂર્વક પાર પાડવા માટે પાઠ્યપુસ્તક નિઃશંકપણે અત્યંત ઉપયોગી અને આગવું સ્થાન ધરાવતી શૈક્ષણિક સામગ્રી છે.

ઇતિહાસના અધ્યાપન-અધ્યયન માટે તો પાઠ્યપુસ્તક સંદર્ભ સાહિત્ય બની ર છે. પ્રજાજીવનનાં પ્રતિબિંબને ઝીલતું ઇતિહાસનું પાઠ્યપુસ્તક માનવજાતિના સમૃદ્ધ સંસ્કાર વારસાનો પરિચય મેળવવા માટે મહત્ત્વનું શૈક્ષણિક સાધન છે.

## <u>ઇતિહાસ શિક્ષણમાં ઉપયોગ :</u>

આપણે ચર્ચા કરી છે એના આધારે કહી શકીએ કે પાઠ્યપુસ્તક અધ્યાપનકાર્ય માટે એક મહત્ત્વનું સાધન જરૂર છે. પરંતુ એ સાથે તો નથી જ. આથી શિક્ષકે એનો ઉપયોગ સાવપાનીપૂર્વક કરવો જોઈએ. પાઠ્યપુસ્તક એ માત્ર પરીક્ષણ અને મૂલ્યાંકન માટેનો આધારસ્તંભ નથી. આથી પાઠ્યપુસ્તકનો ફળદાયી ઉપયોગ કરવો હોય તો શિક્ષકે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે.

- શિક્ષક મૌખિક રીતે અધ્યાપનકાર્ય પૂર્ણ કરે પછી એકમના મુદાના દઢીકરણ માટે વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક સ્વતંત્ર રીતે વાંચવા પ્રેરાય એવી પ્રયુક્તિ સાથે ઇતિહાસના પાઠ્યપુસ્તકનો ઉપયોગ ફળદાયી નિવડે છે.
- શિક્ષક એકમનું અધ્યાપનકાર્ય કરે ત્યારે વિદ્યાર્થીઓને પણ એ એકમ અંગે કયા પાન પરથી માહિતી મળી રહેશે તે દર્શાવવું જોઈએ.
- શિક્ષકે અધ્યાપનકાર્ય કરતી વખતે એકમ પૂરતી સીમિત માહિતી આપવાનું વલણ નિહ રાખતાં, પૂરક માહિતી અને અધતન માહિતી પ્રદાન કરવું જોઈએ.

- પાઠ્યપુસ્તકમાંના એકમમાં રજૂ કરેલી જે વિગતને વિદ્યાર્થીઓ સ્વ સરળતાથી વાંચી શકે, અને સમજી શકે અને શીખી શકે તેવી હો તેવી વિગતનું અધ્યાપન કે પુનરાવર્તન કરવાની જરૂર રહેતી નથી શિક્ષકે એકમના કઠિન બિંદુ (Hard Sports) શોધી તેની સમ વિદ્યાર્થીઓ મેળવે એવા પ્રયાસો વધુ કરવા જોઈએ.
- શિક્ષકે ઇતિહાસના પાઠ્યપુસ્તકનો વ્યાપ અંગે ખ્યાલ મેળવી સંદર્ભ સાહિત્યનું વાંચન અને પોતાના અનુભવ અને ચિંતન પર આધારિત પોતાની રીતે વિષયવસ્તુને પુનઃ ગોઠવવું જોઈએ અને અદ્યતન માહિતી- ઘટનાનો પણ એમાં સમાવેશ કરી લેવો જોઈએ. આ રીતે સજ્જ થયેલા શિક્ષકની રજૂઆત વધુ અસરકારક અને ઉપકારક બની રહે છે.
- પાઠ્યપુસ્તકનો વર્ગખંડમાં જ વિનિયોગ કરી શકાય એવી ઘણી અધ્યયનપ્રદ તકો ક્ષણોનો અધ્યાપન દરમિયાન જ ઉપયોગ કરી લેવો જોઈએ. દા.ત., નિરીક્ષિત કે સ્વાધ્યાય પદ્ધતિનો ઉપયોગ કરવાનો હોય, નકશા, આકૃતિ, આલેખ, ચિત્રોનું વાચન કે અર્થઘટન કરવાનું હોય, તે દોરવાનાં હોય કે, તેના પર આધારિત પ્રશ્નોના ઉત્તર શોધવાના હોય, વા દષ્ટિગમ્ય સામગ્રીનું અવલોકન કરવાનું હોય, આ સામગ્રી દ્વારા વિષયવસ્તુની સ્પષ્ટતા મેળવવાની હોય ત્યારે પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરી શકાય - કરાવી શકાય.
- જો કોઈ બાબતની યાદી બનાવવી હોય, સમયરેખા દોરવી હોય, મહત્ત્વના મુદ્દાઓ તારવવા હોય, અવતરણ વાંચવાનું હોય, સંદર્ભ અથવા આધાર તરીકે કોઈ ફકરાનું વાચન કરી તેની ચર્ચા કરવાની હોય ત્યારે પણ પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરી શકાય

## આદર્શ પાઠ પુસ્તકના લક્ષણો

- શિક્ષકે પાઠ્યપુસ્તકમાંના વિષયવસ્તુના વ્યાપનું અવલોકન કરી સંદર્ભપુસ્તકોનું વાચન તથા પોતાના અનુભવ અને ચિંતનનું સંમિશ્રણ સાધી વિષયવસ્તુની પોતાની રીતે પુનઃ ગોઠવણી કરવી જોઈએ.
- પાઠ્યપુસ્તકમાં નિર્દિષ્ટ બિનજરૂરી વિગતોની ચર્ચા ટાળવી જોઈએ.
- પાઠ્યપુસ્તકમાં નિર્દિષ્ટ ભાષા કે લેખનશૈલીને સ્થાને પોતાની આગવી ભાષાશૈલીનો ઉપયોગ કરવો જોઈએ.

- પાઠ્યપુસ્તકમાં કદીક નજરે ચડતા વિગતદોષો કે મુદ્રણદોષોને યથાવત્ ન રાખતાં તેમાં જરૂરી સુધારો કરવો જોઈએ.
- અર્થશા શિક્ષણમાં શિક્ષકે વિવિધ અધ્યાપન પ્રયુક્તિઓ અજમાવતાં પાઠ્યપુસ્તકનો ઉપયોગ કરવો ઇષ્ટકર છે. ઉદાહરણ તરીકે નિરીક્ષિત અભ્યાસપદ્ધતિ કે સ્વાધ્યાય પદ્ધતિના ઉપયોગમાં, આકૃતિ કે અન્ય બુદ્ધિગમ્ય આલેખનોનાં અવલોકનોમાં, સમજમાં કે અર્થગ્રહણમાં, સંદર્ભ ફકરાઓના વાચનમાં પાઠ્યપુસ્તકનો ઉપયોગ સહેતુક અને યોજનાપૂર્વક કરવામાં આવે તો પાઠ્યપુસ્તક એક સુંદર પ્રવિધિ બની શકે,
- પાઠ્યપુસ્તકમાં નિર્દિષ્ટ બુદ્ધિગમ્ય આલેખનોનાં કાર્ડ્ઝ અથવા પૂંઠા પર મોટા સ્વરૂપે આલેખન સોંપાય તો સ્વયંનિર્મિત સાધનસર્જનનું કૌશલ્ય વિકસાવવાના આધાર તરીકે પાઠ્યપુસ્તક ઉપયોગી બની જાય છે.